પાના -૮, કિંમત રૂ.૨, તા. ૨૯-૦૭-૨૦૨૫- મંગળવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૦ ● અંક : ૨૦૦ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in pratapdarpan_official pratapdarpansrt@gmail.com pratapdarpan_official11

## પહેલગામ હુમલાના 3 આતંકી માર્યા ગયા છે : અમિત શાહ

### ઓપરેશન મહાદેવમાં સેનાએ સુલેમાન, ફૈઝલ અફઘાન અને જિબ્રાનને ઠાર માર્યા : કેન્દ્રીય ગૃહમંત્રી શાહનું સંસદમાં સંબોધન



નવી દિલ્હી, તા. ૨૯

ગૃહમંત્રી અમિતશાહનું સંબોધન કરી રહ્યા છે. ગૃહમંત્રી શાહે કહ્યું- પહેલગામમાં લોકોને તેમનો ધર્મ પુછીને પરિવારની સામે મારી નાખવામાં આવ્યા હતા. બૈસરન ઘાટીમાં ૨૬ લોકોની હત્યા કરનારા ત્રણેય આતંકવાદીઓ માર્યા ગયા.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું- પહેલગામમાં પાકિસ્તાન દ્વારા નિર્દોષ લોકોને માર્યા ગયા. ભારતે ઓપરેશન સિંદૂર માટે મંજુરી આપી અને સેનાએ પાકિસ્તાની ઠેકાણાઓને ઉડાવી દીધા, હું આનો જવાબ આપવા માટે ઉભો થયો છું. મંગળવારે, લોકસભામાં સતત બીજા દિવસે ઓપરેશન સિંદૂર પર ચર્ચા થઈ. વિપક્ષ વતી રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી અને અખિલેશ યાદવ પણ બોલશે.

મંગળવારે સવારે પણ વિપક્ષે સંસદના મકર દ્વારની બહાર વોટર વેરિફિકેશનના મુદ્દા પર વિરોધ પ્રદર્શન કર્યું હતું. વિપક્ષી સાંસદો હાથમાં પોસ્ટર લઈને સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરતા દેખાયા હતા. લોકસભામાં ઓપરેશન સિંદૂર પર ૧૬ કલાકની ચર્ચા ૨૮ જુલાઈના રોજ બપોરે ૨ વાગ્યાથી મોડી રાત્રે ૧૨:૫૨ વાગ્યા સુધી ચાલી હતી. લોકસભામાં રક્ષા મંત્રી રાજનાથ સિંહે ચર્ચા શરૂ કરી. વિપક્ષ વતી કોંગ્રેસના સાંસદ અને લોકસભામાં વિપક્ષના ડેપ્યુટી લીડર ગૌરવ ગોગોઈએ ચર્ચા શરૂ કરી હતી.

કેન્દ્ર તરફથી રાજનાથ સિંહ ઉપરાંત, વિદેશ મંત્રી એસ જયશંકર, ભાજપના સાંસદ બૈજયંત પાંડા, અનુરાગ ઠાકુર, જેડીયુ સાંસદ લલ્લન સિંહ સહિત ઘણા નેતાઓએ સરકારનો પક્ષ રજૂ કર્યો.

સીઝફાયર અંગેના અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના દાવાઓ પર, વિદેશ મંત્રીએ કહ્યું કે ૨૨ એપ્રિલથી ૧૭ જૂન સુધી ટ્રમ્પ અને પીએમ મોદી વચ્ચે કોઈ વાતચીત થઈ નથી. અમેરિકા સાથે ભારતના વેપાર પર પણ ચર્ચા થઈ નથી. વિપક્ષ તરફથી, કોંગ્રેસના સાંસદ ગૌરવ ગોગોઈ, દીપેન્દ્ર હુડા, પ્રણિતી શિંદે, એનસીપી (એસપી) સાંસદ સુપ્રિયા સુલે, ટીએમસી સાંસદ કલ્યાણ બેનર્જી અને એઆઈએમઆઈએમના વડા અસદુદ્દીન ઓવૈસી સહિત અનેક નેતાઓએ સરકારને ઘેરાવ કર્યો હતો. ગોગોઈએ કહ્યું- અમેરિકન રાષ્ટ્રપતિએ ૨૬ વાર કહ્યું છે કે તેમણે યુદ્ધ રોક્યું. પીએમ મોદીને કહો, જો પાકિસ્તાન ઘૂંટણિયે પડવા તૈયાર હતું, તો તમે કોની સમક્ષ સરેન્ડર કર્યું?

શાહે સંસદમાં કહ્યું- જ્યારે આતંકવાદીઓના મૃતદેહો શ્રીનગર આવ્યા, ત્યારે તેમની ઓળખ કરાવાઈ. ત્રણ લોકોએ તેમને ઓળખી કાઢ્યા. અમે

અનુસંધાન પાના ૭ પર

### લોકસભામાં ઓપરેશન સિંદુર પર બીજા દિવસે ચર્ચા

## હિમાચલ ફરી વાદળ ફાટતા મેઘ તાંડવમાં 3 લોકોનાં મોત

### ઠેર-ઠેર ભૂસ્ખલન સર્જાતા ૫૦ થી વધુ વાહનો દટાયા



સિમલા, તા. ૨૯

હિમાચલ પ્રદેશ જેવા ઉતર ભારતનાં રાજયોમાં મેઘકહેર યથાવત જ રહે. રાજયમા મંડી જીલ્લામાં ફરી અનરાધાર વરસાદ વચ્ચે વાદળ ફાટવાની ઘટના સર્જાતા ત્રણ લોકોના મોત થયા હતા. ઠેકઠેકાણે ભુસ્ખલન થતા ૫૦ થી વધુ વાહનો દબાઈ ગયા હતા. અનેક માર્ગો બંધ થવા સાથે વ્યાપક નુકશાની થઈ હતી. હિમાચલ પ્રદેશના મંડી જીલ્લામાં આજે સવારે ફરી વખત વાદળ ફાટવાને પગલે અનરાધાર વરસાદથી તબાહી સર્જાઈ હતી. ભૂસ્ખલન તથા કાટમાળના ઢગલાથી જીવન વ્યવહાર ખોરવાયો હતો એક વાહન બચાવવાનાં પ્રયાસમાં એક જ પરિવારનાં ત્રણ લોકોનાં મોત નીપજયા હતા. સમગ્ર પંથકમાં ભારે તારાજી સર્જાઈ હતી. મંડી શહેરમાં પાણીની સાથે કાટમાળ પણ તણાઈને આવતા અનેક લોકોએ સુરક્ષીત સ્થળોએ સ્થળાંતર કરવુ પડયુ હતું. ૫૦ જેટલા વાહનો તેમાં તણાઈ ગયા હતા. સ્થાનિક લોકોનાં કહેવા પ્રમાણે જીંદગીમાં કયારેય જોવા મળ્યા નથી. સમગ્ર માર્ગો કાટમાળ હેઠળ દટાઈ ગયા હતા. કેટલાંક લોકો પણ દબાયા હોવાની શંકા પછી બચાવ-રાહત કામગીરી હાથ ધરવામાં આવી હતી.

## મહિલા દર્દીને બેહોશ કરી કમ્પાઉન્ડરે કરેલો બળાત્કાર

### ઉત્તર પ્રદેશના બલરામપુરની પ્રાઈવેટ હોસ્પિટલમાં ચોંકાવનારી ઘટના

નવી દિલ્હી, તા. ૨૯

ઉત્તર પ્રદેશના બલરામપુરમાં એક પ્રાઈવેટ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ થયેલી મહિલાને બેહોશીનું ઈન્જેક્શન આપીને તેના પર હોસ્પિટલના કમ્પાઉન્ડર યોગેશ પાંડેએ બળાત્કાર કર્યો હોવાની ચોંકાવનારી ઘટના બની છે.

૨૬ જુલાઈએ વહેલી સવારે ૪ વાગ્યે ઈન્ટેન્સિવ કેર યુનિટ (ICU)ના બેડ પર હોસ્પિટલના કર્મચારી યોગેશ પાંડેએ સારવારના બહાને મહિલાને એનેસ્થેસિયાનું ઈન્જેક્શન આપ્યું હતું અને એને કારણે મહિલા બેભાન થઈ ગઈ એ પછી આરોપીએ તેના પર બળાત્કાર કર્યો હતો.

ભાનમાં આવ્યા બાદ મહિલાએ પરિવારને ઘટનાની જાણ કરી હતી અને પોલીસમાં ફરિયાદ કરતાં યોગેશની ધરપકડ કરવામાં આવી હતી. પૂછપરછ દરમ્યાન આરોપીએ જણાવ્યું હતું કે નાઈટ-શિફ્ટમાં ફરજ દરમ્યાન તેણે અન્ય દરદીઓ અને તેમનાં સગાંસંબંધીઓને ઈમર્જન્સી

અનુસંધાન પાના ૭ પર

## અમેરિકામાં ૪૪ માળની બિલ્ડિંગમાં અંધાધુંધ ગોળીબારમાં છનાં મોત

નવી દિલ્હી, તા. ૨૯

અમેરિકામાં ગન કલ્ચરનાં ભયાનક પરિણામોનો વધુ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. બ્લેકસ્ટોન કેપીએમજી, નેશનલ ફૂટબોલ લીગ જેવી વિખ્યાત કંપનીઓની ઓફીસ ધરાવતાં ૪૪ માળની મેનહટનની ઈમારતમાં ૨૭ વર્ષિય બંદુકધારીઓ અંધાધુંધ ગોળીબાર કરતા એક પોલીસ અધિકારી સહીત ૬ના મોત થયા હતા અને અનેક ઘાયલ થયા હતા. ગનમેને પોતે પણ ગોળીથી આપઘાત કરી લીધો હતો.

મેનહટનની ગગનચુંબી ઈમારતમાં સાંજે ૬-૩૦ વાગ્યે રેશ અવર્સ દરમ્યાન જ હાથમાં રાયફલ સાથે ૨૭ વર્ષિય યુવક ઘુસ્યો હતો અને અંધાધુંધ ગોળીબાર શરૂ કરી દીધો હતો

અનુસંધાન પાના ૭ પર

## લંડનના મેયર સાદિક ખાનને ધૃણાસ્પદ વ્યક્તિ ઠેરવતા ટ્રમ્પ

### બ્રિટીશ વડાપ્રદાન કીર સ્ટારમરે કહ્યું - સાદિક ખાન મારા મિત્ર છે

નવી દિલ્હી, તા. ૨૯

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એકવાર લંડનના મેયર સાદિક ખાન પર હુમલો કર્યો છે. સ્કોટલેન્ડમાં બ્રિટિશ વડાપ્રધાન કીર સ્ટારમર સાથે એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન ટ્રમ્પે ખાનને ખરાબ વ્યક્તિ ગણાવ્યા અને તેમના કામની ટીકા કરી હતી.

જયારે એક પત્રકારે ટ્રમ્પને પૂછ્યું કે શું તેઓ સપ્ટેમ્બરમાં તેમની રાજ્ય મુલાકાત દરમિયાન લંડનની મુલાકાત લેશે, ત્યારે તેમણે કહ્યું

તેમના નિવેદન પર, બ્રિટિશ વડાપ્રધાન કીર સ્ટારમરે તરત જ કહ્યું કે તેઓ (સાદિક ખાન) મારા મિત્ર છે. જોકે, ટ્રમ્પ તેમના નિવેદન પર અડગ રહ્યા અને પુનરોચ્ચાર કર્યો કે તેમણે ખૂબ જ ખરાબ કામ કર્યું છે. પરંતુ હું ચોક્કસ લંડન આવીશ.

આ પહેલીવાર નથી જયારે ટ્રમ્પે સાદિક ખાન પર હુમલો કર્યો હોય. ૨૦૧૯માં પણ તેમણે ખાનને નિષ્ફળ ગણાવ્યા હતા અને લંડનમાં ગુનાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવાની સલાહ આપી હતી. ટ્રમ્પ તે સમયે બ્રિટનની રાજ્ય મુલાકાત

અનુસંધાન પાના ૭ પર

## ઝારખંડ ખાતે કાવડયાત્રી બસને નડેલો ભીષણ અકસ્માત : ૧૮ કાવડીયાનાં મોત

### સત્તાવાર મૃત્યુંઆક પાંચ : કુલ ૧૮ કાવડીયાઓના મોત થયા હોવાનો સાંસદ નિશીકાંત દુબેનો દાવો

દેવઘર, તા. ૨૯

ઝારખંડમાં શ્રાવણ માસમાં બાબા બૈદ્યનાથ ધામમાં ચાલી રહેલી કાંવડ યાત્રા દરમિયાન કાંવડિયાઓથી ભરેલી એક બસ અને એક ટ્રક વચ્ચે જોરદાર ટક્કર થવાથી પાંચ કાંવડિયાઓના દર્દનાક મોત થયા હતા. જયારે અનેક કાંવડિયા ઘાયલ થયા હતા. જયારે ભાજપના સાંસદ નિશીકાંત દુબેએ ૧૮ કાંવડિયાના મોત થયાનું ટવીટમાં જાહેર કર્યું છે.

દેવઘર-વાસુકીનાથ મુખ્ય પથ પર આવેલ જમુનિયા ચોક પાસે કાંવડિયાઓથી ભરેલી એક બસ અને ગેસ સિલિન્ડર ભરીને જતા ટ્રક વચ્ચે આજે સવારે ભીષણ ટક્કર થઈ હતી. મોત અંગે સતાવાર આંકડો પાંચનો જાહેર થયો છે. જયારે ભાજપના સાંસદ નિશિકાંત દુબેએ ૧૮ કાંવડિયોના મોત થયાનું ટવીટમાં જાહેર કર્યું છે. સાંસદ નિશીકાંત દુબેએ વધુમાં ટવીટ કર્યું છે કે, મારા લોકસભા વિસ્તારમાં દેવઘરમાં શ્રાવણ માસમાં કાંવડ યાત્રા દરમિયાન બસ અને ટ્રક દુર્ઘટનાગ્રસ્ત થતા ૧૮ કાંવડિયાઓના મોત થયા છે. બાબા બૈદ્યનાથજી તેમના પરિવારોને આ દુઃખ સહન કરવાની શક્તિ આપે. અકસ્માતની જાણ થતા જ સ્થાનિક વહીવટી તંત્ર, પોલીસ અને એમ્બ્યુલન્સની ટીમ ઘટનાસ્થળે પહોંચી

અનુસંધાન પાના ૭ પર



## રાજકોટ- અમદાવાદ સિક્સ લેન હાઈવેનો મુદ્દો સંસદમાં ગુજયો

### 3 વર્ષના પ્રોજેક્ટને ૮ વર્ષ થયા છતાં એકેય ભાગમાં કામ પૂર્ણ થયુ નથી

નવી દિલ્હી, તા. ૨૯

રાજકોટ-અમદાવાદ વચ્ચેનાં મહત્વાકાંક્ષી સિક્સ-લેન હાઈવે પ્રોજેકટમાં પાંચમાંથી એક પણ ભાગમાં કામ સંપૂર્ણ પૂર્ણ થયુ ન હોવાનો સ્વીકાર કેન્દ્રીય પરિવહન મંત્રી નીતિન ગડકરીએ સંસદમાં કર્યો હતો. રાજકોટથી બામણબોર તથા બામણબોર-સાયલાના બે ભાગોમાં તો પુલ-બ્રિજ-ફલાય ઓવરના કામ બાકી છે. જયારે અન્ય ત્રણ ભાગોમાં સર્વીસ રોડ-જંકશનના કામો બાકી છે. રૂા.૨૧૦૦ કરોડના અંદાજીત ખર્ચ સાથે મહત્વાકાંક્ષી પ્રોજેકટને ૨૦૨૦ માં પૂર્ણ કરવાનો હતો. પરંતુ આઠ વર્ષે પણ તેનું કામ પૂર્ણ થયુ નથી તે સરકારની ગતિશિલતાના દાવા પર સવાલ સર્જે છે.

કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ આજે ગુજરાત સરકાર દ્વારા વિકસાવવામાં આવી રહેલા અમદાવાદ-રાજકોટ છ-લેન હાઈવે પ્રોજેક્ટની પ્રગતિ અંગે અપડેટ શેર કર્યું હતું. રાજ્ય સરકાર દ્વારા પૂરી પાડવામાં આવેલી વિગતો અનુસાર, હાઈવેનો નોંધપાત્ર ભાગ પૂર્ણ થઈ ગયો છે, જ્યારે કેટલાક ભાગો બાંધકામ હેઠળ છે.

સંસદના ચાલુ ચોમાસા સત્ર દરમિયાન એક પ્રશ્નના જવાબમાં, ગડકરીએ જણાવ્યું હતું કે પાંચ મુખ્ય વિભાગોમાં વહેંચાયેલો આ પ્રોજેક્ટ ૧૯૦ કિલોમીટરથી વધુનો વિસ્તાર આવરી લે છે.

અમદાવાદથી બગોદરા સુધીના પહેલા ૪૦ કિલોમીટરના ભાગમાં, મુખ્ય કેરેજવે પૂર્ણ થઈ ગયો છે, અને હાલમાં સર્વિસ રોડ પર કામ ચાલી રહ્યું છે. તેવી જ રીતે, બગોદરાથી લીંબડી સુધીના ૪૩ કિલોમીટરના ભાગમાં, મુખ્ય કેરેજવે પૂર્ણ થઈ ગયો છે, અને સર્વિસ રોડનું બાંધકામ ચાલુ છે.

વધુમાં, લીંબડી અને સાયલા વચ્ચેના ૩૮.૯૫ કિમી લાંબા ભાગમાં, મુખ્ય કેરેજવે પૂર્ણ થઈ ગયો છે, જેમાં સર્વિસ રોડ અને જંકશન સુધારણા પર વિવિધ

અનુસંધાન પાના ૭ પર

## આંદામાન નિકોબાર ટાપુઓમાં ૬.૨ની તિવ્રતા ધરાવતો ભૂકંપ

### મધ્યરાત્રીએ શક્તિશાળી ભૂકંપમાં કોઈ જાન હાની થઈ નથી

નવી દિલ્હી, તા. ૨૯

સોમવાર-મંગળવારની મોડી રાત્રે આંદામાન અને નિકોબાર ટાપુઓમાં ભૂકંપના જોરદાર આંચકા અનુભવાયા હતા. સોમવારે રાત્રે ૧૨:૧૧ વાગ્યે આંદામાન અને નિકોબારમાં ભૂકંપના જોરદાર આંચકા અનુભવાયા હતા. નેશનલ સેન્ટર ઓફ સિસ્મોલોજી અનુસાર, ભૂકંપનું કેન્દ્ર બંગાળની ખાડીમાં સમુદ્રની સપાટીથી ૧૦ કિલોમીટર નીચે હતું.

સમાચાર એજન્સી રોઈટર્સે પણ જર્મન રિસર્ચ સેન્ટર ફોર જીઓસાયન્સ (GFZ)ને ટાંકીને જણાવ્યું હતું કે આંદામાન-નિકોબાર ટાપુઓ આવેલા આ ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૬.૨ નોંધાઈ હતી. જયારે ધરતીકંપનું કેન્દ્રબિંદુ ૧૦ કિમી ઊંડાઈએ રહ્યું હોવાનું પણ GFZએ નોંધ્યું છે.

જો કે હાલ આ ભૂકંપથી કોઈ જાનહાનિ કે નુકસાનના અહેવાલો મળ્યા નથી.

ભૂકંપ જેવી આપત્તિઓ દરમિયાન તૈયારીઓની સમીક્ષા કરવા માટે, દિલ્હી, હરિયાણા અને ઉત્તર પ્રદેશે રાષ્ટ્રીય રાજધાની

અનુસંધાન પાના ૭ પર

## ચીનમાં પુર અને ભુસ્ખલનમાં 3૪નાં મોત : ૮૦ હજારને રેસ્કયુ કરાયા

### બુલડોઝર વડે લોકોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા

નવી દિલ્હી, તા. ૨૯

ચીનની રાજધાની બેઈજિંગ અને આસપાસના વિસ્તારોમાં ભારે વરસાદ અને પૂરને કારણે અત્યાર સુધીમાં ૩૪ લોકોના મોત થયા છે.

સરકારી ટીવી ચેનલ CCTV મુજબ, બેઈજિંગના મિયુન જિલ્લામાં ૨૮ અને યાનકિંગ જિલ્લામાં ૨ લોકોના મોત થયા છે. આ બંને વિસ્તારો શહેરની બહાર આવેલા છે. પૂરને કારણે બેઈજિંગમાંથી ૮૦ હજારથી વધુ લોકોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા છે. તેમાંથી લગભગ ૧૭ હજાર લોકો મિયુન જિલ્લામાંથી છે. સતત વરસાદને કારણે, મંગળવાર સવાર સુધીમાં બેઈજિંગના કેટલાક ભાગોમાં ૩૦ સેન્ટિમીટર સુધી પાણી ભરાઈ જવાની ધારણા હતી.

સોમવારે બેઈજિંગ નજીક હેબેઈ પ્રાંતના લુઆનપિંગ કાઉન્ટીમાં ભૂસ્ખલન થયું. ૪ લોકોના મોત થયા અને ૮ લોકો ગુમ થયા. સ્થાનિક લોકોએ જણાવ્યું કે આ વિસ્તારમાં નેટવર્ક ઠપ્પ થઈ ગયું છે અને સંદેશાવ્યવહાર મુશ્કેલ બની ગયો છે.

બેઈજિંગ વહીવટીતંત્રે સોમવારે રાત્રે ૮ વાગ્યે ઉચ્ચ સ્તરીય ઈમરજન્સી રિસ્પોન્સ જારી કર્યો. આ અંતર્ગત, બધી સ્કૂલો બંધ કરી દેવામાં આવી છે. બાંધકામ કાર્ય અને બહારની પ્રવૃત્તિઓ પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. ચીન સરકારે હેબેઈ પ્રાંતને ૫૦ મિલિયન યુઆન ઈમરજન્સી સહાય મોકલી છે. ચેંગદે, બાઓડિંગ અને ઝાંગજિયાકોઉ જેવા અસરગ્રસ્ત શહેરોમાં રાહત કામગીરી હાથ ધરવા માટે કેન્દ્રીય ટીમો પણ રવાના કરવામાં આવી છે. આ પહેલા, મિયુન જિલ્લામાં એક મુખ્ય જળાશયનું જળસ્તર ૧૯૫૯માં તેના નિર્માણ પછીના હાઈસ્તરે પહોંચી ગયું હતું. આ પછી, વહીવટીતંત્રે તેમાંથી પાણી છોડવાનો નિર્ણય લીધો. નીચાણવાળા વિસ્તારોમાં નદી કિનારે રહેતા લોકોને સતર્ક રહેવાની સૂચના આપવામાં આવી છે.



# નગર પ્રા. શાળાના બાળકોને દુધ તથા નોટબુકનું વિતરણ કરાયું

**શ્રાવણ માસમાં અભિષેકથી શિવ કાર્યક્રમ યોજાયો**

સુરત, તા.૨૯

સુરતના વિદ્યાર્થીઓને ફ્લેવર્ડ દૂધ અને નોટબુકનું વિતરણ. એલાયન્સ ક્લબ ઈન્ટરનેશનલ ડિસ્ટ્રિક્ટ ૧૪૧ દ્વારા વેડ રોડ રૂપાલ સોસાયટી ખાતે આવેલી મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત મહર્ષિ વિશ્વામિત્ર મિશ્રા પ્રાથમિક શાળા નંબર ૧૩૧ માં હિન્દી માધ્યમમાં અભ્યાસ કરતા ૭૦૦ થી વધુ વિદ્યાર્થીઓને જોમ ફ્લેવર્ડ દૂધ અને નોટબુકનું વિતરણ કરવામાં આવ્યો છે . સોમવારે સવારે શાળામાં આયોજિત થઈ સેવાભાવી કાર્ય વિશે માહિતી આપતા બિહાર વિકાસ મંડળના પ્રમુખ અને ગરીબોની સેવામાં રોકાયેલા પ્રભુનાથ પ્રસાદ યાદવે જણાવ્યું હતું કે મુખ્ય અતિથિ એસીપી આરઆર આહિરના કોર્પોરેટર શ્રી મતી સુવર્ણા જાદવ એલાયન્સના પ્રમુખ અલય જગદીશ મહેતા, અલય વનિતા મહેતા, ભૂપેન્દ્ર ચાયવાલા, પ્રભૂનાંથ પ્રસાદ યાદવઅતિથિવિશેષ તરીકે તત્કાલીન ભૂતપૂર્વ પ્રમુખ એલાય કમલેશ ગાંધી ઉપસ્થિત રહ્યાં હતાં..તથા અશોક મહેતા.ચંદ્રેશ મહેતા, અશ્વિન શેઠ, કામિની શેઠ દીનાનાથ ચોરસીયા, રાજીવ શાહ, સમશેરસિંહ કાર્યક્રમને સફળ બનાવવામાં જહેમત ઉઠાવી હતી... જોમ ફ્લેવર્ડ દૂધ અને નોટબુકનું વિતરણ વિભિન્ન સમાજ અગ્રેની ના શુભ હસ્તે વિદ્યાર્થીઓને દૂધ અને નોટ બુકે અર્પણ કરવામાં આવ્યું હતુ.

# ચીખલી-વાપી નેશનલ હાઈવે બિસ્માર



**ચીખલી થી વાપી જતા, ને. હા. નં-૮ પર ઠેર-ઠેર વરસાદી ખાડાની વણઝાર-ગંભીર અકસ્માત થવાની સંભાવના-પ્રતાપ દપેણ સમાચાર તા-૨૭-૭-૨૫, ચીખલી થી વાપી જતા નેશનલ હાઈવે નંબર-૮ પર ઠેર-ઠેર, ખાડા ને ખાબોચિયાં થઇ ગયા છે. જેથી ગંભીર અકસ્માતો થવાની સંભાવના દેખાય આવે છે, જો પ્રશાસન દ્વારા આ ખાડા પુરવામા ના આવે કે રસ્તા ની મરમ્મત ના કરવામાં આવે તો કોઈ નો વહાલ સોયો અકસ્માત મા હોમાય જાય તો નવાઈ નહી.આ બાબતે જવાબદાર તંત્ર દ્વારા તાત્કાલિક પગલાં લેવા જરૂરી છે.**

# અંકલેશ્વર ખાતે તબક્કાવાર ગ્રીન ફિલ્ડ એરપોર્ટનો વિકાસ

**પાંચમો સૌથી લાંબો રનવે રૂા.૧૦૫ કરોડમાં તૈયાર**

અંકલેશ્વર, તા.૨૯

અંકલેશ્વર ખાતે તબક્કાવાર રીતે ગ્રીનફિલ્ડ એરપોર્ટ બનાવવામાં આવી રહ્યું છે. ગુજરાત સરકારના માર્ગ અને મકાન વિભાગના જણાવ્યા અનુસાર, નવીનતમ સફળતામાં એરસ્ટ્રીપનો વિકાસ પૂર્ણ થયો છે. રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૪૮ ને અડીને આશરે ?૧૦૫ કરોડના ખર્ચે બનેલ આ એરસ્ટ્રીપ ૨૧૩૫ મીટર લંબાઈ અને ૪૫ મીટર પહોળાઈ ધરાવે છે. જે ગુજરાતની પાંચમી સૌથી લાંબી એરસ્ટ્રીપ બની ગઈ છે. આગામી બીજા તબક્કામાં એર ટ્રાફિક કંટ્રોલ છ્ઝ ટાવર સહિત આવશ્યક માળખાકીય સુવિધાઓ વિકસાવવામાં આવશે. શરૂઆતમાં એરસ્ટ્રીપ નાના પેસેન્જર એરક્રાફ્ટ અને કાર્ગો ફ્લાઈટ્સને હેન્ડલ કરવા માટે સજ્જ કરવામાં આવશે. અમરતપુરા ગામ નજીક એરસ્ટ્રીપ પર કામનો પ્રથમ તબક્કો લગભગ

અનુસંધાન પાના ૭ પર

# ગટ્ટુ વિદ્યાલયમાં વૃક્ષારોપણ સાથે મહેંદી સ્પર્ધા યોજાઈ

અંકલેશ્વર, તા.૨૯

અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીયલ ડેવલોપમેન્ટ સોસાયટી સંચાલિત શ્રી ગટ્ટુ વિદ્યાલયના ઝમ્જીઈ તથા ય્જીઈમ્ વિભાગમાં તા. ૨૮ જુલાઈ, ૨૦૨૫ના રોજ હરિયાળી તીજ અને શ્રાવણ માસના પ્રથમ સોમવાર નિમિત્તે પર્યાવરણ અને સંસ્કૃતિને ઉજાગર કરતા વિવિધ કાર્યક્રમો યોજાયા. મધર્સ ક્લબના સહયોગથી મહેંદી સ્પર્ધા અને "એક પેડ મા કે નામ" અંતર્ગત લીમડાના છોડનું વૃક્ષારોપણ કરવામાં આવ્યું. મહેંદી સ્પર્ધામાં વાલીમિત્રોએ ઉત્સાહભેર ભાગ લઈ સુંદર રચનાઓ દ્વારા પોતાની સર્જનાત્મકતા રજૂ કરી. વૃક્ષારોપણ અને વાલીઓની સક્રિય ભાગીદારી શિક્ષકો તથા વિદ્યાર્થીઓ માટે પ્રેરણાદાયી સાબિત થઈ હતી.



# તાપી જિલ્લામાં ટ્રાયબલ યુનિ. શરૂ કરવા સંસદમાં માંગણી

**યુનિવર્સિટી અથવા તો ટ્રાયબલ યુનિ. સેન્ટર શરૂ કરવા રજૂઆત કરતા સાંસદ પ્રભુભાઈ વસાવા**

સુરત, તા.૨૯

લોકસભા સંસદીય કામગીરી દરમિયાન બારડોલી લોકસભાના સાંસદ શ્રી પ્રભુભાઈ વસાવાએ તાપી જિલ્લામાં ટ્રાયબલ યુનિવર્સિટી અથવા ટ્રાયબલ યુનિવર્સિટી સેન્ટર શરૂ કરવાની કેન્દ્રીય શિક્ષણ મંત્રી સમક્ષ રજૂઆત કરી હતી. તેમણે જણાવ્યું કે, બારડોલી લોકસભા મતવિસ્તાર ખૂબ મોટો છે. તાપી જિલ્લાના મોટાભાગના વિસ્તારમાં અનુસુચિત જનજાતિના ગ્રામીણ પરિવારો વસવાટ કરે છે. તાપી જિલ્લામાં ઊકાઈ ડેમ સહિત તાપી, અંબિકા અને પૂર્ણા જેવી નદીઓ વહેતી હોવાથી ઘણા ગામો નદીનાં કાંઠે વસેલા છે અને આ વિસ્તાર મહારાષ્ટ્ર બોર્ડર સાથે પણ જોડાયેલો છે. અહીં જંગલ વિસ્તાર અને આદિવાસી સમાજની વસતિ વધુ છે. તાપી જિલ્લામાં વસતા આદિવાસી સમુદાયની વસ્તી લગભગ ૮૦ થી ૮૪ ટકા છે. સાંસદશ્રીએ વધુમાં કહ્યું કે, તાપી જિલ્લામાં યુનિવર્સિટી ન હોવાથી અહીંના મેધાવી વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે દૂરના શહેરોમાં જવું પડે છે. આથી, શિક્ષણમંત્રીશ્રી સમક્ષ તાપી જિલ્લામાં એક સંપૂર્ણ ટ્રાયબલ યુનિવર્સિટી અથવા ટ્રાયબલ યુનિવર્સિટી સેન્ટર શરૂ કરવાની રજુઆત કરી હતી.





# ઔદિચ્ય તળાજીયા બ્રાહ્મણ જ્ઞાતિનો સ્નેહ મિલન સમારંભ

**તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામો આપી પ્રોત્સાહિત કરાયા**

સુરત, તા.૨૯

ઔદિચ્ય તળાજીયા બ્રાહ્મણ જ્ઞાતિ મંડળ, સુરતના ટીમ ભવાની, સુરત દ્વારા આયોજિત દ. ગુજરાતના જ્ઞાતિજનોનો બળેવ સ્નેહમિલન અને ઈનામ વિતરણ કાર્યક્રમ આજરોજ ખૂબ જ ઉત્સાહપૂર્વક સુપેરે સંપન્ન થયો. કાર્યક્રમમાં કુળદેવી શ્રી તુલજાભવાની માતાજીની આરતી, હનુમાન ચાલીસાનો પાઠ, મંચસ્થ અતિથિ જ્ઞાતિવ્યવસ્થાપક સમિતિ, તળાજાનું પુષ્પગુચ્છથી સ્વાગત તથા ઈનામ વિતરણના દાતાશ્રીઓનું પ્રમાણપત્ર આપીને સન્માન કરવામાં આવ્યું હતું. વ્યવસ્થાપક સમિતિ, તળાજા તરફથી ઉપપ્રમુખ શ્રી કૌશિકભાઈ ભટ્ટ તથા પ્રમુખશ્રી હિતેશભાઈ ભટ્ટ દ્વારા સુવર્ણ કળશ યોજના, સંગઠન અને એકતા તથા દરેક ક્ષેત્રે અનુભવી જ્ઞાતિબંધુઓ આગળ આવીને કમિટીને સહકાર આપવાનો સંદેશ અપાયો. ઈનામ વિતરણ બાદ હાજર જ્ઞાતિજનો દ્વારા સૂચનો, રજૂઆતો થઈ અને ત્યારબાદ સૌએ એક સૂરમાં રાષ્ટ્રગાન કરીને સ્વરૂચિ ભોજનનો આનંદ લીધો હતો.




# ઓલપાડ કોલેજમાં એન.ડી. આર.એફ દ્વારા આપત્તિ વ્યવસ્થાપન શિબિર યોજાઈ

**આપત્તિ સમયે બચાવ કામગીરીનું નિર્દશન કરાયું**

સુરત, તા.૨૯

શ્રી સુરત જિલ્લા સહકારી બેંક કોમર્સ કોલેજ અને શ્રી સાયણ સહકારી ખાંડ ઉદ્યોગ આર્ટસ કોલેજ ઓલપાડ ખાતે આજે તારીખ ૨૫ જુલાઈ ૨૦૨૫ના રોજ 6BN NDRD વડોદરા બટાલીયન દ્વારા ઓલપાડ યુનિટના ઈન્સ્પેક્ટર રાજેન્દ્ર પ્રસાદ ભાટીના માર્ગદર્શનમા કુદરતી અને માનવસર્જિત આપત્તિ સમયે વિદ્યાર્થીઓ પોતાના તેમજ દેશના અન્ય નાગરિકોનો કેવી રીતે બચાવ કરી શકે તે માટેનું નિદર્શન યોજાયું હતું.

કોલેજના આચાર્ય ડો. સંજય લાલાણીની ઉપસ્થિતિમાં NDRF ના ૧૦ જવાનોએ માનવ સર્જિત અને કુદરતી આફતો વખતે કેવી રીતે નાગરિકોનો જીવ બચાવવા કેવા ઉપાયો કરવા તે અંગે નિદર્શન દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું. ભૂકંપ સમયે કેવી રીતે આત્મરક્ષા કરવી અને સ્વબચાવ માટે દિવાલ નજીક જતા રહીને કોઈ પણ ટેબલ નીચે સંતાઈ રહેવા માટેની વ્યવહારુ રસ્તો બતાવ્યો હતો.માનવસર્જિત આપત્તિ સમયે વ્યક્તિ જીવિત છે કે નહીં તે તેના ગળાના નીચેના ભાગે તપાસી ફેફસાની નીચે પાંચ વાર હળવા હાથે દબાવવાથી તેને પ્રાથમિક સારવાર મળે છે તે CPR વિશે સમજાવ્યું હતું.ઓલપાડ તેમજ અન્ય કાંઠા વિસ્તારમાં અવારનવાર આવતા પૂરની પરિસ્થિતિમાં પુર વખતે પાણીની સામે કેવી રીતે રક્ષણ કરી નાગરિકોનો જીવ બચાવી શકાય તે માટેની હાથવગી પદ્ધતિઓ અને તરકીબો કેવી રીતે અજમાવી શકાય તે અંગેના ઉપાયો દર્શાવ્યા હતા.તેવી જ રીતે સાપ કરડવાથી થતા મૃત્યુ તેમજ સાપ અંગેની

અનુસંધાન પાના ૭ પર



# શ્રી કુરુક્ષેત્ર સ્મશાન ભૂમિ ટ્રસ્ટની વાર્ષિક બેઠક મળી

**હિન્દુ શાસ્ત્રોમાં મૃત્યુને માન વાચક શબ્દો સાથે મુકવાની પરંપરા છે : પંકજ પાઠકજી**

સુરત, તા.૨૯

પુરાણ પ્રસિધ્ધ શાસ્ત્રોમાં જન્મ સાથે મુત્યુને પણ સન્માન આપવામાં આવ્યું છે.દા.ત.આપણે વાતવાતમાં કહેતા હોઈએ છીએ કે બાળકે જન્મ લીધો પણ જયારે તેનું મૃત્યુ થાય છે ત્યારે આપણે ખુબ જ મર્યાદામાં કહેતા હોઈએ છીએ કે તેઓ "મૃત્યુ પામ્યા "આ સંબોધન એ આપણા સનાતન ધર્મની પવિત્ર પરંપરા છે.એવું ચિંતન જાણીતા નાટયવિદ શ્રી પંકજ પાઠકજીએ શ્રી કુરુક્ષેત્ર સ્મશાન ભૂમિ ટ્રસ્ટ ની રવિવારે શ્રી મોટા સૂર્યોદય ઘાટ પર મળેલી સામાન્ય સભામાં શ્રોતા સમક્ષ કર્યો હતો.આ પ્રસંગે લોકપ્રિય કવિ શ્રી મુકુલ ચોકસી,રાંદેર પીપલ્સ કો.ઓ.બેંકનાં ચેરમેન શ્રી રવિન્દ્રભાઈ સેલર તથા પૂવ કોર્પોરેટર શ્રી જે.પી શાહ,પૂર્વ કોર્પોરેટર શ્રી ગિરીશભાઈ પટેલ,પૂર્વ કાર્યપાલક ઈજનેર શ્રી ગોહીલ,ચચંટર એકાઉનન્ટ શ્રી અશોકભાઈ પરીખ,વગેરે મહાનુભવો ઉપસ્થિત રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે શ્રી પંકજભાઈ પાઠકજીની "ચાલો આવો છોને" નાટયકૃતિનો થીમ પણ આવો જ રહ્યો છે,જેની તલસ્પશી રજુઆતને સાંભળી સૌ શ્રોતાઓ આળઘોળ થયા હતા.આજ નાટક પરથી એક હિન્દી ફિલ્મ બની રહી હોવાનું અને તેનાં ગીતો મુકુલભાઈ ચોકસી લખી રહ્યા હોવાનું પણ પંકજભાઈએ જણાવ્યું હતું.પરંપરાગત પ્રતિવર્ષે મળતી શ્રી કુરુક્ષેત્ર સ્મશાન ભૂમિ ટ્રસ્ટ ની સભામાં સૌ અતિથિઓ અને દાતાશ્રીઓનું ટ્રસ્ટના પ્રમુખ શ્રી કમલેશભાઈ સેલરે સૌને આમંત્રિત કરી હાર્દિક સ્વાગત કર્યું છે કાર્યક્રમનું સંચાલન શ્રી નીરજ નાયક અને સમીર વ્યાસ દ્વારા કરવામાં આવ્યું હતું. ગત વાર્ષિક સાધારણ સભાની કાર્યવાહી નોંધ સેક્રેટરી શ્રી અજયભાઈ ગાંધીએ રજુ કરી હતી જેને શ્રી જગદીશભાઇ પટેલે ટેકો આપ્યો હતો,૨૦૨૪-૨૫ વર્ષનો ઓડીટ થયેલ અહેવાલ હિસાબની દરખાસ્ત શંકરભાઈ પટેલે રજુ કરી હતી જેને નરેન્દ્રભાઈ ડી. મોદી એ ટેકો આપ્યો હતો, ટ્રસ્ટના સને ૨૦૨૪-૨૫નાં ઓડીટ રીર્પોટની દરખાસ્ત સમીરભાઈ વ્યાસે રજુ કરી હતી જેને જયેશભાઈ રમણભાઈ પટેલે ટેકો આપ્યો હતો, ટ્રસ્ટ બંધારણના નિયમ મુજબ વ્યવસ્થાપક કમિતિના ૧૮ સભયશ્રીની નિમણુંક માટેની દરખાસ્ત

અનુસંધાન પાના ૭ પર

# મનપાની કાયદા સમિતિની બેઠક આખા વર્ષમાં માત્ર બે વાર યોજાઈ છે

**શું કરવું એ જ ભાજપના કોર્પોરેટરોને ગતાગમ નહીં પડતા એકબીજાના મોઢા જોયા**

સુરત, તા.૨૯

ગતરોજ ઘણાં સમય પછી સુરત મનપાની કાયદા સમિતિની મિટિંગ મળી હતી, હંમેશની જેમ આજની મિટિંગમાં પણ ભાજપના એકપણ કોર્પોરેટરની શહેરની સમસ્યા બાબતે એકપણ રજુઆત નહોતી, વિપક્ષ આમ આદમી પાર્ટીના એકમાત્ર કોર્પોરેટર વિપુલ સુહાગીયાએ શહેરહિતની સમસ્યાઓ બાબતે રજુઆતો કરી હતી. વિપુલ સુહાગીયાએ કાયદા સમિતિમાં જે રજૂઆતો તેમાં ૬ મહિના પહેલા મળેલી કાયદા સમિતિમાં ૧૬ (કાપોદ્રા) વોર્ડ નં. ૪ માં નીલકંઠ સોસાયટી વાળા રોડ બનાવવા બાબતે કોર્ટ મેટર હોય તેનું ઝડપથી નિરાકરણ લાવવા જણાવેલ, જે સમસ્યાનો આજરોજ ફોલોઅપ લેતા અધિકારીઓએ જણાવ્યું હતું કે આ કોર્ટ મેટર નો અંત આવી ગયો છે અને ચુકાદો સુરત મહાનગરપાલિકાની તરફેણમાં આવ્યો છે એટલે હવે આપણે ત્યાં રોડ બનાવીને લોકોને આ રોડના ખાડામાંથી મુક્તિ અપાવી શકીશુ. બીજા એક મહત્વન મુદ્દા પર વિપુલ સુહાગીયાએ રજૂઆત કરી હતી કે, સુરત મહાનગરપાલિકાને કોઈ પાર્ટી પાસેથી બાકી નીકળતા લેણા ના કેટલા કેસ છે, આવા કેસ કયા સ્ટેજ ઉપર છે અને કેમ ઝડપથી નિરાકરણ લાવી શકાતુ નથી તે બાબતે રજુઆત કરવામાં આવી હતી. વિપુલ સુહાગીયા દ્વારા કાયદા સમિતિની મીટિંગમાં સુરત મનપા ઉપર કોઈએ કેસ કરેલ હોય તો તે કેસની તમામ વિગત અને કયા સ્ટેજ ઉપર છે તે બાબતે રજુઆત કરવામાં આવી હતી. વધુમાં ૫૩ (મગોબ) હ્ વ્ ૮૮ માં ગેરકાયદેસર પાર્કિંગ ચાર્જ ઉઘરાવતા ઈજારદાર વિરુદ્ધ તમામ પુરાવાઓ હોવા છતાં હજુ સુધી એક વર્ષ થવા છતાં કેમ હ્લૈંઇ કરવામાં નથી આવી તેનો ખુલાસો વિપુલ સુહાગીયાએ માંગ્યો હતો પરંતુ

અનુસંધાન પાના ૭ પર

# એપરલ બિઝનેસમાં ક્ષમતા વધારવી પડશે : વિશાલ ત્રિવેદી

**ટેક્ષ્ટાઇલ વીકના પાંચમાં દિવસે એપેરલ ઇન્ડસ્ટ્રી અને ટેક્ષ્ટાઇલમાં ઇ—કોમર્સના મહત્વ વિષે સેમિનાર**

સુરત, તા.૨૯

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ગ્લોબલ ફેબ્રિક રિસોર્સ એન્ડ રિસર્ચ સેન્ટરના ઉપક્રમે સુરતના ટેક્ષ્ટાઈલ ઉદ્યોગકારોને માર્ગદર્શન આપવાના હેતુથી આયોજિત ટેક્ષ્ટાઈલ વીકના પાંચમાં દિવસે શુક્રવાર, તા. ૨૫ જુલાઈના રોજ સાંજે ૫ઃ૩૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા સુરત ખાતે એપેરલ ઈન્ડસ્ટ્રી અને ટેક્ષ્ટાઈલમાં ઇ—કોમર્સના મહત્વ વિષે સેમિનાર યોજાયો હતો, જેમાં મહેમાન તરીકે ચેમ્બરના પૂર્વ પ્રમુખ શ્રી બી.એસ. અગ્રવાલે સ્થાન શોભાવી સુરતના ઉદ્યોગ સાહસિકોને માર્ગદર્શન આપ્યું હતું. આ સેમિનારમાં નિષ્ણાત વકતાઓ તરીકે ગારમેન્ટ બિઝનેસ પ્રોફેશનલ શ્રી વિશાલ ત્રિવેદીએ એપેરલ ઉદ્યોગ વિષે અને ટ્રેઝિકસના ફાઉન્ડર એન્ડ સીઇઓ શ્રી હરેશ કલકત્તાવાલાએ ટેક્ષ્ટાઈલમાં ઇ—કોમર્સના મહત્વ વિષે માહિતી આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ ઉદ્યોગ સાહસિકોને સંબોધતા જણાવ્યું હતું કે, આજના વૈશ્વિક સ્પર્ધાત્મક યુગમાં ઈન્ડસ્ટ્રી વચ્ચે સહકાર અને સંકલન ખૂબ જરૂરી છે. જો સુરતના ઉદ્યોગકારો તેમના અનુભવ, ટેકનોલોજી અને સંસાધનો એકબીજાની સાથે શેર કરશે તો આગળ વધવા માટેના દરવાજા આપોઆપ ખુલશે. ઉદ્યોગ સાહસિકોએ એક્ષ્પોર્ટ માટે ઈન્ટરનેશનલ માર્કેટની માંગને સમજીને ગુણવત્તાયુક્ત ઉત્પાદનો પર ધ્યાન કેન્દ્રિત કરવું પડશે. વિવિધ સેમિનારો થકી ચેમ્બર એવો માહોલ ઉભો કરવાનો પ્રયાસ કરે છે કે જ્યાં ઉદ્યોગકારો એકબીજાની મદદથી આગળ વધી શકે. ટેક્ષ્ટાઈલ ઉદ્યોગમાં આગળ વધવા માટે સર્વેને એકબીજાની સાથે જોડાઈને એક્ષ્પોર્ટ વધારવાની દિશામાં સંકલિત પ્રયાસો કરવાં પડશે.ચેમ્બરના પૂર્વ પ્રમુખ શ્રી બી.એસ. અગ્રવાલે

અનુસંધાન પાના ૭ પર

# ટીડા ગેલા ઢાંઢણવાળી દાદીજીનો વાર્ષિક ઉત્સવ



**શ્રી ઢાંઢણ શક્તિ પ્રચાર મંડળ, સુરત દ્વારા અગ્રવાલ સમાજ ભવન ખાતે ટીડા ગેલા ઢાંઢણવાળી દાદીજીનો વાર્ષિક સિંધારા ઉત્સવ ભક્તિભાવ અને ઊલ્લાસપૂર્વક ઉજવાયો જેમાં જયપુર થી આવેલા કિરણ શર્માના સૂરમય ભજનો ની પ્રસ્તુતિ હતી સાથે જ દાદીજીનું શ્રૃંગાર બંગાળી કળાકારો દ્વારા અને પ્રસાદ શેખાવાટી (રાજસ્થાન) ના હલવાઈઓ દ્વારા કરવામાં અવ્યો હતો. સિંધારા ઉત્સવ માં દાદીજીની દરેક બહુ-બેટીઓની હાજિર હતી અને દરેક માતાઓ એક સાથે મંગલ પાઠ માં જોડાયા હતા સાથે ભક્તિ નૃત્ય સાથે કાર્યક્રમ સંપન થયો.**

# વરિયાવ વિસ્તારમાં આઠ દિવસ પાણી ઓછા પ્રેસરથી આવશે

**વરીયાવ ઓવર હેડ ટાંકી તથા લાઈન બદલવાની કામગીરી કરાશે**

સુરત, તા.૨૯

સુરતના શહેરીજનોને સુરત મહાનગરપાલિકા ઘ્વારા અપાતી તમામ સેવાઓ શ્રેષ્ઠત્તમ કક્ષાની મળી રહે તે માટે સુરત મહાનગરપાલિકા હંમેશા કટીબઘ્ધ રહેલ છે. જે અન્વયે સુરત મહાનગરપાલિકાનો હાઇડ્રોલિક વિભાગ, સુરત શહેરમાં સમાવિષ્ટ વિસ્તારમાં નિયત સમય મર્યાદામાં, પુરતા જથ્થામાં તેમજ ગુણવત્તા સાથે પાણી પુરવઠો પુરો પાડવા હંમેશા પ્રયત્નશીલ રહે છે. વેસ્ટ ઝોન (રાંદેર)ના વરીયાવ વાય જંકશન ખાતે આવેલ ઓવરહેડ ટાંકી E S R -V ર ની હયાત ૫૦૦ મી.મી. ડી.આઇ. ઈનલેટ વર્ટીકલ લાઇનમાં લીકેજ હોવાથી લાઇન બદલવાની આવશ્યકતા હોય, લાઇન બદલવાની કામગીરી તા.૩૧/૦૭/૨૦૨૫ થી તા.૦૮/૦૮/૨૦૨૫ દરમ્યાન હાથ ધરવામાં આવનાર હોય, તા.૩૧/૦૭/૨૦૨૫ થી તા.૦૮/૦૮/૨૦૨૫ દરમ્યાન સપ્લાય અંશતઃ મળે/ઓછો પ્રેશરથી મળે

અનુસંધાન પાના ૭ પર



**ગતરોજ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત સંચાલિત ઉધના ઝોન માં આવેલી ન. પ્રા. શાળા ક્રમાંક ૨૬૪/૨૨૩/૨૨૪/૨૬૨ સાંઈબાબાનગર,શાળા નંબર ૨૦૬/૧૯૭ તથા શાળા નંબર ૨૦૨-ઉધના ખાતે શાળાના ધોરણ ૩ થી ૮ના વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટ વિતરણ કરવાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના અધ્યક્ષ શ્રી રાજેન્દ્રભાઈ કાપડિયા સભ્ય શ્રી શૈલેષભાઈ શુક્લ, સી.આર.સી અંકલેશભાઈ શાળા વ્યવસ્થાપન સમિતિના અધ્યક્ષ, શાળાના મુખ્યશિક્ષકશ્રીઓ, શિક્ષક ભાઈઓ બહેનો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.**

# અંદર બેઠો છે એ જીવ નથી પણ શિવ છે

અષાઢને જેવું કીધુ કે સાવનકો આને દો તો તુર્ત જ અષાઢ ખસી ગયો ને લો આ આયા સાવન ઝૂમકેની જેમ શ્રાવણની એન્ટ્રી થઈપ શિવમંદિરમાં ભક્તોનાં ટોળાં એવા ઝૂમી ઉઠ્યાં ને તૂટી પડ્યાં કે કેમ જાણે શિવજી ભાદરવામાં પાછા હિમાલય ભાગી જવાના હોયપ બધા ભક્તોની જેમ 'તું મળશે' એ આશાએ હું પણ શ્રાવણમાં બધાં કામ અભરાઈ પર ચડાવી પેલા ભાભૂ(ભારત ભૂષણ)ની જેમ 'મન તડપત હરી દર્શનકો આજ' ગાતો ગાતો મંદિરમાં ગયો પણ મોટો લોચો તે જ આપેલી આંખોથી તું જ ન દેખાયો. સખેદ જણાવું કે મેં શિવમંદિર બહુ જોયા પણ એકેય શિવમાં જીવ ન જોયો એટલે મેં પૂજારીને પૂછ્યું:

'આટલાં બધામાં ઈશ્વર ક્યાં છે?'

'મને શું ખબર? ઈશ્વર કઈ મારો માસીનો દીકરો છે?'

'અલ્યા ટોપા, મંદિરને ને ઈશ્વરને તો તું અંગત મિલકત સમજી બેઠો છે. એણે ક્યારે ખાવું, શું ખાવું ક્યારે સૂવાનું ક્યારે જાગવાનું. ક્યા વાઘા પહેરવાના એ તો તું નક્કી કરે છે ને તું મને કહે છે મને શું ખબર?'

મેં તો પ્રભુને પણ કીધુ 'ભગુભાઈ, મને તો એ વિચાર આવે છે કે તને એ વિચાર કઈ રીતે ને શું કામ આવ્યો કે ચાલો, આ બ્રહ્માંડમાં એક પૃથ્વી બનાવીએ પછી જંગલ, વાદળ, સમુદ્ર, પાણી, પશુ-પંખી બનાવીએપએમાંય પતંગિયામાં અલગ અલગ ડિઝાઈન, રંગબેરંગી ફૂલ, મોરને રૂપ ને કાગડાને કાળો, સૂર્યને પ્રકાશ ને ચંદ્રને શીતળતા..કેટલું ગણાવું?

આટલું કર્યા પછી પણ ક્યાં થાક્યો કે પાછું માણસનું પ્રોડક્ષનપલોચો

તો એ પ્રભુ, કે બધા માણસોની ખોપરી સરખી, મગજ સરખા પણ એમાં મૂકેલી બુદ્ધિ અલગ અલગ..જબરી તારી કારીગરીપ ન માપી શકાય ન પામી શકાયપપંખીનો માળો ને પશુની ગુફા, કીડી-ઉંદરને દર ને માણસને ઘર ને તારું મંદિરપ

ત્યાં તો ચંબુડાએ મંદિરમાં આવી એના દાદા ગુજરી ગયા હોય એવી 'નમઃ પાર્વતી..' ના નામે જોરદાર પોક મૂકી એને કોણ કહે : બકા, ગળું ઘરે મૂકી આવવું જોઈએ તુ અમારો તો ઠીક પણ ભગવાનના કાનનો તો વિચાર કર. છતા કાને આમેય ઓછું સાંભળે છે ને તારી રાડથી જો




કાનના પરદા ફાટી જશે તો આપણી ફરિયાદ સાંભળશે કોણ? એટલામાં ચંબુ ચાલુ થઈ ગયો :

'અલ્યા પ્રભુ, ઘઉંના ભાવ ૬૦ રૂપિયા, જેને કાપ્યા વગર પણ આંખમાંથી પાણી આવે એ ડુંગળીના ૮૦ રૂપિયા. જેને જોઈ મોઢાના બદલે આંખમાંથી પાણી આવે એ સાકારના ૬૦પ તારે વાઘચર્મથી ચાલે છે બાકી કાપડના ભાવ ખબર છે? તારી પાસે નંદી છે બાકી અમને પેટ્રોલના ભાવ રોજ સતાવે, તારે હિમાલયમાં ભાડુ ન લાગે બાકી અહીં એક ફૂટના ભાવ ૫૦૦૦૦ સાંભળી હલબલી જઈશ.''અલ્યા ચંબુ આ બધાના ભાવ ભગવાનને શું કામ કહે છે?' મેં પૂછ્યું દુકાનદાર દુકાનનું શટર ઉઘાડે એમ ચંબુએ ચક્ષુદ્વાર ખોલ્યા 'કારણ કે ભગવાન ભાવના ભૂખ્યા છે.''અરે ટોપા, ભાવના એટલે અંતરના ભાવના, વસ્તુના નઈ' 'અંતરના ભાવથી એનું પેટ ભરાતું હશેપઆપણું નઈ સાલું એની મૂર્તિના ભાવ સાંભળી આપણા અંદરના ભાવ ઘટી જાય ને એની સાથેનું અંતર વધતું જાય. જો આ બધાના ભાવ ઘટે તો પ્રભુ પ્રત્યેનો ભાવ વધે. સમજ્યા? યુ નો? આ કાતીલ મોંઘવારીમાં સગ્ગા વૃદ્ધ બીમાર બાપને કહેવું પડે કે પ્લીઝ બાપુ ભૂલથી પણ હમણાં મરતા નઈ.. મારી પાસે કફનના પૈસા નથી, આ સારું કહેવાય?..'એટલામાં પૂજારી બોલ્યો 'તારું લોજીક સાચું પણ આ તો પોતે શણગાર કે મુગટ વિનાના.. તમને આપી આપીને કડકા થઈ ગયેલા સમૃદ્ધ ભગવાન.''સમૃદ્ધ? સાલું આપણે બે પગ પકડીએ ને એ એક હાથ પણ ન પકડે તો આ બધું અટકાવતો કેમ નથી?' ચંબુની છટકી 'ક્યાંથી અટકાવે?' પૂજારી બોલ્યો 'તે પોતે થાકી જાય પાકી જાય ત્રાસી જાય મૂર્તિમાંથી બહાર આવી મંદિર છોડી ભાગી જવાનું મન થાય ત્યાં સુધી બિચારાનો પીછો છોડતા નથી. જથ્થાબંધ માગણીઓનું લિસ્ટ ભયજનક સપાટી વટાવી ચુક્યું હોય અનેપ''અરે પૂજારીભાઈ, એટલે તો અમે ભજન ને પ્રાર્થના કરીએ છીએ.'

'તંબુરો ભજન? ભાન વગર ને ભાવ વગર મંડી પડ્યા!

અરે પ્રભુના દર્શન કરતાં પોતાના નામની તકતી ક્યાં ને કેવી મુકાઈ એમાં રસ છે તે મંદિરમાં દર્શન આપવા આવ્યો છે કે દર્શન કરવા એ તો પ્રભુને પણ સમજાતું નથી તેને તો પહેલાં તકતીના દર્શન ને સમય હોય તો પ્રભુનાપ''અરે, પણ મંદિરમાં દાન માટે રૂપિયા આપ્યા હોય તો પોતાના નામની તકતીની અપેક્ષાપ.''ચુપ એકદમ ચુપ.. સાલું આખી જિંદગી પાપનું, હરામનું, મફતનું લોકોનું લોહી ચૂસી ચૂસી ભેગું કરી કરીને ૫૦૦-૧૦૦૦નો ભોગ ધરાવે ને ઈશ્વર કરતાં પોતાની જાતને ચડિયાતો સાબિત કરવા માગે છે તેનું જ આપેલું એને આપી પુણ્યશાળી આત્મા બનવાનું નાટક કરે છે. આમ કરશે તો ઈશ્વર દૂર ભાગશે ક્યાં સુધી ઈશ્વરને છેતર્યા કરીશું? એક વાત જાણી લે, પરમાત્માની જાળમાં જાણીબૂઝીને ફસાઈ જઈશ તો ગાવું નઈ પડે 'કૈલાસકે નિવાસી પ્રભુ, અમને તાર તું' કારણકે એની એવી ભ્રમણામાં ફસાયા પછી ખબર પડશે મારો દેહ જ એક મંદિર છે એની અંદર જીવ નથી પણ શિવ છેપ.!'



# આહારથી આરોગ્ય સુધી : ડાયાબિટીસથી કેમ બચવું?

આધુનિક પણ ઘાતક સમસ્યા એટલે ડાયાબિટીસ. ડાયાબિટીસ એ આખરે શું છે? લોહીમાં સાકર હોય તેને ડાયાબિટીસ કહીએ? કયા લેવલ પર શુગર હોય, કેટલી હોય એ કેવી રીતે નક્કી કરવું એક તથ્ય મળતું નથી. સાકર આપણા શરીરની એનર્જી કરન્સી છે. જેમ આપણે નોકરી ધંધો કરીએ અને પૈસા કમાવીએ અને આપણી વિભિન્ન જરૂરિયાતો પૂરી કરીએ તેવી જ રીતે આપણે ખોરાક ખાઈએ અને આંતરડું એને પચાવી ગ્લુકોઝ પેદા કરે.

લોહીમાં તેનું શોષણ કરે અને લોહી દ્વારા તેને બધા અવયવોમાં પહોંચાડે તેને એનર્જી કરન્સી કહેવાય. આપણા બધા જ અવયવ મગજ, મસલ્સ, હાડકા વગેરે કામ કરતા રહે. આ એનર્જી કરન્સી એટલે ગ્લુકોઝ બહુ જરૂરી છે. પણ સતત વધી જતા ખરાબ અસર પેદા કરે છે. માથાથી લઈને પગ સુધી આની ખરાબ અસર થાય છે. અંદરનાં અવયવો વધુ જોખમાય છે.સવાલ એ છે કે શુગર લેવલ કેવી રીતે નક્કી કરવું. સવાર-સાંજ શુગરનું લેવલ ઉપર-નીચે થયા કરે છે. કોઈ એક માપ રહેતું નથી. આને નક્કી કરવા માટે ભૂખ્યા પેટની કે જમ્યા પછીની શુગરથી નક્કી નથી થઈ શકતું તો એચ.બી.એ.૧ સી. (ઉઁહ્વક૧૪)નો રિપોર્ટ કરાવવું યોગ્ય છે.

આ રિપોર્ટથી છેલ્લા ત્રણ મહિનાની એવરેજ શુગરનું પ્રમાણ ચોક્કસ રીતે ખબર પડે છે. આ ટેસ્ટનો મતલબ છે કે ગ્લાઈકેટેડ હિમોગ્લોબિન ટેસ્ટ. આ એક રક્ત પરીક્ષણ છે. જે લોહીમાં હિમોગ્લોબિન (લાલ કણમાં જોવામાં આવતું એક પ્રોટીન છે જે ઓક્સિજનનું વહન કરે)થી જોડાયેલું ગ્લુકોઝની માત્રાનું માપ. જ્યારે લોહીમાં સાકરનું સ્તર અધિક હોય તો તે હિમોગ્લોબિન સાથે જોડાઈ જાય છે, જેને કારણે ગ્લાઈકેટેડ હિમોગ્લોબિન (Hba1c બને છે.

સામાન્ય રીતે આનું સ્તર ૪ ટકા થી ૫ ટકા હોવું જોઈએ. ૫.૭ ટકા થી ૬.૪ ટકા એટલે પ્રિડાયાબેટીક ૬.૫થી વધુ ને વધુ હોય તો ડાયાબિટીસનું પ્રમાણ લોહીમાં વધુ છે તેમ દર્શાવે છે. આ રિપોર્ટથી ચોક્કસ નિદાન થાય છે. ડાયાબિટીસ એ શું છે. ડાયાબિટીસ એટલે લોહીમાં સાકરનું સ્તર અધિક થવું તે. અને જ્યારે શરીર પર્યાપ્ત પ્રમાણમાં ઈન્સ્યુલિન બનતું નથી. ઈન્સ્યુલિન એક હાર્મોન છે જે ગ્લુકોઝનું ઊર્જામાં બદલાવાનું કામ કરે છે જે પેન્ક્રિયાઝમાં (અગ્નાશય) બને છે. પેન્ક્રિયાઝમાં બીટા સેલ છે જેને (લૈંગેરહેન્સ ઓફ આઈલેટ્સ નામની કોશિકાના સમૂહ) પેન્ક્રિયાઝના બીટા સેલમાં સુગરનો સંગ્રહ થાય છે(એટલે કે તેમાં સ્ટોર થાય છે) જ્યારે રિફાઈન્ડ તેલ વનસ્પતિ ઘીનો ખાદ્ય-પદાર્થ બનાવવામાં ઉપયોગ થાય. ત્યારે શરીરમાં તીવ્ર એસિડ પેદા થાય આ એસિડ લોહીમાં જાય ત્યાં પણ બળતર પેદા કરે. લોહીનો પી.એચ (માનક) એસીડીક થાય ત્યારે બીટા સેલમાં બળતરા થાય તે બળી જાય કે ગ્લુકોઝ સંગ્રહ કરવાની ક્ષમતા ખોઈ નાખે ત્યારે સાકર (ગ્લુકોઝ) લોહીમાં અધિક થઈ જાય ઈન્સ્યુલિન તેને લઈ જવામાં ઓછું પડે ત્યારે ડાયાબિટીસ થાય છે.

રિફાઈન્ડ તેલ વનસ્પતિ ઘી, માર્ગરીન, મટનટેલો (પ્રાણીની ચરબીનું તેલ) સ્પ્રેડ, સફેદબટર, પાર્શીઅલી હાઈડ્રોજનેટ ઘી જે બધા દસથી બાર પ્રકારના કેમિકલથી તૈયાર થાય છે. જે શરીરમાં જતાં એસિડનું પ્રમાણ વધારી દે છે જલન અને બળતરા થાય છે જેના કારણે ડાયાબિટીસ થાઈરોઈડ, હાર્ટબર્ન અલ્સર જેવી બીમારીઓ અને પછી જાતજાતના કેન્સર થાય છે.વાચકમિત્રો તમે તમારું તેલ તપાસો જો રિફાઈન્ડ છે તો તેનો ઉપયોગ તરત બંધ કરો વધુ પ્રમાણમાં છે તો દિવાળીમાં દીવા બાળી પૂરું કરી નાખજો.



ખાવામાં વપરાશ ન રતાં બહારની ખાદ્ય-સામગ્રીના પેકેટ તપાસો તેના પર રિફાઈન્ડ ઓઈલ લખેલું છે તો તેના વપરાશ ન કરતાં. બેકરી પ્રોડક્ટ્સ બધા જ વનસ્પતિ ઘી (નકલી ઘી)માં જ બને છે જે ડાયાબિટીસનું મોટું કારણ છે. આઈસક્રીમના લેબલતપાસો તેના પર કોઈપણ ઓઈલ લખેલું છે.બહારના ખાખરા બધા જ વનસ્પતિ ઘી અને રિફાઈન્ડ તેલથી જ બને છે. ખાખરા લોકો વધુ વાપરે છે ડાયટના નામથી પણ ખરેખર તે ખાવા લાયક નથી. શુદ્ધ ઘીમાં બનતી મીઠાઈઓ પણ શુદ્ધ ઘીથી નથી બનતી તેમાં પણ રિફાઈન્ડ તેલ અને વનસ્પતિ ઘી વપરાય છે.સૌની લાડલી પાણીપૂરીની પૂરીઓ પણ રિફાઈન્ડ તેલમાં બને છે. હોમમેડ ગોળવાળા બિસ્કીટ, ટોસ, ખારી પણ માર્ગરીન (નકલી બટર)થી જ બને છે. સાબુ પણ ખરાબ તેલથી જ બને છે જે ચામડી દ્વારા શરીરને ખરાબ કરે છે. બહારના અથાણા બધા જ રિફાઈન્ડ તેલ ક્યારે ખરાબ થતું નથી. કારણ તે કેમિકલ નાખીને બને છે. આજ આધુનિક યુગની મોટી સમસ્યા એટલે રિફાઈન્ડ તેલ છે. બહારના નાસ્તા બધા જ રિફાઈન્ડ તેલમાં જ બને કારણ તેની સેલ્ફ લાઈફ વધુ છે.આ બધુ જાણ્યા પછી તમને ખબર પડશે કે શા માટે ડાયાબિટીસ અને અન્ય બીમારીઓ થાય છે કેટલો સુધાર કરવો એ આપણા હાથમાં છે. તહેવારોની મોસમ છે. મીઠાઈ અને ફરસાણ બહારથી જ આવશે. તેમ જ તહેવાર ઉજવવા પણ હોટલમાં જ જવાના. ગમે તેટલી દવાઓ લ્યો એલોપથી, આયુર્વેદિક, હોમીયાપથી કે કોઈ હકીમના નુસખા જ્યાં સુધી ખાવામાં સુધાર નહી થાય ત્યાં સુધી ડાયાબિટીસ કે અન્ય બીમારી રહેવાની જ છે.પછી ફોરેનવાળા કે ડૉક્ટરો છાતી ઠોકીને કહેશે કે ભારત એ ડાયાબિટીસનું કેપિટલ છે તેમની દવાઓ લ્યો તેમના ખિસ્સા ભરો. લોકો ડાયાબિટીસ થોડા થોડા સમયના અંતરે તપાસતા હોય છે તેથી લેબોરેટરીવાળાના ખિસ્સા ભરાય. ફક્ત રિપોર્ટ કરવાથી કશો ફાયદો થતો નથી. ગ્રાહકનું ટેન્શન વધે છે. જાણ્યા પછી ઉપચારથી ફાયદા થાય. મારી લગભગ પચ્ચીસથી છવ્વીસ વર્ષની પ્રેક્ટિસમાં મેં જોયું કે આહારની શુદ્ધતાથી જ ડાયાબિટીસ લગભગ નીકળી જાય છે. લુધિયાનાનો આગમ નામનો યુવાનનું ડાયાબિટીસ (૩૩૫) ત્રણસો પાત્રીસ હતું. દવા ચાલુ નહોતી કરી.મારી પાસેથી શું ખાવું તે તેણે જાણ્યું તેણે બે મહિનામાં જ પોતાની શુગર (ડાયાબિટીસ) ઈઠોતેર (૭૮) કરી નાખી. આવાં તો ઘણાય લોકો આવે છે જે દવાઓ ખાઈને શરીરને ખરાબ કરી નાખે છે. સમજાવ્યા પછી સુધારો કરે છે ત્યારે રાહત અનુભવે છે. આ કોઈ મુશ્કેલ કામ નથી. હજુ બજારમાં સારી ખાદ્ય-વસ્તુઓ મળે છે. શાકભાજી અને ફળોથી બજાર ઉભરાયેલી છે. ડાયાબિટીસને જલદીથી ઠેકાણે લાવવું જરૂરી છે.જો ડાયાબિટીસ આગળ વધે છે ત્યારે હાર્ટના ઓપરેશન કિડની ડાયાલિસિસ, પગનું સડી જવું (ઘણીવાર પગ કાપવા પડે છે). શરીરમાં પાણી ભરાય છે .

# શબ્દોનું શુદ્ધ ઉચ્ચારણ તમારા વ્યક્તિત્વને નિખારે છે

શબ્દોનું શુદ્ધ અને સાફ ઉચ્ચારણ આપણા વ્યક્તિત્વને નિખારે છે. આને પ્રોનાંઉનશેસન ઈફેક્ટ કહેવાય છે. તમારો અવાજ, ઉચ્ચારણ અને તમારો ટોન કોઈ પણ બોલાયેલા શબ્દની સ્પષ્ટતા પર ભરપૂર અસર પાડે છે. આનાથી વિશ્રવાસ અને પ્રભાવ વધે છે કારણકે, જ્યારે તમે શબ્દોના સાચા અને સ્પષ્ટ ઉચ્ચારણ કરો છો ત્યારે સામેવાળાએ તમને એક સમજદાર અને પ્રભાવી વ્યક્તિ માનવી જ પડે છે. આનાથી તમારો આત્મવિશ્વાસ પણ વધે છે અને સામેવાળા પર તમારો પ્રભાવ પણ પડે છે.

સાફ અને શુધ્ધ ઉચ્ચારણ કરવાવાળાને જે લોકો સાંભળે છે તે ક્યારેય થાકતા નથી, પરંતુ તેમની વાતો સાંભળવી ગમે છે, કારણકે ખરેખર તેમને સાંભળવાનો અંદાજ કાંઈ નિરાળો જ હોય છે, પરંતુ જ્યારે કોઈ શબ્દનો કોઈ ખોટું ઉચ્ચારણ કરે તો જે સાંભળે છે તે હેરાન પરેશાન થઈ જાય છે. તે તમારા ખોટા ઉચ્ચારણને જ્યારે સાંભળે છે તો એવો પ્રયત્ન કરે છે કે તમારાથી કઈ રીતે જલદી છુટકારો મળે, કારણકે જે લોકો શુદ્ધ અને ચોખ્ખું નથી બોલી શકતા તેઓને સમજવા માટે બહુ વિચારવું પડે છે અને તેને લીધે ધ્યાન પણ ભટકે છે.

જો તમે શિક્ષક છો, વક્તા છો, એંકર છો, નેતા છો કે એવા કોઈ ક્ષેત્રમાં જોડાયેલા છો કે જે પબ્લિક કમ્યુનિકેશનમાં આવે છે તો સમજી જજો કે સ્પષ્ટ ઉચ્ચારણ તમારી સૌથી મોટી પૂંજી છે. આ તમારી સંપત્તિ છે જેને કારણે તમે લાખો લોકો સુધી પહોંચી શકો છો અને શુદ્ધ અને સાફ ઉચ્ચારણને કારણે તમે જીવનમાં ખૂબ આગળ વધી શકો છો.

આનાથી ભાષાનું સૌંદર્યબોધ પણ નિખરે છે, કારણકે શુદ્ધ બોલવાથી ભાષા સુંદર બને છે. હિંદી ભાષાની તો આખી ખૂબસૂરતી શુદ્ધ બોલવા પર જ ટકી છે. જે પણ લોકો અશુદ્ધ અને અસ્પષ્ટ હિંદી બોલે છે તેમની ભાષા સાંભળવામાં ખૂબ જ ખરાબ લાગે છે જેથી ભાષાઓમાં ઉચ્ચારણની શુદ્ધતાને 'ત્રુટી અને સ્વર સંધિ'ના સ્તર પર મહત્ત્વ આપવામાં આવે છે.

માત્ર સંવાદ અને ઈંટેલેક્ચ્યુઅલ દુનિયામાં જ શુદ્ધ અને સાફ ઉચ્ચારણની કિંમત જ નથી પરંતુ કોર્પોરેટ જગતમાં, મીડિયામાં, કસ્ટમર સર્વિસ જેવા ક્ષેત્રોમાં શુધ્ધ ઉચ્ચારણ બહુ મોટો પ્રભાવ પાડે છે. આનાથી તમારી છબી પ્રોફેશનલ લાગે છે. જો તમારું ઉચ્ચારણ સરળ અને નિયંત્રિત હોય તો લોકો તમને ઈમાનદાર, સમજદાર અને ગંભીર વ્યક્તિ માને છે.વાસ્તવમાં કોઈ ભાષાને શુધ્ધ બોલવાનો અર્થ એ થાય કે તમે તેની સંસ્કૃતિને ઓળખો છો. આનાથી તમારું સન્માન વધી જાય છે. લોકો તમારી સાથે જોડાવા માગે છે અને એમાં તેઓ તેમનું સૌભાગ્ય સમજે છે. માત્ર ઔપચારિક વાતચીતમાં જ નહી પરંતુ સામાન્ય વાતચીતમાં પણ શુદ્ધ અને સાફ ઉચ્ચારણથી ઘણો ફરક પડે છે.જરૂરી નથી કે જ્યારે તમે મંચ પરથી બોલો ત્યારે જ શુદ્ધ ઉચ્ચારણનો પ્રભાવ લોકો પર પડે છે જ્યારે તમે એમનેમ પણ લોકોને મળો છો ત્યારે તમારો પ્રભાવ લોકો પર પડે છે અને કોઈ ઈનટરવ્યૂ, મીટિંગ અને ફોન કોલ પર તો આનો પ્રભાવ પડે જ છે. જો તમારો અવાજ મીઠો હોય, ઉચ્ચારણ ચોખ્ખા હોય તો લોકો ચોક્કસ તમારી સાથે વાત કરવા સામેથી આવશે.જો તમને તમારી પર્સનલ બ્રાંડિંગ સારી કરવી હોય, તમારા સંવાદ કૌશલ્યોને સુધારવા છે, પ્રોફેશનમાં સફળતા મેળવવી છે તો તમારે ચોકકસ શુદ્ધ ઉચ્ચારણ પર ધ્યાન આપવું જ પડશે જે તમારા માટે એક અમૂલ્ય સંપત્તિ બની શકે. તમને જરૂર હોય તો તમે શુદ્ધ બોલવાની ટ્રેનિંગ લઈ શકો છો, ઉચ્ચારણને અસરકારક બનાવવા માટે ઘણી ઈન્સ્ટિટ્યૂટ તમારી મદદ કરી શકે છે. અને જો તમારે આવું કશું જ ન કરવું હોય તો રોજ એક કલાક નિયમિત રીતે અરીસાની સામે ઊભા રહીને બોલવાની પ્રેક્ટિસ કરવી, જીભની થોડી ઘણી જરૂરી કસરતો કરીને અને ઓડિયો મિમિક્રી દ્વારા તમારી ભાષા અને ઉચ્ચારણને જાદુઈ બનાવી શકાય છે.

# શું છે નિરોગી જીવનના ત્રણ સ્થંભ?

**આહાર- ઊંઘ- વ્યાયામપ આમાંથી આહાર વિશે આપણે ગયા અઠવાડિયે સવિસ્તર વાત કરી હતી. હવે આ વખતે એ વાત આગળ ચલાવીએપ**

વ્યવસ્થિત ચાવીને જમેલો આહાર અંદાજિત બે કલાકની અંદર પાચન થઈ જાય છે. અને તેને પચાવવા પાચનતંત્રને નહિવત બોજ (અંદાજે ૧૫ ટકા) પડે છે. જ્યારે તે જ આહારને ચાવીને ન જમવાથી આહારનું પાચન થતા ઓછામાં ઓછા ૩ થી ૪ કલાક થાય છે, અને તેને પચાવવા પાચનતંત્રને ખૂબ જ બોજ (૭૦થી ૮૦ ચકા) પડે છે.

આપણે ચાવીને જમવાના ફાયદાઓથી સારી રીતે વાકેફ છીએ, છતાં પણ તે સારી આદતને કેમ અપનાવી શકતા નથી, તેનાં અમુક કારણ અહીં દર્શાવ્યા છે,જેમકેપ

૧) માણસના મનમાં એવું હોય છે કે, 'ચાવીને જમવાથી મારો સમય બગડશે.' પરંતુ તે ખૂબ જ ખોટી માન્યતા છે. અને આ માન્યતાના કારણે માણસ ચાવ્યા વગર જરૂરિયાત કરતાં વધારે કે ઓછું જમી લેતા હોય છે. આપણા મગજને અને પેટને વેગસ તંત્ર દ્વારા જોડાણ છે. જ્યારે મુખમાં પ્રથમ કોળિયો મૂકીએ ત્યારથી લઈને ૧૫થી ૨૦ મિનિટ સુધીમાં મગજ પેટને એ તંત્ર દ્વારા સંદેશો પહોંચાડે છે કે, 'હવે શરીરને વધુ આહારની જરૂર નથી.' તેથી આપણને તૃપ્તિનો અહેસાસ થવા લાગે છે. આ રીતે ૧૫થી ૨૦ મિનિટ પછી જ સંદેશો મળતો હોવાથી ઓછામાં ઓછું ૧૫ મિનિટ સુધી યોગ્ય માત્રામાં વ્યવસ્થિત ચાવીને જમવું જોઈએ, પરંતુ જો ઉતાવળમાં જમીએ તો પણ મગજ તો ૧૫ મિનિટ પછી જ તૃપ્તિના અહેસાસનો સંકેત આપશે તેથી ૧૫ મિનિટમાં આપણે જરૂરિયાત કરતાં વધુ જમી લેશું. આમ જો હંમેશાં જરૂર કરતાં વધારે જ જમીશું તો લાંબા સમયે તે શરીર માટે નુકસાનકર્તા નીવડશે.

૨) સ્વાદઃ

આપણે સ્વાદનું સુખ માણવા જ મોટા ભાગે જરૂરિયાત કરતાં વધારે જમતા હોઈએ છીએ. તેમ જ જેમ જેમ ચાવીએ તેમ તેમ અન્નમાંથી રસ ઓછો થતા સ્વાદ માણી શકાતો નથી. તેથી સ્વાદના લોભમાં પૂરતું ચાવ્યા વિના જ ટૂંક સમયમાં જ વધારે જમી લઈએ છીએ.

૩) શરમઃ

ઘણીવાર સાથે જમવા બેઠેલા બીજા મિત્રો વહેલા ઊભા થઈ જવાથી આપણે શરમને કારણે ચાવ્યા વિના જ જમીને વહેલા ઊભા થઈ જઈએ છીએ. માટે આપણે સહુ આજથી જ વ્યવસ્થિત ચાવીને જમવાનું શરૂ કરીશું તો આહાર જ ઔષધ બની જશે.

૪ ) જમતી વખતે પાણીઃ

પાણી પીવું હોય તો તો ભોજનની ૪૫ મિનિટ પહેલાં પીવું, ભોજન સમયે ખૂબ જ ઓછું અને



ભોજન બાદ ૨ કલાક પછી પાણી પીવું.

જ્યારે પણ પાણી પીવાની વાત આવે ત્યારે આપણા મનમાં સ્ફૂરી આવે છે કે, 'પાણી ખૂબ જ પીવું જોઈએ.' અને આ માન્યતાને લીધે આપણને જમતી વખતે પણ વારંવાર પાણી પીવાની ટેવ પડી ગઈ હોય છે. વળી, કોઈકને તો જમતી વખતે છાશ જેવા પ્રવાહી વધારે માત્રામાં પીવાની ટેવ હોય છે. આમેય, ઉનાળા જેવી ઋતુમાં તો થોડું જમીને અડધું પેટ પ્રવાહીથી ભરી દઈએ છીએ. એ ખરું કે પાણી ખૂબ જ પીવું જોઈએ, પરંતુ 'ક્યારે પીવું અને ક્યારે ન પીવું,' તે જ્ઞાન જો આપણને ન હોય તો તે સ્વાસ્થ્યને ખૂબ જ નુકસાન પહોંચાડે છે.

આયુર્વેદમાં કહ્યું છે કેઃ 'જમ્યા પહેલાં પાણી પીવાથી જઠરાગ્નિ મંદ પડી જાય છે તેથી જમેલો ખોરાક પચતો નથી અને શરીર નિર્બળ રહે છે. અડધું જમી રહ્યા પછી થોડું (૧ થી ૨ ઘૂંટડા) પાણી પીવાથી ધાતુઓ યોગ્ય પ્રમાણમાં રહે છે. અને ભોજનને અંતે પાણી પીવાથી પેટમાં કફની વૃદ્ધિ થાય છે અને તેનાથી શરીર સ્થૂળ રહે છેપજેમ ચૂલામાં પાણી નાથવાથી અગ્નિ ઓલાઈ જાય છે તેમ જ જમતી વખતે વધારે પાણી પીવાથી જઠરાગ્નિ મંદ પડી જાય છે.જમતી વખતે વધારે પાણી પીવાથી રોગત્પત્તિ કેવી રીતે થાય છે, તેની સાંકળ અહી દર્શાવ્યું છેપજમતા સમયે વધુ પાણી લેવાથી જઠરાગ્નિ મંદ થઈ જાય છે અને પાચકરસો મોળા (ઢીલા) પડી જાય છે પાચનશક્તિ નિર્બળ થઈ જાય છે — પાચન થવામાં ખૂબ વાર લાગે છે લાંબા સમય સુધી પેટમાં આહાર પડી રહે છે અપચો, કબજિયાત, અર્જીણ એસિડિટી જેવા અનેક રોગ ઉત્પન્ન થાય છે.

માટે હંમેશાં જમ્યા બાદ ૨ કલાક પછી જ પાણી પીવું જોઈએ. પાણી કઈ રીતે પીવું જોઈએ? ઘણા લોકોને એકસાથે જ બધું પાણી પી જવાની ટેવ હોય છે, પરંતુ તે સદંતર ખોટી રીત છે. જેમ આહારને ચાવીને જમવો જોઈએ તેવી જ રીતે પાણીને પણ લાળ ભળે તે રીતે ઘૂંટડે ઘૂંટડે શાંતિથી પીવું જોઈએ.શરીરને ફ્રીઝનાં ઠંડાં પ્રવાહીનું ગુલામ ન બનાવો ઘણા લોકો ઉનાળાની ધોમધખતી ગરમીમાં રાહત માટે, તો ઘણા લોકો એસીડીટી જેવી તકલીફમાં ફ્રીઝના ખૂબ જ ઠંડાં પ્રવાહી લેતા હોય છે. અમુક લોકોને તો બારેય માસ ફ્રીઝનું જ ઠંડું પાણી પીવાની ટેવ પડી ગઈ હોય છે, પરંતુ આ બધી કુટેવ છે.ફ્રીઝનું ઠંડું પ્રવાહી શરીરને પચાવવું ખૂબ જ મુશ્કેલ પડે છે. કેમ કે, આપણે કાંઈ પણ જમીએ કે પીએ તેનું પાચન શરૂ કરતાં પહેલાં પેટને અમુક ગરમી ઉત્પન્ન કરવી પડે છે, પછી જ તેની પાચનક્રિયા શરૂ થાય છે.જેમ મિસાઈલને આકાશમાં લોન્ચ કરતા પહેલાં તેને ખૂબ જ ગરમ કરવી પડે છે, તેવી જ રીતે આપણે કાંઈ પણ જમીએ કે પીએ તેનું પાચન શરૂ કરતાં પહેલાં પેટને અમુક ગરમી ઉત્પન્ન કરવી પડે છે.જેટલું વધુ ઠંડું પ્રવાહી હોય તેટલી પેટને વધુ ગરમી ઉત્પન્ન કરવી પડે છે. અને તે વધારાની ગરમી ઉત્પન્ન કરવામાં આપણી ઘણી રોગપ્રતિકારક શક્તિ વપરાય જાય છે. એટલું જ નહિ, શરીરને તેના પાચન માટે વધારે એસિડ અને પાચકરસો છોડવા પડે છે. આ રીતે ફ્રીઝનું ઠંડું પ્રવાહી આપણને અપચો, કબજિયાત અને એસીડીટી જેવા અનેક રોગના શિકાર બનાવે છે.

આથી ફ્રીઝનાં ઠંડાં પાણીની જગ્યાએ માટલાનાં ઠંડાં પાણીનો ઉપયોગ કરવો. માટલાનું ઠંડું પાણી શરીરને નુકસાન કરતું નથી. કેમ જે, ફ્રીઝ અને માટલામાં પાણી ઠંડું થવાની પદ્ધતિ અલગ હોય છે. માટલાની અંદર માટીનાં જે તત્ત્વો પાણી ઠંડું થાય છે, તે તત્ત્વો પાચનતંત્રને નુકસાન કરતા નથી,જ્યારે ફ્રીઝ જે રીતે પાણીને ઠંડું કરે છે તે પાચનતંત્રને નુકસાન પહોંચાડી શકે છે.

## તંત્રી લેખ... -

મંગળવાર, તા.૨૯ જુલાઈ ૨૦૨૫

# ભારત અને માલદીવના સંબંધોમાં નવી શરૂઆત

ભારત અને માલદીવ વચ્ચેના સંબંધોમાં કડવાશ ધોવાઈને ફરી મિઠાશ અનુભવાઈ રહી છે. બે વર્ષ અગાઉ બંને દેશ વચ્ચેના સંબંધ એકદમ ગાઢ અને એકમેકને પૂરક હતા. પરસ્પર સહયોગના આ સંબંધોમાં છેલ્લાં બે વર્ષ દરમ્યાન ચીનના દુરાગ્રહને લીધે માલદીવે ભારત વિરોધી વલણ લેવું શરૂ કર્યું હતું. પણ હવે બંને દેશ પોતાના જૂના સહયોગની પુનસ્થાપના માટે અને તેને નવું સ્વરૂપ આપવા માટે સક્રિય બન્યા છે. ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તાજેતરની તેમની માલે યાત્રા દરમ્યાન માલદીવને ૪૮૫૦ કરોડ રૂપિયાના ધિરાણની સુવિધાની જાહેરાત કરી અને તેની સાથોસાથ બંને દેશ વચ્ચે મુક્ત વેપાર કરારને આખરી સ્વરૂપ આપવાની સંમતિ પણ સધાઈ છે. લાંબા સમયના ખટરાગ બાદ માલદીવને ભારત સાથેના સંબંધોની અનિવાર્યતાનું ભાન થયું છે. હવે વડાપ્રધાન મોદીએ માલેની મુલાકાત લઈને સંબંધોને ફરી પાટે ચડાવવાના નિર્ણાયક પગલાં લીધાં છે. આ મુલાકાત દરમ્યાન ધિરાણ મંજૂર કરવાની સાથોસાથ મત્સ્યપાલન, હવામાન વિજ્ઞાન, ડિજિટલ સેવાઓ ભારત કૃષિ સહકાર અને યુપીઆઈ જેવા વિષયો પર છ કરાર થયા છે. આની સાથોસાથ સંરક્ષણ અને દરિયાઈ સલામતીને લગતા ચાવીરૂપ ક્ષેત્રોમાં યોજાયેલી મંત્રણાથી એવી આશા જાગી છે કે, આ વ્યૂહાત્મક મુદ્દા પર સંબંધોમાં નવો અધ્યાય રચી શકાશે. ભારતે તેની સામે માલદીવના નેતાઓના ઉશ્કેરણીજનક નિવેદનોની સામે ધીરજ ધરીને સંબંધોમાં ફરી હકારાત્મક માહોલ રચ્યો તે રાજદ્વારી પરિપક્વતાનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. ઉલ્લેખનીય છે કે, માલદીવના રાષ્ટ્રપતિ મોહમ્મદ મોઈજ્જુએ સત્તા સંભાળ્યા બાદ જે વલણ લીધું તેનાથી બંને દેશના સંબંધોમાં કડવાશ વ્યાપી હતી. ખાસ તો તેમણે માલદીવમાં ભારતીય લશ્કરની હાજરીની સામે ભારે વાંધો ઉઠાવ્યો હતો. તેમણે ભારત વિરોધી નિવેદનો કર્યાં હતાં. આવા સંજોગોમાં ભારતીયોનો રોષ ફાટી નીકળ્યો હતો અને માલદીવના પ્રવાસના બહિષ્કારનો ટ્રેન્ડ ચાલ્યો હતો, પણ ભારત સરકારે ભારે ધીરજ જાળવી ને વાતે હાથમાંથી સરી જતી રોકી હતી. ભારતે માલદીવના આવા અણધાર્યા વલણના જવાબમાં તેને મદદ અને સહયોગના દરવાજા ભીડી દીધા ન હતા. એમ કહેવાયું હતું કે, ચીનના પ્રભાવ તળે માલદીવે ભારત વિરોધી વલણ લીધું હતું, પણ બીજા દેશોની જેમ ચીનના ઈરાદાને સમયસર પારખી ગયેલા મોઈજ્જુને વાસ્તવિક્તાનું ભાન થયું હોય તેમ ભારત તરફના વલણને કુંણું બનાવ્યું છે. આખરે માલદીવે ભારત સાથેના સંબંધ ફરી સુધારવા પહેલ કરતાં મોદીની મુલાકાત યોજાઈ હતી. દ્વિપક્ષીય સંબંધ ફરી પાટે ચડવા લાગ્યા છે. ટચુકડો ટાપુ દેશ માલદીવ ભારતના પ્રવાસીઓની આવક પર ભારે આધારિત રહે છે. આવામાં જો ભારતીય પ્રવાસીઓ આવતા બંધ થાય કે ઓછા થાય તેનું અર્થતંત્ર પડી ભાંગે એ વાત નક્કી છે. ભારત પણ સમજે છે કે, હિન્દ મહાસાગરમાં વ્યૂહાત્મક સંતુલન માટે માલદીવ ચાવીરૂપ છે, ત્યાં ચીનનો પગપેસારો ભારતીય હિતોને નુકસાન પહોંચાડી શકે છે. આમ આવનારા સમયમાં સંબંધો જૂના સ્વરૂપમાં ફરી મૂર્તિમંત થાય તેનાથી ભારત અને માલદીવ બંનેનાં હિતો જળવાઈ શકશે એમાં કોઈ શંકા નથી.

**આવા સંજોગોમાં ભારતીયોનો રોષ ફાટી નીકળ્યો હતો અને માલદીવના પ્રવાસના બહિષ્કારનો ટ્રેન્ડ ચાલ્યો હતો, પણ ભારત સરકારે ભારે ધીરજ જાળવી ને વાતે હાથમાંથી સરી જતી રોકી હતી. ભારતે માલદીવના આવા અણધાર્યા વલણના જવાબમાં તેને મદદ અને સહયોગના દરવાજા ભીડી દીધા ન હતા.**

# હિન્દી-ચીની ભાઈ-ભાઈ?

ભારત-ચીની ભાઈ ભાઈના દિવસો ફરીથી શરૂ થઈ રહ્યા છે. લગભગ પાંચ વર્ષના ગાળા પછી ભારતે ચીની નાગરિકોને ટૂરિસ્ટ વિઝા આવતા મહિનાથી આપવાની જાહેરાત કરી છે. વર્ષ ૨૦૨૦માં ગલવાન ખાતે ચીની સૈનિકોએ ઘૂસણખોરી કરવાનો પ્રયાસ કર્યો ત્યારે ભારતીય સૈનિકોએ એમને રોક્યા અને બાથંબાથી થઈ ત્યારથી સરહદ ઉપર તંગદિલી વધી હતી અને વિઝા આપવાનું બંધ થયું હતું. ગયા વર્ષે રશિયામાં બ્રિક્સ શિખર પરિષદમાં મોદી ચીનના પ્રમુખ શી જિનપિંગને મળ્યા તે પછી તંગદિલી હળવી થવાની શરૂઆત થઈ હતી અને ઉચ્ચકક્ષાએ મુલાકાતો થયા પછી સરહદ ઉપર સૈનિકોની સંખ્યા પણ ઘટાડવામાં આવી છે. આ વર્ષે ભારતીય યાત્રીઓ માટે કૈલાસ માનસરોવર યાત્રાનો માર્ગ પણ ખોલવામાં આવ્યો છે. આપણા વિદેશપ્રધાન એસ. જયશંકરે ચીની વિદેશપ્રધાનને પણ અનુરોધ કર્યો હતો કે, શાંઘાઈ સહકાર ગ્રુપની બેઠકમાં અધ્યક્ષપદે ચીન હશે. એમણે પાકિસ્તાની આતંકવાદ વિરોધી ટિપ્પણી કરવી જોઈએ. આ પછી ચીનની પ્રતિક્રિયા યોગ્ય હોવાનું મનાય છે. ગલવાન સંઘર્ષ બાદ પહેલીવાર ભારત-ચીન વચ્ચે ચીનમાં યોજાયેલી આ ઉચ્ચ સ્તરીય મંત્રણા દરમ્યાન ચીની ઉપરાષ્ટ્રપતિ હાન ઝેંગે ૨૦૨૩માં વડાપ્રધાન મોદી અને ચીની સુપ્રીમો શી જિનપિંગ વચ્ચેની મુલાકાતનો ઉલ્લેખ કરતાં કહ્યું હતું કે, બંને નેતાની મુલાકાત પછી બંને દેશે એકબીજાના સહાયકની ભૂમિકા ભજવવી જોઈએ. એક સકારાત્મક પગલાં તરીકે કૈલાસ માનસરોવર યાત્રાને મંજૂરી આપી છે. વડાપ્રધાન મોદી આવતા મહિને શાંઘાઈ સહકાર ગ્રુપની શિખર પરિષદમાં જનારા છે, તે પહેલાં વિઝા સવલતની જાહેરાત છે તેને ચીનના વિદેશ ખાતાએ રચનાત્મક પગલું કહીને આવકારી છે અને કહ્યું છે કે, સરહદ ઉપરની તંગદિલી ઘટે અને પ્રવાસની છૂટછાટ મળે એ આવકારપાત્ર છે. ચીન પણ સંવાદ વહેવાર ચાલુ રાખીને બંને દેશ વચ્ચેની અવરજવર આસાન બનાવશે. હવે ૩૧મી ઓગસ્ટે મળનારી શિખર પરિષદમાં હાજરી આપવા જાય તો સાત વર્ષમાં મોદીની આ પ્રથમ ચીન મુલાકાત હશે. હવે સરહદ ઉપર સુમેળ અને સંવાદ વધારવા માટે ઉચ્ચકક્ષાએ વાટાઘાટ જારી રહેશે. આ માટે ચીનના વિશેષ પ્રતિનિધિ ભારતના રાષ્ટ્રીય સલામતી સલાહકાર અજિત ડોભાલને મળનારા છે. યાત્રીઓને વિઝા શરૂ થયા પછી ભારતમાં ચીની મૂડીરોકાણ અને ભાગીદારીમાં પણ વૃદ્ધિ થવાની આશા છે.

**એક સકારાત્મક પગલાં તરીકે કૈલાસ માનસરોવર યાત્રાને મંજૂરી આપી છે. વડાપ્રધાન મોદી આવતા મહિને શાંઘાઈ સહકાર ગ્રુપની શિખર પરિષદમાં જનારા છે, તે પહેલાં વિઝા સવલતની જાહેરાત છ**

### પાકિસ્તાનનો સવાલ છે તો પાકિસ્તાન તો આતંકવાદીઓ પકડાય તેમને પણ પોતાના માનવા તૈયાર નથી હોતું.

# રાજનાથે વિપક્ષના સવાલોના જવાબ આપ્યા

### પાકિસ્તાને સાવ નામક્કર જઈને હાથ ઊંચા કરી નાખેલા ને જાહેર કરી દીધેલું કે, કસાબ તો પાકિસ્તાની છે જ નહીં.

જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા અને તેના પગલે ભારતીય લશ્કરે પાકિસ્તાનમાં ઘૂસીને કરેલા ઓપરેશન સિંદૂર અંગે સંસદમાં ચર્ચા શરૂ થઈ ગઈ છે. આ ચર્ચા પહેલાં કૉંગ્રેસના વરિષ્ઠ નેતા પી. ચિદમ્બરમે કરેલા સવાલે કોંગ્રસની માનસિકતા ફરી એક વાર છતી કરી દીધી છે. ચિદમ્બરમે સવાલ કર્યો છે કે, આતંકવાદીઓ પાકિસ્તાનથી જ આવ્યા હતા એવું કઈ રીતે કહી શકાય?

ઓપરેશન સિંદૂર પર સંસદમાં ચર્ચાના થોડા કલાકો પહેલાં જ ચિદમ્બરમે દાવો કર્યો કે, નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઈએ)એ જણાવવા તૈયાર નથી કે અત્યાર સુધીમાં તેમણે શું કર્યું છે. એનઆઈએ એ આતંકવાદીઓની ઓળખ કરી લીધી હોય કે પછી આતંકવાદી ક્યાંથી આવ્યા હતા તેની વિગતો જાહેર કરી નથી એ જોતાં આતંકવાદીઓ ભારતના જ હોય એ શક્ય છે. આતંકવાદીઓ પાકિસ્તાનથી જ આવ્યા હતા એવું માની લેવું ભૂલભરેલું છે કેમ કે આતંકી પાકિસ્તાની હતા તેનો કોઈ પુરાવો નથી.

આ મામલે હોબાળો થયો પછી ચિદમ્બરમે ટીપિકલ રાજકારણીની સ્ટાઈલમાં એમ કહીને હાથ ખંખેરી નાખ્યા કે, મારા નિવેદનને ખોટી રીતે રજૂ કરવામાં આવ્યું છે. દરેક રાજકારણી આવી વાત કરતો હોય છે ને પોતાના કહેવાનો મતલબ આ નહોતો એવું કહીને છટકી જાય છે પણ શું મતલબ હતો એ કહેતો નથી. ચિદમ્બરમે પણ એ જ કર્યું છે અને તેમના કહેવાનો મતલબ શું છે એ કહ્યું નથી કેમ કે ચિદમ્બરમના કહેવાનો બીજો કોઈ મતલબ જ નહોતો.

ચિદમ્બરમે જે કહ્યું એ શબ્દશઃ મીડિયામાં આવ્યું છે અને ચિદમ્બરમનું નિવેદન આઘાતજનક છે કેમ કે આડકતરી રીતે ચિદમ્બરમ પહલગામ આતંકવાદી હુમલામાં પાકિસ્તાનને ક્લીન ચિટ આપી રહ્યા છે અને પહલગામના આતંકવાદી હુમલા માટે ભારતનાં જ લોકો જવાબદાર હોવાનો આક્ષેપ કરી રહ્યા છે. એક રીતે ચિદમ્બરમ પહલગામ હુમલા અંગે મોદી સરકારે કરેલા દાવાઓને ખોટા ગણાવી રહ્યા છે અને મોઘમ રીતે એવું કહી રહ્યા છે કે, પહલગામ હુમલાનું કારસ્તાન મોદી સરકારનું જ ષડયંત્ર છે અને સરકાર હવે પાકિસ્તાન પર દોષનો ટોપલો ઢોળીને હાથ ખંખેરી રહી છે.જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા અને તેના પગલે ભારતીય લશ્કરે પાકિસ્તાનમાં ઘૂસીને કરેલા ઓપરેશન સિંદૂર અંગે સંસદમાં ચર્ચા શરૂ થઈ ગઈ છે. આ ચર્ચા પહેલાં કૉંગ્રેસના વરિષ્ઠ નેતા પી. ચિદમ્બરમે કરેલા સવાલે કોંગ્રસની માનસિકતા ફરી એક વાર છતી કરી દીધી છે. ચિદમ્બરમે સવાલ કર્યો છે કે, આતંકવાદીઓ પાકિસ્તાનથી જ આવ્યા હતા એવું કઈ રીતે કહી શકાય?

ઓપરેશન સિંદૂર પર સંસદમાં ચર્ચાના થોડા કલાકો પહેલાં જ ચિદમ્બરમે દાવો કર્યો કે, નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઈએ)એ જણાવવા તૈયાર નથી કે અત્યાર સુધીમાં તેમણે શું કર્યું છે. એનઆઈએ એ આતંકવાદીઓની ઓળખ કરી લીધી હોય કે પછી આતંકવાદી ક્યાંથી આવ્યા હતા તેની વિગતો જાહેર કરી નથી એ જોતાં આતંકવાદીઓ ભારતના જ હોય એ શક્ય છે. આતંકવાદીઓ પાકિસ્તાનથી જ આવ્યા હતા એવું માન લેવું ભૂલભરેલું છે કેમ કે આતંકી પાકિસ્તાની હતા તેનો કોઈ પુરાવો નથી.આ મામલે હોબાળો થયો પછી ચિદમ્બરમે ટીપિકલ રાજકારણીની સ્ટાઈલમાં એમ કહીને હાથ ખંખેરી નાખ્યા કે, મારા નિવેદનને ખોટી રીતે રજૂ કરવામાં આવ્યું છે. દરેક રાજકારણી આવી વાત કરતો હોય છે ને પોતાના કહેવાનો મતલબ આ નહોતો એવું કહીને છટકી જાય છે પણ શું મતલબ હતો એ કહેતો નથી. ચિદમ્બરમે પણ એ જ કર્યું છે અને તેમના કહેવાનો મતલબ શું છે એ કહ્યું નથી કેમ કે ચિદમ્બરમના કહેવાનો બીજો કોઈ મતલબ જ નહોતો.ચિદમ્બરમે જે કહ્યું એ શબ્દશઃ મીડિયામાં આવ્યું છે અને ચિદમ્બરમનું નિવેદન આઘાતજનક છે કેમ કે આડકતરી રીતે ચિદમ્બરમ પહલગામ આતંકવાદી હુમલામાં પાકિસ્તાનને ક્લીન ચિટ આપી રહ્યા છે અને પહલગામના આતંકવાદી હુમલા માટે ભારતનાં જ લોકો જવાબદાર હોવાનો આક્ષેપ કરી રહ્યા છે. એક રીતે ચિદમ્બરમ પહલગામ હુમલા અંગે મોદી સરકારે કરેલા દાવાઓને ખોટા ગણાવી રહ્યા છે અને મોઘમ રીતે એવું કહી રહ્યા છે કે, પહલગામ હુમલાનું કારસ્તાન મોદી સરકારનું જ ષડયંત્ર છે અને સરકાર હવે પાકિસ્તાન પર દોષનો ટોપલો ઢોળીને હાથ ખંખેરી રહી છે. પહલગામમાં હુમલો કરનારા આતંકવાદી હજુ સુધી ઝડપાયા નથી તેથી આતંકવાદીઓની ઓળખ છતી નથી થઈ એ વાત સાચી છે. આ સંજોગોમાં આતંકવાદીઓ પાકિસ્તાની ના હોય એવું બને પણ સવાલ આતંવાદીઓ ક્યા દેશના નાગરિક છે કે ક્યાં રહે છે એ મહત્ત્વનું નથી ને તેનાથી કોઈ ફરક પણ નથી પડતો. આ હુમલો કોણે કરાવ્યો એ મહત્ત્વનું છે. હુમલો કરનારા જમ્મુ અને કાશ્મીરના હોય તો ટેકનિકલી પાકિસ્તાની ના કહેવાય પણ પાકિસ્તાનના ઈશારે હુમલો કર્યો તેનો મતલબ આ હુમલો પાકિસ્તાને જ કરાવ્યો છે.પાકિસ્તાન જમ્મુ અને કાશ્મીરના યુવાઓને ગુમરાહ કરીને હાથમાં બંદૂકો પકડાવી રહી છે, આતંકવાદના રવાડે ચડાવી રહી છે. કહેવાતી જિહાદના નામે આ યુવકો પાકિસ્તાનના ઈશારે નિર્દોષ લોકોનાં લોહી વહાવી રહ્યા છે એ જોતાં પાકિસ્તાનીઓ સીધા હુમલામાં સામેલ હોય કે ના હોય, આ હુમલો પાકિસ્તાને જ કરાવેલો કહેવાય.એનઆઈએ અને આપણી બીજી એજન્સીઓની આ ઘોર નિષ્ફળતા કહેવાય કે પહલગામ હુમલાના અઢી મહિના પછી પણ આપણે હુમલો કરનારા આતંકીઓને શોધી નથી શક્યા. હુમલો કર્યા પછી આ આતંકીઓ હવામાં ઓગળી ગયા ને આપણે તેમના સગડ નથી શોધી શક્યા એ મોટી નિષ્ફળતા છે તેમાં બેમત નથી. પહલગામના હુમલાખોરો તરત જ ઝડપાઈ જવા જોઈતા હતા એ સાચું પણ આતંકવાદીઓ ઝડપાયા નહી માત્ર એ કારણસર પાકિસ્તાને હુમલો કરાવ્યો નથી એવું ના કહી શકાય.ચિદમ્બરમના લોજિકને લાગુ પાડીએ તો ભૂતકાળમાં કૉંગ્રેસના શાસનમાં થયેલા આતંકવાદી હુમલાઓને પણ આ વાત લાગુ પડે જ છે. ભૂતકાળમાં થયેલા સંખ્યાબંધ આતંકવાદી હુમલામાં આતંકવાદીઓ ઝડપાયા નથી કે તેમની ઓળખ છતી થઈ નથી. એ છતાં કૉંગ્રેસની સરકાર આતંકવાદ માટે પાકિસ્તાનને જવાબદાર ગણાવતાં નિવેદનો આપતી હતી તો એ નિવેદનો ખોટાં હતાં?

કૉંગ્રેસે એ વખતે આતંકવાદીઓ પાકિસ્તાની હોવાના કે પાકિસ્તાનના ઈશારે આતંકવાદી ઘટનાને અંજામ અપાયો હોવાના જે કહેવાતા પુરાવા આપેલા એ બધા બકવાસ હતા? ચિદમ્બરમ જ્ઞાન પિરસવા બેઠા છે ત્યારે આ સવાલનો જવાબ આપવો જોઈએ. ચિદમ્બરમ પોતે કૉંગ્રેસની સરકારમાં ગૃહ મંત્રી હતા ને આતંકવાદી હુમલા વખતે પાકિસ્તાનને જવાબદાર ગણાવીને ઊભા થઈ જતા તો એ બધું પણ ખોટું હતું?

### જરૂરી ટિપ્સ : બંધ નાકથી પણ ગરમ પાણીથી છુટકારો મળે છે

# ગરમ પાણીથી શરીરને ખુબ લાભ

- ગરમ પાણી પીવાની બાબત શરીર માટે ઠંડા પાણી પાણી પીવા કરતા અલગ છે : પાચનમાં પણ ઉલ્લેખનીય સુધારો થાય છે

કોરોના વાયરસનો આતંક હાલમાં દેશમાં જરી છે. કોરોનાની બચવા માટે જુદી જુદી ટિપ્સ અને સલાહ નિષ્ણાત લોકો અને તબીબો પણ આવે છે. રોગપ્રતિકારક ક્ષમતા વધે તેવી પૌષ્ટિક ચીજોના ઉપયોગથી વધારે ફાયદો થાય છે. ગરમ પાણી પીવાની બાબત માનવીના શરીર માટે ઠંડા પાણી પીવા કરતા અલગ અસર કરે છે. આ બંને પ્રક્રિયા જુદી જુદી રહેલી છે. ગરમ પાણી પીવાના અનેક પ્રકારના ફાયદા રહેલા છે. ગરમ પાણી પીવાથી માનવીના શરીરમાં પાચટન તંત્રમાં સુધારો થાય છે. બંધ નાકથી પણ રાહત મળે છે. તે શરીરને વધારે આરામ આપે છે. શરીરને સ્વસ્થ રાખવા માટે કોઇ પણ વ્યક્તિને દિવસની શરૂઆત ગરમ પાણીથી કરવી જોઇએ અને દિવસના અંતે પણ રાત્રે ગરમ પાણીનો ઉપયોગ કરવાની જરૂર રહેલી છે. પાણી જીવન માટે કેટલુ મહત્વ રાખે છે તે બાબત વારંવાર અમે વાંચતા રહીએ છીએ. જેથી આનાથી તમામ લોકો સારી રીતે વાકેફ છે. જો એમ કહેવામાં આવે કે પાણી વગર જીવન શક્ય નથી તો આ બાબત ૧૦૦ ટકા સાચી છે. અહીં આજે અમે ગરમ પાણીના ફાયદા અંગે વાત કરી રહ્યા છીએ. સૌથી પહેલા તો જો નાંક બંધ છે તો ગરમ પાણીના કારણે તે ખુલી જાય છે. ગરમ પાણી પીવાથી માનવીની પાચન ક્રિયા સક્રિય રહે છે. તેમાં સુધારો થાય છે. પાણીની મદદથી વ્યક્તિની પાચન ક્રિયા ચાલે છે. જ્યારે પાણી આંતરડા અને પેટમાં આવે છે ત્યારે તેના કારણે પાચન તંત્ર વધારે સારી રીતે કામ કરવા લાગી જાય છે. જેના કારણે તે કચરાને સરળ રીતે દુર કરવામાં સફળ રહે છે. આની સાથ સાથે ગરમ પાણી પેટની અંદર એવી ચીજોને પણ દુર કરી નાંખે છે જેને પચાવવામાં તકલીફ પડે છે. જ્યારે અમે ઠડા પાણીનો ઉપયોગ કરીએ છીએ ત્યારે તેનાથી ઓછા લાભ છે પરંતુ ગરમ પાણી પીવામાં આવે તો આના કારણે આંતરડાને સંકુચિત થવામાં મદદ મળે છે. સવારમાં ગરમ પાણી પીવાથી ખુબ લાભ થાય છે. વજન ઘટાડી દેવા માટેની ઈચ્છા ધરાવતા લોકોના માટે ગરમ પાણી ઉપયોગી સાબિત થઇ શકે છે. કારણ કે ગરમ પાણી પીવાના કારણે શરીરની તાપમાન નિયંત્રણ પ્રણાલી ફરીથી સક્રિય થાય છે. ગરમ પાણી પીવાથી માનવીના શરીરને રાહત મળે છે. આના કારણે શરીરને ફુલાવી દેવામાં મદદ કરનાર ખરાબ પદાર્થ શરીરની બહાર નિકળે છે. આના કારણે વજનને વધતા રોકવામાં મદદ મળે છે. સ્ટ્રેસને પણ ઘટાડી દેવામાં ગરમ પાણીની ભૂમિકા રહેલી છે. ગરમ પાણી પીવાથી સેન્ટરલ વર્વસ સિસ્ટમ સારી રીતે કામ કરે છે. આના કારણે ગરમ પાણી પીનાર લોકો ઓછા ચિંતિત રહે છે. ગરમ પાણી પીવાથી વધારે શાંતિનો પણ અનુભવ થાય છે. જો તમે ગરમ પાણી પી રહ્યા છો તો તેના કારણે બોડીના ટોક્સિન્સ બહાર નિકળી જાય છે. જેના કારણે સ્વસ્થ રહેવામાં મદદ મળે છે. જો તમે હઈડ્રેટેડ થવાની તમે વાત કરો છો તો ગરમ પાણી અને ઠંડા પાણીની વચ્ચે વધારે અંતન નથી. એમ માનવામાં આવે છે કે એક પુખ્ય વયની વ્યક્તિ દિનમાં ઓછામાં ઓછા ૨-૩ લીટર પાણી પીવે છે. જો તમે દિવસની શરૂઆત ગરમ પાણીની સાથે કરી રહ્યા છો તો તમે હાઈડ્રેટેડ રાખી શકો છો. માનવીના શરીરમાં પાણી ખુબ જરૂરી છે. પાણીની કમીને કોઇ ચીજ સાથે પૂર્ણ કરી શકાય તેમ નથી. ગરમ પાણી શરીર માટે એક પ્રકારથી ખુબ આદર્શ તરીકે સાબિત થઇ શકે છે. કોરોના વાયરસનો આતંક હાલમાં જારી છે ત્યારે આ ગરમ પાણી તેની સામે પણ રક્ષણ મેળવી લેવામાં મદદરૂપ બને છે. કોરોના વાયરસનો આંતક જારી છે આવી સ્થિતીમાં તમામ નિષ્ણાંત લોકો ગરમ ચીજોનો ઉપયોગ કરવાની સલાહ આપે છે. ગરમ પાણી અનેક રીતે ઉપયોગી છે. તે શરીર માટે આદર્શ તરીકે છે. સિઝનમાં ફેરફાર થવાની સાથે જ મોટા ભાગના લોકોને શરદી ગરમીની અસર થાય છે. જો કે હાલમાં તો તમામ લોકો ઘરમાં છે. કોરોનાન વાયરસના કારણે ઉભી થયેલી અભૂતપૂર્વ સ્થિતી વચ્ચે લોકો ઘરમાં છે. આવી સ્થિતીમાં કેટલાક લોકોને તો ઘરમાં પણ આ સિઝનલ શરદી ગરમીની અસર થઇ જાય છે. આ તમામ પ્રકારની સિઝનલ તકલીફથી પણ નિયમિત રીતે ગરમ પાણી પીવામાં આવે તો તે બચાવે છે. ફિટનેસમાં માનનાર લોકો ગરમ પાણીને જ વધારે મહત્વ આપે છે.



### છાતીમાં હળવા દુખાવાને પણ હળવાશથી ન લઇ શકાય

# માઇલ્ડ હાર્ટ અટેક પણ ખતરનાક છે

### હાર્ટ સાથે સંબંધિત બિમારી, હાર્ટ અટેક અને સ્ટ્રોકના કારણે ભારતમાં સૌથી વધારે લોકોના મોત થાય છે : હાર્ટ અટેક જીવલેણ છે

હાર્ટ સાથે જોડાયેલી બિમારી, હાર્ટ અટેક અને સ્ટ્રોકના કારણે ભારતમાં સૌથી વધુ સંખ્યામાં લોકોના મોત થાય છે. આ જ કારણ છે કે હાર્ટ અટેકનુ નામ સાંભળતાની સાથે જ દર્દી ભયભીત થઇ જાય છે. આનુ કારણ છે કે હાર્ટ અટેકના કારણે મિનિટોની અંદર જ વ્યક્તિનુ મોત થઇ જાય છે. જો કે કેટલાક લોકોને હાર્ટ અટેકનો હળવો આંચકો આવે છે. જેને માઇલ્ડ હાર્ટ અટેક કહેવામાં આવે છે. આ માઇલ્ડ અટેક હાર્ટ અટેકના મોટા કારણ તરીકે હોય છે. માઇલ્ડ હાર્ટ અટેક મેડર અટેકના કારણ તરીકે હોય છે. જો કે જાણકારીના અભાવમાં લોકો આને હાર્ટ બર્ન અથવા તો ગેસની સમસ્યા સમજીને નજર અંદાજ કરી નાંખે છે. જે તેમના માટે ભારે પડી જાય છે. મેક્સ હોસ્પિટલના કાર્ડિયોલોજિસ્ટ ડોક્ટર વિવેક કુમાર કહે છે કે માઇલ્ડ હાટ અટેકના પણ કેટલાક લક્ષણો રહેલા છે. માઇલ્ડ હાર્ટ અટેક શુ છે તેની વાત કરવામાં આવે તો વિવેક કહે છે કે માઇલ્ડ હાર્ટ અટેકનુ નામ સામાન્ય ભાષામાં નાના હાર્ટ અટેક તરીકે કહેવામાં આવે છે. આમાં પણ પ્રક્રિયા તો એજ હોય છે. જે હાર્ટ અટેકમાં હાર્ટને સંપૂર્ણરીતે બંધ કરી નાંખે છે. જો કે આમાં હાર્ટને સંપૂર્ણરીતે નુકસાન થતુ નથી. ટ્રેડમિલ પર દોડતી વેળા પણ હાર્ટ અટેકનો ખતરો રહે છે જેથી સાવધાની જરૂરી રહે છે. ડોક્ટર વિવેક કહે છે કે માઇલ્ડ અટેક અથવા તો નાના અટેક બાદ શરીરમાં બ્લડ ફ્લો સામાન્ય થઇ જાય છે. જેથી લોકોને લાગે છે કે આ ગેસની સમસ્યા અથવા તો હાર્ટ બર્ન સમજીને નજરઅંદાજ કરી નાંખે છે. જો કે માઇલ્ડ હાર્ટ અટેકને મોટો હાર્ટ અટેકનો સંકત કહી શકાય છે. તેને ગંભીરતાની સાથે ગણવામાં આવે તે જરૂરી છે. આ પ્રકારના મામલામાં આગામી ૩૦ દિવસોમાં ફરી એકવાર અટેક આવવાનો ખતરો રહેલો છે. આ હાર્ટ અટેક પણ મોટા હાર્ટ અટેકની જેમ જ હોય છે. જો કે આમાં દર્દીને સમય મળી જાય છે અને તે સારવાર કરાવી શકે છે. જરૂરી સાવધાની રાખવામાં આવે તે ખુબ જરૂરી છે. માઇલ્ડ હાર્ટ અટેકમાં ભારે પણુ લાગે છે. બેચેની રહે છે. જોકે આ લક્ષણની ઇન્ટેનસિટી ઓછી હોય છે. જેથી લોકો આને નજર અંદાજ કરી નાંખે છે. હાર્ટ અટેક પોતે એક ઇમરજન્સી મેડિકલ સ્થિતી છે. જેમાં કેટલીક વખત તો દર્દીને હોસ્પિટલમાં પહોંચવા માટેનો પણ સમય મળતો નથી. પોતાના નજીકના તબીબનો તરત સંપર્ક કરવામાં આવે તે જરૂરી છે. માઇલ્ડ હાર્ટ અટેકની શક્યતા હોવાની સ્થિતીમાં દર્દીને ટ્રોપોનિન ટેસ્ટ માટેની સલાહ આપવામાં આવે છે. આમાં ઇસીજી, ઇકો અને કાર્ડિયેક એન્જાઇમ્સની ચકાસણીની સલાહ આપવામાં આવે છે. જુદા જુદા પ્રકારના પોષક તત્વો ધરાવતાં ફ્રૂટ આરોગ્ય માટે ખૂબ જ ઉપયોગી રહે છે. હવે ઓસ્ટ્રેલિયામાં કરવામાં આવેલા નવા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે સફરજન હાર્ટ સાથે સંબંધિત તકલીફોને દૂર કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરે છે. હાર્ટના આરોગ્યને જાળવી રાખવામાં તે ઉપયોગી છે. કાર્ડિયો હેલ્થ સાથે સફરજનના સીધા સંબંધો રહેલા છે. યુનિવર્સિટી ઓફ વેસ્ટન ઓસ્ટ્રેલિયામાં ફાર્મા કોલોજીમાં તબીબી વિદ્યાર્થી દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં

જણાવવામાં આવ્યું છે કે સફરજનમાં ઘણા પોષક તત્વો રહેલા છે. નાઈટ્રીક ઓક્સાઈડ (એનઓ) ઉત્પાદન પર સફરજનની અસરમાં અભ્યાસની પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી છે. આ તમામ પ્રકારના પોષક તત્વો હાર્ટ માટે ઉપયોગી સાબિત થાય છે. અભ્યાસમાં જાણવા મળ્યું છે કે ઈન્ડોથેલિયમના નાઈટ્રીક ઓક્સાઈડ ઉત્પાદન કરવામાં તથા બ્લડ વિસલ સાથે સંબંધ રહેલા છે. વિટામીન પી અને સીલટ્રીન તરીકે જાણીતા ફ્લેવોનોઈડ સફરજનના સ્કીન ઉપર અસરમાં મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરે છે. નાઈટ્રી ઓક્સાઈડ નજીકના સ્નાયુઓને આરામદાયક સ્થિતિમાં રાખવામાં તથા તેમને મજબૂત બનાવવામાં ભૂમિકા ભજવે છે. આરામના પરિણામ સ્વરૂપે બ્લડ વિસલના કારણે લોહીના પ્રવાહમાં સ્થિરતા જળવાય છે. શ્રેણીબદ્ધ ટેસ્ટ કરી ચૂકેલા આરોગ્ય સાથે સંકળાયેલા નિષ્ણાંતોને આવરી લઈને અભ્યાસની પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી હતી. અભ્યાસના ભાગરૂપે દિવસ બ્લેકફાસ્ટમાં સફરજન અને લંચમાં પણ સફરજનની સાથે નાળિયેર આપવાની વાત થઈ હતી.





## હેપ્પી બર્થડે સંજુ બાબા :રેખા હજુ પણ સંજય દત્તના નામનો સેંથો પૂરે છે?

# ટીના મુનિમ અને માધુરી દીક્ષિત સાથે અફેરની ચર્ચા વચ્ચે ત્રણ લગ્ન કર્યા; ’ખલનાયક’ તરીકે દર્શકોનાં દિલ પર રાજ કર્યું

બોલિવૂડના લીજેન્ડરી કપલ- સુનીલ દત્ત અને નરગિસના ઘરે ૨૯ જુલાઈ ૧૯૫૯ના રોજ જન્મેલા સંજય દત્તે પોતાના દમદાર અભિનયથી દુનિયાભરના દર્શકોનાં દિલ જીતી લીધાં છે. પિતાના બેનર હેઠળ બનેલી ફિલ્મ ’રેશ્મા ઔર શેરા’થી બાળકલાકાર તરીકે પોતાની કારકિર્દીની શરૂઆત કરનાર સંજય દત્તે જીવનના તમામ ઉતાર-ચઢાવ વચ્ચે પણ બોલિવૂડમાં પોતાનું આગવું સ્થાન બનાવ્યું છે. નામ, કામ, પ્રેમ, વિવાદો સંજય દત્તના જીવનના મહત્ત્વના પાસાં રહ્યા છે. તેમાંથી આજે તેના જન્મદિવસ પર તેના જીવનના એક ખાસ પાસાને - પ્રેમ વિશે - ઊંડાણપૂર્વક જાણવાનો પ્રયાસ કરીશું. એક સમય એવો હતો, જ્યારે સંજયના અફેરની ચર્ચા ટોક ઓફ ધ ટાઉન હતી. એવું કહેવાય છે કે, તેના ૩૦૮થી વધુ છોકરીઓ સાથે અફેર છે. તેનું નામ ટીના મુનિમ (અનિલ અંબાણીનાં પત્ની), માધુરી દીક્ષિત અને રેખા જેવી અભિનેત્રીઓ સાથે જોડવામાં આવ્યું છે. કહેવાય છે કે તેણે રેખા સાથે લગ્ન પણ કરી લીધા હતા. રેખા સંજય દત્તના નામનો સેંથો પૂરે છે. આખરે આની પાછળ સત્ય શું છે? ચાલો જાણીએ.

**રેખાએ સંજય દત્ત સાથે મંદિરમાં લગ્ન કર્યા હતા**


રેખા અને સંજય દત્ત ફિલ્મ ’જમીન આસમાન’માં સાથે જોવા મળ્યાં હતાં. આ ફિલ્મના શૂટિંગ દરમિયાન બંને વચ્ચે નિકટતા વધી હતી. મીડિયા રિપોર્ટ્સનું માનીએ, તો રેખાએ મંદિરમાં જઈને સંજય દત્ત સાથે લગ્ન કરી લીધા હતા. બંને કેટલાંક અઠવાડિયાં સુધી ઘરેથી ગાયબ રહ્યાં. બંનેએ પોતાના ઘરમાં કોઈને કંઈ કહ્યું ન હતું. રેખા અને સંજય દત્તના લગ્ન વિશે સુનીલ દત્તને જાણ થતાં જ તે ખૂબ ગુસ્સે થઈ ગયા હતા. તેમણે સંજય દત્તની શોધ કરી અને રિચા શર્મા સાથે તેના લગ્ન કરાવી દીધા. રેખા સંજય દત્ત કરતાં લગભગ ૫ વર્ષ મોટી છે. તેણે રેખાને સંજયથી દૂર રહેવાની સલાહ આપી. શું રેખા હજુ પણ સંજય દત્તના નામનો સેંથો પૂરે છે? આ જાણતા પહેલા આવો જાણીએ સંજય દત્તના ત્રણ ચર્ચિત લગ્ન વિશે.

**એક્ટ્રેસ રિચા શર્મા સાથે પહેલાં લગ્ન કર્યા**

સંજય દત્તે ૧૯૮૭માં રિચા શર્મા સાથે લગ્ન કર્યા હતા. રિચા અને સંજય દત્તની દીકરી ત્રિશાલા દત્ત અમેરીકાના ન્યૂયોર્કમાં રહે છે. લગ્ન બાદ રિચાને કેન્સર હોવાનું નિદાન થયું હતું. તેણે આ રોગની સારવાર અમેરિકામાં કરાવી હતી. તેની તબિયતમાં સુધારો પણ થયો. જો કે, બાદમાં તેની તબિયત ફરી બગડવા લાગી અને ૧૦ ડિસેમ્બર ૧૯૯૬ના રોજ ૩૨ વર્ષની વયે તેનું અવસાન થયું. દેવ આનંદની ફિલ્મ ’હમ નૌજવાન’ સિવાય રિચા શર્માએ ’અનુભવ’, ’ઈન્સાફ કી આવાઝ’, ’સડક છાપ’ જેવી ફિલ્મોમાં કામ કર્યું હતું.રિચાના મૃત્યુ પછી સંજયના જીવનમાં મોડલ અને સોશિયલાઈટ રિયા પિલ્લઈ આવી. બંને એકબીજાને પહેલાથી ઓળખતા હતાં. મુંબઈ બ્લાસ્ટ કેસમાં સંજયને જેલમાં જવું પડ્યું, ત્યારે તેઓ એકબીજાની નજીક આવ્યાં હતાં. તે સમયે રિયાએ સંજયનો સાથ છોડ્યો નહોતો. તે હૈદરાબાદના મહારાજા નરસિંહગીર ધનરાજગીર જ્ઞાન બહાદુરની પૌત્રી છે. સંજયે રિયા પિલ્લઈને તેના મુશ્કેલ સમયમાં તેની સાથે જોઈ અને તેના આ સ્વભાવે સંજયને પ્રભાવિત કર્યો. જેલમાંથી બહાર આવ્યા બાદ સંજયે વેલેન્ટાઈન ડે પર રિયાને પ્રપોઝ કર્યું અને ૧૪ ફેબ્રુઆરી ૧૯૯૮ના રોજ લગ્ન કરી લીધા.

લગ્ન પછી સંજય દત્તે એક સાથે ઘણી ફિલ્મો સાઈન કરી અને શૂટિંગમાં વ્યસ્ત થઈ ગયો. આ કારણે તે રિયાને સમય આપી શકતો ન હતો. જેના કારણે બંને વચ્ચે અંતર વધવા લાગ્યું અને લગ્નના દસ વર્ષ બાદ ૨૦૦૮માં બંનેના છૂટાછેડા થઈ ગયા. લગ્ન તૂટવા માટે સંજયને જવાબદાર ગણવામાં આવ્યો, જેના કારણે તે લોકોની નજરમાં વિલન બની ગયો.


જો કે, કેટલાક જાણકારો માને છે કે, સંજય દત્ત તે સમયે માન્યતાની નજીક આવી ગયો હતો, જ્યારે રિયાએ ટેનિસ ખેલાડી લિએન્ડર પેસને ડેટ કરવાનું શરૂ કર્યું હતું. બંનેએ પોતાના રસ્તા છૂટા કરી દીધા અને છૂટાછેડાનો કેસ દાખલ કર્યો. યાસિર ઉસ્માને પોતાના પુસ્તક ’ધ ક્રેઝી અનટોલ્ડ સ્ટોરી ઑફ બૉલિવૂડ બૅડ બૉય સંજય દત્ત’માં ઉલ્લેખ કર્યો છે કે, તે સમયે બૉલિવૂડમાં બધાને લાગ્યું કે સંજય દત્ત સાથે છેતરપિંડી થઈ છે, પરંતુ સંજય દત્તે છૂટાછેડાના બદલામાં રિયા પિલ્લઈને બાંદ્રામાં બે ફ્લૅટ પણ આપ્યા હતા. તેમજ તેણે તેની બે કંપનીઓ ’દેજા વુ એન્ટરટેઈનમેન્ટ’ અને ’ગ્લોબલ એન્ટરટેઈનમેન્ટ’ના શેર પણ રિયાને ટ્રાન્સફર કર્યા હતા.બીજી પત્ની રિયા પિલ્લઈથી છૂટાછેડા લીધા પછી સંજય દત્તે ૭ ફેબ્રુઆરી, ૨૦૦૮ના રોજ ત્રીજીવાર માન્યતા સાથે ત ા જ એક્ઝોટિક, ગોવા ખાતે લગ્ન કર્યા.



લગ્ના ૨ વર્ષ ૫ છી, આ દંપતીએ ૨૧ ઓક્ટોબર, ૨૦૧૦ના રોજ તેમના જોડિયા બાળકો શહરાન અને ઈકરા દત્તનું સ્વાગત કર્યું. એવું કહેવાય છે કે, સંજયની બહેનો સંજય અને માન્યતાના લગ્નમાં હાજર રહી ન હતી અને ન તો તેઓએ માન્યતાને તેમની ભાભી તરીકે સ્વીકારી હતી. હવે છેલ્લા કેટલાક વર્ષોમાં વસ્તુઓ બદલાઈ ગઈ છે. હવે માન્યતાના તેની નણંદો સાથે ખૂબ સારા સંબંધો છે.માન્યતા દત્તનું સાચું નામ દિલનવાઝ શેખ છે. માન્યતાએ પ્રકાશ ઝાની ફિલ્મ ’ગંગાજલ’માં આઈટમ નંબર કર્યું હતું. આ ફિલ્મમાં તેના આઈટમ ગીતો ’ચૌક ચૌરાહા’ અને ’અલ્હડ જવાની’ ખૂબ લોકપ્રિય થયા હતા. માન્યતાએ કેટલીક ᗰ અને ઝ ગ્રેડ ફિલ્મોમાં પણ કામ કર્યું હતું. લગ્ન પછી તેણે ન માત્ર પોતાનું નામ બદલ્યું પરંતુ ઈન્ડસ્ટ્રીને પણ કાયમ માટે છોડી દીધી. હવે તે સંજય દત્ત પ્રોડક્શનની સીઈઓ છે.

## એક સાથે ત્રણ મહિલાઓને ડેટ કરી

સંજય દત્તનું જીવન કોઈ ફિલ્મી વાર્તાથી ઓછું નથી. એટલે તો રાજકુમાર હિરાણીએ તેમના જીવન પર ફિલ્મ ’સંજુ’ બનાવી. ’સંજુ’ ફિલ્મમાં સંજય દત્તના ૩૦૮થી વધુ અફેર હોવાનું દર્શાવવામાં આવ્યું હતું. જો કે, સંજય દત્તે ક્યારેય આ વિશે કશું કહ્યું નથી, સિવાય એ કે તેની નાની ઉંમરમાં તેના અફેર હતા. ઈન્ડિયા ટુડે સાથેની વાતચીત દરમિયાન સંજય દત્તે કહ્યું કે, ’તેણે એક જ સમયે ત્રણ મહિલાઓને ડેટ કરી હતી.’ નોંધનીય છે કે, સંજય દત્તનું નામ ટીના મુનીમ, રેખા, માધુરી દીક્ષિત અને લીસા રે જેવી અભિનેત્રીઓ સાથે જોડવામાં આવ્યું છે. ટીના મુનીમ અને સંજય દત્ત બાળપણના મિત્રો હતાં અને ૮૦ના દાયકામાં એકબીજાની નજીક આવી ગયાં હતાં. સંજય દત્તે એકવાર ’સ્ટારડસ્ટ’ને આપેલા ઈન્ટરવ્યૂમાં ટીના મુનીમ માટે પોતાની લાગણી વ્યક્ત કરી હતી. તેણે કહ્યું કે, તે ટીના પ્રત્યે ખૂબ જ પેશનેટ હતો. તેણી તેના જીવનમાં ખૂબ જ મહત્વપૂર્ણ હતી. કહેવાય છે કે, સંજય દત્ત અને માધુરી દીક્ષિત ફિલ્મ ’સાજન’ના શૂટિંગ દરમિયાન એકબીજાની ખૂબ નજીક આવ્યાં હતાં. એક્ટરની પહેલી પત્ની રિચા શર્મા તે સમયે કેન્સર સામે ઝઝૂમી રહી હતી અને તે પોતાની બીમારી દરમિયાન માતા-પિતા સાથે રહેવા અમેરિકા જતી રહી હતી. એક તરફ સંજય દત્ત તેની પહેલી પત્ની રિચાથી દૂર હતો, તો બીજી તરફ માધુરી સાથે તેની નિકટતા વધી રહી હતી. રિચા શર્માની બહેને માધુરી પર ગંભીર આરોપ લગાવ્યા હતા અને તેને ’હોમ બ્રેકર’ એટલે કે ઘર તોડવા વાળી ગણાવી હતી અને કહ્યું હતું કે, તે માણસ નથી કારણ કે તેણે મારી બહેનનું ઘર તોડ્યું છે. જોકે, મુંબઈ બોમ્બ બ્લાસ્ટ કેસ દરમિયાન જ્યારે સંજય દત્તનું નામ ઘરમાં ગેરકાયદેસર હથિયાર રાખવા માટે સામે આવ્યું, ત્યારે માધુરીએ પોતાને એક્ટરથી દૂર કરી લીધી અને બંનેનું બ્રેકઅપ થઈ ગયું.





# આશકા ગોરડિયાઃ સિરિયલોમાં નહીં, પણ ?૧૨૦૦ કરોડના ધંધામાં સફળ!

અભિનેતા રોનિત રોય એક્ટિંગની સાથોસાથ સિક્યુરિટી એજન્સી પણ ચલાવી રહ્યો છે અને સારી કમાણી કરી રહ્યો છે. રોનિત રોયની જેમ ઘણી અભિનેત્રીઓએ પણ બિઝનેસમાં ઝંપલાવ્યું છે અને સફળ બિઝનેસવુમન બની છે. જેમાં કેટરિના કેફ, ક્રિતી સેનન જેવી અનેક અભિનેત્રીઓનો સમાવેશ થાય છે. ટીવીના પડદે ચમકનારી એક અભિનેત્રી પણ આજે પોતાની કોસ્મેટિક કંપનીના કારણે સફળતાના શિખરે પહોંચી છે.

એક્ટિંગ છોડીને બિઝનેમવુમન બની આશકા ગોરડિયા



આશકા ગોરડિયાએ ૨૦૦૦ના વર્ષમાં ટીવીના પડદે પદાર્પણ કર્યું હતું. ૧૯ વર્ષની પોતાની કારકિર્દીમાં આશકાએ અનેક ટીવી સિરીયલ અને રિયાલીટી શોમાં કામ કર્યું હતું. સાથોસાથ તેણે ૨૦૧૮માં પ્રિયાંક શાહ અને આશુતોષ બલાની સાથે મળીને ૫૦ લાખનું રોકાણ કરીને કોસ્મેટિક બાન્ડ શરૂ કરી હતી. પોતાની કંપનીને વધારે સમય આપવા માટે આશકાએ ૨૦૧૯માં પોતાની ટીવી ક્ષેત્રની કરિયરને તિલાંજલિ આપી દીધી હતી.

**૧૨૦૦ કરોડે પહોંચી આશકાની કંપનીની વેલ્યુ**

૨૦૧૯ બાદ આશકા ગોરડિયા પોતાનો પૂરેપૂરો સમય પોતાના બિઝનેસને આપવા લાગી. તેની આ મહેનત રંગ લાવી. તેની કોસ્મેટિક બ્રાન્ડ પહેલી ડિજિટલ બ્રાંડ હતી. તેણે શરૂઆતમાં ઓનલાઈન વેચાણ કર્યું હતું. ધીરે-ધીરે તેણે પોતાની પ્રોડક્ટને ઓફલાઈન વેચવાની પણ શરૂઆત કરી હતી. આ રીતે પહેલા બે વર્ષમાં આશકાએ ૧૦૦ કરોડની કમાણી કરી હતી. આમ, આશકા ગોરડિયા સફળ બિઝનેસવુમન બની. આજે તેની કંપનીની વેલ્યુ ૧૨૦૦ કરોડ પર પહોંચી ગઈ છે.

**આશકા ગોરડિયાનું અંગત જીવન**

ઉલ્લેખનીય છે કે, આશકાએ પોતાના ૧૯ વર્ષની એક્ટિંગ કરિયર દરમિયાન ‘અચાનક ૩૭ સાલ બાદ’, ‘સાત ફેરે’, ‘શુભ વિવાહ’, ‘બાલ વીર’, ‘ક્યૂંકી સાસ ભી કભી બહુ થી’, ‘પિયા કા ઘર’, ‘કુસુમ’, ‘નાગિન’ અને ‘ડાયન’ જેવી ટીવી સિરિયલ તથા બિગ બોસ સીઝન ૬, નચ બલિયે ૮, ઝલક દિખલા જા ૪ અને ખતરોં કે ખિલાડી ૪ તથા કિચન ચેમ્પિયન ૫ જેવા રિયાલિટી શોમાં કામ કર્યું હતું. તેણે ૨૦૧૭માં પોતાના અમેરિકન બોયફ્રેન્ડ બ્રેન્ટ ગોબલ સાથે લગ્ન કર્યા હતા. ૨૦૨૩માં તેઓના ઘરે એક સંતાન પણ જન્મ્યું હતું. હાલ આશકા પોતાના પરિવાર સાથે ગોવા ખાતે નિવાસ કરી રહી છે.

# રૂ.૪૦૦ કરોડની ‘વોર ૨’, ભારતની સૌથી મોંઘી સ્પાય થ્રિલર બનશે

રિતિક અને જુનિયર એનટીઆરની ફિલ્મ ‘વૉર ૨’ આ વર્ષે સૌથી વધુ રાહ જોવાતી ફિલ્મોમાંની એક છે. તાજેતરમાં જ ફિલ્મનું ટ્રેલર લોંચ થયું હતું, ત્યારથી તેની ક્વોલિટી અને સ્કેલ પર ઘણી ચર્ચા છે. આ ફિલ્મમાં ૬ અલગ અલગ પ્રકારની એક્શન સિક્વન્સ હોવાનું ટ્રેલર પરથી ધ્યાનમાં આવે છે, આ વિશ્વકક્ષાની ફિલ્મ ૧૫ ઓગસ્ટના વીકેન્ડમાં રિલીઝ થશે. જેમાં રિતિક મેજર કબીર ઢાલિવાલના રોલમાં, કિઆરા અડવાણી કાવ્યા લુથરાના રોલમાં જોવા મળશે.ફ્રફિલ્મ સાથે સંકળાયેલા ટ્રેડના સુત્રો દ્વારા મળતી માહિતી અનુસાર આ ફિલ્મ સૌથી મોંઘી ફિલ્મ છે, “વૉર ૨ ૪૦૦ કરોડના વિશાળકાય બજેટ પર બની રહેલી ફિલ્મ છે, તેણે ટાઈગર ૩ના ૩૫૦ કરોડના ખર્ચના આંકડા અને પઠાણના ૩૨૫૦ કરોડના ખર્ચના આંકડાને પણ વટાવી દીધો છે. ૪૦૦ કરોડમાં હજુ માર્કેટિંગ અને પ્રિન્ટ પબ્લિસિટીનું બજેટ તો ગણાયું જ નથી.”આ બજેટમાં પણ આ ફિલ્મનાં બંને લીડ એક્ટર્સની મસમોટી ફીનો પણ સમાવેશ થાય છે, આ આંકડાઓ સાંભળીને ભલભલા લોકોની આંખો પહોળી થઈ ગઈ છે. આ ફિલ્મ માટે જુનિયર એનટીએરને ૭૦ કરોડ તેમજ રિતિક રોશનને ૫૦ કરોડ ઉપરાંત ફિલ્મની આવકમાંથી પણ હિસ્સો આપવાની ડીલ કરવામાં આવી છે. જ્યારે કિઆરા અડવાણીને ફી પેટે ૧૫ કરોડ ચૂકવાયા હોવાની ચર્ચા છે. અનિલ કપૂરને આ ફિલ્મમાં ૧૦ કરોડ જેટલી ફી મળી છે. તો મુખ્ય કલાકારોની ફીના જ ૧૫૦ કરોડ થઈ ગયા છે. જ્યારે ફિલ્મના ડિરેક્ટર આયાન મુખર્જીએ આ ફિલ્મ માટે ૩૦ કરોડનો ચેક લીધો છે. ટ્રેડ સુત્રના જણાવ્યા અનુસાર, “બાકીના ૨૨૦ કરોડ ફિલ્મની ઉત્તમ ગુણવત્તા પાછળ અને તેના પહેલા ભારતમાં ન જોવા મળ્યો હોય એવા સ્કેલ પર ખર્ચ થયા છે.”




રિતિકે આ ફિલ્મ માટે જે ફી અને પ્રોફિટ શેરિંગમાં હિસ્સો માગ્યો છે, તેની પણ ચર્ચા છે. આ એક્શન થ્રિલર સ્પાય ફિલ્મમાં રિતિકે પ્રોડ્યુસર આદિત્ય ચોપરા પાસેથી ફી ઉપરાંત મોટો હિસ્સો પ્રોફિટ શેરિંગમાં પણ માગ્યો છે. જ્યારથી આ ફ્રેન્ચાઈઝીની પહેલી ફિલ્મ રિલીઝ થઈ ત્યારથી રિતિક આ ફિલ્મમાં આદિત્ય ચોપરા સાથે પાર્ટનર છે. પહેલી ‘વૉર’ ૨૦૧૯માં યશરાજ ફિલ્મ્સે રિલીઝ કરી હતી. આ ફિલ્મ બધાં જ થિએટરમાંથી ઉતરી જશે પછી આદિત્ય ચોપરા રિતિકને કુલ નાફામાંથી તેનો હિસ્સો આપશે. આ ફિલ્મ કમાણીમાં પણ અનેક ફિલ્મના રેકોરડ તોડશે એવી આશા છે, જેથી રિકિતને ફી ઉપરાંત ઘણો નફો મેળવશે એવી આશા છે. આદિત્ય ચોપરા સાથે શાહરુખ ખાન, સલમાન ખાન અને આમિર ખાન બધાં જ આ પ્રકારની ડીલ કરી ચૂક્યા છે.

આ ફિલ્મથી જુનિયર એનટીઆર હિન્દી ફિલ્મમાં ડેબ્યુ કરશે, ડેબ્યુ માટે ૭૦ કરોડની ફી લીધી હોવાની તો ચર્ચા છે જ, ત્યારે હવે તેની ડીલમાં એક વળાંક આવ્યો છે. સુત્રો દ્વારા મળતી માહિતી અનુસાર ‘વૉર ૨’ના તેલુગુ વર્ઝનના અધિકારો સીધા જ નાગા વામસીને આપી દીધાં છે. રિતિકની જેમ હવે જુનિયર એનટીઆરે પણ ફિલ્મના તેલુગુ વર્ઝન માટે પ્રોફિટ શેરીગ ડીલ કરી લીધી છે.

# પાંચમી ટેસ્ટમાં બુમરાહ રમશે તો અમારા માટે સારું હશે



ઈંગ્લેન્ડ સામેની વર્તમાન ટેસ્ટ ક્રિકેટ સિરીઝમાં રવિવારે ચોથી ટેસ્ટ ડ્રો થતાં હવે ભારત આ સિરીઝ જીતી સકે તેમ તો નથી પરંતુ ઓવલ ખાતેની પાંચમી ટેસ્ટ જીતીને તે સિરીઝ ડ્રો કરાવી શકે છે. આ સંજોગોમાં ભારતે ૩૧મીથી શરૂ થઈ રહેલી ઓવલ ટેસ્ટ જીતવી હવે ફરજિયાત બની ગયું છે. સિરીઝ શરૂ થઈ તે અગાઉ જ ભારતીય ટીમ મેનેજમેન્ટે નક્કી કરી લીધું હતું કે તેઓ જસપ્રિત બુમરાહને પાંચમાંથી ત્રણ જ ટેસ્ટમાં રમાડશે.

હવે ભારતને જ્યારે બુમરાહની ખાસ જરૂર છે ત્યારે રવિવારની ટેસ્ટ બાદ ભારતીય ટીમના સુકાની શુભમન ગિલે કહ્યું હતું કે જો ઝડપી બોલર જસપ્રિત બુમરાહ નિર્ણાયક એવી પાંચમી ટેસ્ટ રમશે તો તે ટીમ માટે મોટી વાત હશે. જોકે ટીમની મૂળ યોજના તેને ત્રણ મેચ પૂરતી મર્યાદિત રાખવાની હતી.

વર્ષની શરૂઆતમાં તનાવનો સામનો કરી રહેલા અને વારંવાર ઈજાનો સામનો કરી રહેલા બુમરાહને શરૂઆતમાં ઈંગ્લેન્ડના લાંબા પ્રવાસમાં ફક્ત ત્રણ ટેસ્ટમાં રમવાની હતી જેથી તેના કાર્યભારને નિયંત્રિત કરી શકાય અને વધુ ઈજાઓ ટાળી શકાય. તે એજબસ્ટનમાં બીજી ટેસ્ટ ચૂકી ગયો હતો જેમાં ભારતનો વિજય થયો હતો પરંતુ બાકીની ત્રણ ટેસ્ટમાં રમ્યો હતો.

માન્ચેસ્ટરમાં ડ્રો બાદ ઈંગ્લેન્ડ હાલમાં સિરીઝમાં ૨-૧થી આગળ હોવાથી પાંચ મેચની સ્પર્ધાને બરાબર કરવા માટે ભારતે ઓવલમાં જીત મેળવવી પડશે.

"જો તેને લાગે છે કે તે સંપૂર્ણપણે ફિટ છે અને અમારા માટે ઉપલબ્ધ છે તો મને લાગે છે કે બુમરાહની હાજરી અમારા માટે મોટી વાત હશે" તેમ ગિલે રવિવારે બીબીસીના 'ટેસ્ટ મેચ સ્પેશિયલ' ટીમના કાર્યક્રમમાં જણાવ્યું હતું.

ભારતીય ટીમના કેપ્ટને મ પણ ઉમેર્યું હતું કે આમ છતાં જો બુમરાહ રમી રહ્યો નથી, તો પણ મને લાગે છે કે અમારી પાસે યોગ્ય પ્રકારનું બોલિંગ આક્રમણ છે.

ઓલ્ડ ટ્રેફોર્ડ ખાતે ચોથી ટેસ્ટમાં બુમરાહે ૩૩ ઓવર ફેંકી હતી અને ૩૧મી જુલાઈથી શરૂ થનારી અંતિમ મેચ માટે તેને પિટ રહેલા તથા ફ્રેશન થવા માટે લગભગ સાડા ચાર દિવસ બાકી છે. તેણે અત્યાર સુધી ત્રણ ટેસ્ટ મેચમાં પાંચ ઈનિંગમાં ૧૧૯.૪ ઓવર ફેંકી છે જે પ્રતિ ઈનિંગ્સની આશરે ૨૪ ઓવર થાય છે.

જોકે, તે સિરીઝમાં ભારતનો સૌથી વધુ વિકેટ લેનારો સંયુક્ત બોલર છે. તેની માફક મોહમ્મદ સિરાઝે પણ ૧૪ વિકેટ ઝડપી છે. જોકે બુમરાહે આ ત્રણ મેચમાં બે વાર પાંચ વિકેટની સિદ્ધિ હાંસલ કરી છે. આમ ભારતીય ટીમ ઈચ્છે છે કે તેમનો આ સ્ટાર બોલર ઓવલ ટેસ્ટમાં રમે.

ઈંગ્લેન્ડના ભૂતપૂર્વ કેપ્ટન એલિસ્ટર કૂક માને છે કે બુમરાહ આ પાંચમી અને અંતિમ ટેસ્ટ રમશે કે નહી તે જાહેર નહી કરીને ગિલે યોગ્ય વ્યૂહાત્મક નિર્ણય લીધો છે. જો તે રમવાનો ન હોય તો પણ તમે હમણાં જાહેર ન કરો અને રણનીતિ જારી રાખો.

જોકે કૂકે એમ ઉમેર્યું હતું કે બુમરાહને ત્રણ ટેસ્ટમાં રમાડવાની નીતિ જાહેર કરીને ભારતે ભૂલ કરી હતી. આમ થાય અને સિરીઝ ગુમાવવાનું જોખમ આવે ત્યારે તમે અગાઉની જાહેરાતને કારણે ફસાઈ જતા હો છો. જો તે રમવા માટે ફિટ ન હોય તો ન રમવું તે યોગ્ય નિર્ણય છે.ભારતના ચીફ કોચ ગૌતમ ગંભીરે પુષ્ટિ આપી હતી કે ઓવલ ટેસ્ટ અગાઉ તમામ ઝડપી બોલરો પસંદગી માટે ઉપલબ્ધ છે અને બુમરાહની ચોથી મેચ રમવાની શક્યતાને નકારી કાઢી નથી.

# ચોથી ટેસ્ટમાં છેલ્લી ઓવર્સનો ડ્રામા, ઈંગ્લેન્ડના બેવડા ધોરણો છત્તા થઈ ગયા





રવીન્દ્ર જાડેજા અને વોશિંગ્ટન સુંદરે રવિવારે બેવડી સદીની ભાગીદારી નોંધાવીને માન્ચેસ્ટરના ઓલ્ડ ટ્રેફોર્ડ ખાતે રમાયેલી ચોથી ક્રિકેટ ટેસ્ટમાં ઈંગ્લેન્ડ સામે ભારતનો પરાજય બચાવ્યો હતો અને મેચ ડ્રોમાં લઈ ગયા હતા. આ સાથે આ બંને ઉપરાંત કેપ્ટન ગિલ અને રાહુલે પણ ભારતને આ મેચમાં પરાજયથી બચાવવા રવિવારે આકરી મહેનત કરી હતી પરંતુ મેચના અંત ભાગમાં ઈંગ્લેન્ડના કેપ્ટન બેન સ્ટોક્સ અને અન્ય ખેલાડીઓએ જાડેજા અને સુંદરે હવે હાથ મિલાવી લેવા જોઈએ તેમ કહીને બંનેને ઉશ્કેરવાનો પ્રયાસ કર્યો હતો જે ઈંગ્લેન્ડના બેવડા ધોરણો પુરવાર કરે છે.

ટેસ્ટ મેચમાં જ્યારે કોઈ પરિણામ શક્ય ન લાગતું હોય તેવા સંજોગોમાં બંને ટીમના સુકાની સહમત થાય તો મેચ છેલ્લા દિવસે એક કલાક વહેલી પૂરી કરી દેવાતી હોય છે પરંતુ તેમાં બંને ટીમની મંજૂરી હોવી જરૂરી છે. જ્યારે રવિવારે જાડેજા અને સુંદરે આખો દિવસ ખેંચી કાઢીને ટીમને ડ્રો માટે મદદ કરી હતી ત્યારે તેઓ આ નિર્ણય લઈ શકે તેમ હતા પરંતુ બંને બેટર તે સમયે સદીની નજીક હતા અને કોઈ પણ ખેલાડી કે ટીમ ઈચ્છે કે તેનો બેટર આ પ્રકારની સિદ્ધિ હાંસલ કરી લે.

જોકે ઈંગ્લેન્ડ આમ ઈચ્છતું ન હતું અને તેઓ મેચ અટકાવી દેવા માટે ભારતીય બેટર્સ પર દબાણ કરી રહ્યા હતા અથવા તો તેવી ચાલ ચાલી રહ્યા હતા. ભારતમાં અને ક્રિકેટ વર્તુળમાં આ બાબતની નોંધ લેવાઈ છે અને ભૂતપૂર્વ ક્રિકેટર્સે તેનો ભારે વિરોધ પણ કર્યો છે.

ભારતના મહાન સ્પિનર રવિચંદ્રન અશ્વિને બેન સ્ટોક્સના આ પ્રયાસને ઈંગ્લેન્ડના બેવડા ધોરણ ગણાવ્યો હતો. તો બીજી તરફ ભારતીય ક્રિકેટ વર્તુળે છેક સુધી રમવાના ભારતના નિર્ણયને સહકાર આપ્યો હતો.

હવે મેચમાં પરિણામ શક્ય નથી તેમ દાવો કરીને બેન સ્ટોક્સે ભારતના બેટર્સને હાથ મિલાવીને મેચ પૂરી કરવાની ઓફર કરી હતી. તે સમયે રવીન્દ્ર જાડેજા ૮૯ અને વોશિંગ્ટન સુંદર ૮૦ રનના સ્કોરે રમી રહ્યા હતા. દેખીતી રીતે જ આ બંનેની લડાયક બેટિંગથી ઈંગ્લેન્ડના બોલર્સ અને બેન સ્ટોક્સ અકળાઈ ગયા હતા. સ્ટોકસે મેચ બાદ કબૂલ્યું હતું કે તે તેના મોખરાના બોલર્સ ઘાયલ થાય તેવું જોખમ લેવા માગતો ન હતો.

અશ્વિને આ અંગે પ્રતિક્રિયા આપતાં જણાવ્યું હતું કે તમે ક્યારેય કોઈ ટીમના બેવડા ધોરણો અંગે સાંભળ્યું છે? તેમણે આખો દિવસ તમારા બોલર્સ સામે બેટિંગ કરી, અને હવે તેઓ સદીની નજીક પહોંચી ગયા હોય ત્યારે તમે મેચ પડતી મૂકવા માગો છો?

તેઓ સવારથી જ તમારા તમામ બોલર સામે રમ્યા છે અને મેચ ડ્રોમાં લઈ ગયા છે અને આકરી મહેનત કરી છે ત્યારે તમે તેમને સદીથી વંચિત રાકવા માગો છો તે કઈ ખેલદિલી દર્શાવે છે.ભારતે અંતે બંને ખેલાડીની સદી પૂરી થયા બાદ ડ્રો માટે સહમતી દર્શાવીને હાથ મિલાવી લીધા હતા. વોશિંગ્ટન સુંદરની ટેસ્ટ કારકિર્દીની આ પ્રથમ સદી હતી તેમ અશ્વિને ઉમેર્યું હતું.મહાન ક્રિકેટર સુનીલ ગાવસ્કરે પણ જણાવ્યું હતું કે ઈંગ્લેન્ડે ભારતને છેક સુધી રમવા દઈને બંનેની સદી પૂરી થવા દેવી જોઈતી હતી.ગાવસ્કરે જણાવ્યું હતું કે મેં પણ બંને બેટરને પૂરી ૧૫ ઓવર રમવા દીધી હોત. સ્ટોક્સે તેમને (જાડેજા અને સુંદરને) ઘેરી લીધા હતા અને કટાક્ષમાં સવાલ કર્યો હતો કે તમે હેરી બ્રુક સામે રમીને સદી પૂરી કરવા માગો છો. તેમની સામે મારો જવાબ હોત કે તમે કોઈ પણ બોલરને લાવો તે તમારો નિર્ણય છે મારો નથી. મારી કામગીરી માત્ર બેટિંગ કરવાની છે.

આ ટેસ્ટ ક્રિકેટ છે અને તેમાં રન કે સદી ફટકારવાની હોય છે, ગિફ્ટ હોતી નથી. આ મેચમાં જાડેજા કે સુંદર તેના હકદાર હતા કેમ કે તેમણે જ ટીમને બચાવી હતી અને તેઓ સદી માટે હકદાર હતા તેમ તેમણે ઉમેર્યું હતું.ઓસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ ક્રિકેટર બ્રેડ હેડિને આ અંગે એવો અભિપ્રાય આપ્યો હતો કે આ પ્રકારના ડ્રામામાં બે કારણ હોય છે. એક તો તમે તમારા બોલરને થકવી નાખવા માગતા નથી. સરસ, અને બીજું એ છે કે તમે કંટાળી ગયા છો. જો તમે ખુશ નથી તો તમે આ સ્થાને હોવા જોઈએ નહી. આ વર્તમાન ક્રિકેટ છે અને તે આ જ રીતે રમાય છે.

# પાંચમી ટેસ્ટમાંથી રિશભ પંત બહાર થઈ ગયો



હાલમાં ઈંગ્લેન્ડ સામે પાંચ ટેસ્ટની સિરીઝ રમી રહેલી પ્રવાસી ભારતીય ક્રિકેટ ટીમને સિરીઝની અંતિમ અને નિર્ણાયક ટેસ્ટ અગાઉ મોટો ફટકો પડ્યો છે કેમ કે તેનો આધારભૂત વિકેટકીપર-બેટર રિશભ પંત છેલ્લી ટેસ્ટમાંથી બહાર થઈ ગયો છે.

રિશભ પંત ત્રીજી અને ચોથી ટેસ્ટ દરમિયાન અનફિટ હતો. તે લોર્ડ્ઝ ખાતેની ત્રીજી ટેસ્ટમાં પૂરા સમય માટે કીપિંગ કરી શક્યો ન હતો તો ચોથી ટેસ્ટમાં ઈંગ્લેન્ડે ૬૬૯ રનનો વિશાળ સ્કોર રજૂ કર્યો ત્યારે પણ તે વિકેટ પાછળ જવાબદારી અદા કરી શક્યો ન હતો.

ભારતીય ક્રિકેટ બોર્ડે (બીસીસીઆઈ)એ સત્તાવાર નિવેદનમાં જણાવ્યું હતું કે રિશભ પંતને ચોથી ટેસ્ટ દરમિયાન તેના જમણા પગના અંગૂઠે ફ્રેક્ચર થયું હતું અને આ ઈજાને કારણે તે આગળ ભાગ લઈ શકે તેમ નથી. બીસીસીઆઈની મેડિકલ ટીમ તેની ઈજાની સમીક્ષા કરી રહી છે અને તે ઝડપથી ફિટ થઈ જાય તે માટે પ્રયાસો જારી છે.

રિશભ પંતને સ્થાને પાંચમી ટેસ્ટ માટે નારાણયન જગદીશનને ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે અને તે ટૂંક સમયમાં ઈંગ્લેન્ડમાં ભારતીય ટીમ સાથે જોડાઈ જશે. જગદીશન પણ વિકેટકીપર છે. આમ ભારત પાસે હવે પંતની ગેરહાજરીમાં ધ્રુવ જુરેલ અને જગદીશન એમ બે વિકેટકીપર છે.

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની પાંચમી ટેસ્ટનો લંડનના ઓવલ ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે ૩૧મી જુલાઈથી પ્રારંભ થઈ રહ્યો છે.રિશભ પંતે આ ટેસ્ટ સિરીઝમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું. તેણે ચાર ટેસ્ટની સાત ઈનિંગ્સમાં ૪૭૯ રન ફટકાર્યા હતા. પંતે લીડ્ઝ ખાતે રમાયેલી પ્રથમ ટેસ્ટમાં ૧૧૮ અને ૧૩૪ રનની ઈનિંગ્સ રમી હતી તો એજબસ્ટન ખાતેની બીજી ટેસ્ટમાં ૨૫ અને ૬૫ રનની ઈનિંગ્સ રમવાની સાથે ભારતના વિજયમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. આ ઉપરાંત તેણે લોર્ડ્ઝમાં ૭૪ રન ફટકાર્યા હતા તો માન્ચેસ્ટરના ઓલ્ડ ટ્રેફોર્ડ ખાતે ઈજાગ્રસ્ત હોવા છતાં બેટિંગમાં આવીને ૫૪ રન ફટકારવાની સાથે ટીમનો સ્કોર ૩૫૮ સુધી પહોંચાડવામાં યોગદાન આપ્યું હતું. પંતે આ સિરીઝમાં છેલ્લી બે ટેસ્ટમાં લગભગ કીપિંગ કર્યું જ ન હતું તેમ છતાં સિરીઝમાં તેણે સાત કેચ ઝડપ્યા હતા.શુભમન ગિલ (સુકાની), યશસ્વી જયસ્વાલ, કે એલ રાહુલ, સાઈ સુદર્શન, અભિમન્યુ ઈશ્વરન, કરુણ નાયર, રવીન્દ્ર જાડેજા, ધ્રુવ જુરેલ, વોશિંગ્ટન સુંદર, શાર્દુલ ઠાકુર, જસપ્રિત બુમરાહ, મોહમ્મદ સિરાઝ, પ્રસિદ્ધ ક્રિષ્ણા, આકાશદીપ, કુલદીપ યાદવ, અંશુલ કમ્બોજ, અર્શદીપસિંઘ અને નારાયણન જગદીશન.

# પાંચમી ટેસ્ટ માટે ઈંગ્લેન્ડની ટીમમાં ઓવર્ટનનો સમાવેશ

પ્રવાસી ભારત સામેની પાંચ ટેસ્ટની સિરીઝમાં ૨-૧થી આગળ રહેલી ઈંગ્લેન્ડની ક્રિકેટ ટીમમાં અંતિમ ટેસ્ટ માટે એક ફેરફાર કરવામાં આવ્યો છે. ઈંગ્લેન્ડની ૧૫ સદસ્યની ટીમમાં સોમવારે ઓલરાઉન્ડર જેમી ઓવર્ટનનો સમાવેશ કરાયો હતો. ઓવર્ટન તેની કારકિર્દીમાં અત્યાર સુધીમાં એક ટેસ્ટ રમ્યો છે જે તે ૨૦૨૨માં રમ્યો હતો.



સરે કાઉન્ટીનો ૩૧ વર્ષીય ઓલરાઉન્ડર ઓવર્ટન ૨૦૨૨માં લીડ્ઝ ખાતે ન્યૂઝીલેન્ડ સામે રમ્યો હતો જેમાં તેણે બે વિકેટ ખેરવવા ઉપરાંત ૯૭ રન ફટકાર્યા હતા. ઓવર્ટન ભારતમાં યોજાતી ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ૨૦૨૫ની સિઝનમાં ચેન્નાઈ સુપર કિંગ્સ માટે પણ રમ્યો હતો.

જેમી ઓવર્ટન સિવાય ઈંગ્લેન્ડે રવિવારે પૂરી થયેલી માન્ચેસ્ટર ટેસ્ટમાં ૧૪ ખેલાડીની પસંદગી કરી હતી જેમાં હવે ઓવર્ટનનો ઉમેરો થયો છે. આ સિવાયના બાકીના ૧૪ ખેલાડીને યથાવત રખાયા છે તેનો અર્થ એ થયો કે શોએબ બશીરને સ્થાને ટીમમાં લેવાયેલા લિયમ ડોસનને યથાવત રખાયો છે.

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની પાંચમી ટેસ્ટનો ૩૧મી જુલાઈથી ઓવલ ખાતે પ્રારંભ થઈ રહ્યો છે. ઈંગ્લેન્ડની ટીમ આ મુજબ છે.

બેન સ્ટોક્સ (સુકાની), જોફ્રા આર્ચર, ગસ એટકિન્સન, જેકોબ બેથેલ, હેરી બ્રુક, બ્રાયડન કાર્સ, ઝેક ક્રોલે, લિયમ ડોસન, બેન ડકેટ, જેમી ઓવર્ટન, લિ પોપ, જો રૂટ, જેમી સ્મિથ, જોશ ટોંગ, ક્રિસ વોક્સ.

# એશિયા જુનિયર બેડમિન્ટનમાં તન્વી અને વેન્નાલાને બ્રોન્ઝ મેડલ





ભારતની યુવા શટલર તન્વી શર્મા અને વેન્નાલા કાલાગોટ્લાએ ઈન્ડોનેશિયાના સોલોમાં રમાયેલી એશિયા જુનિયર બેડમિન્ટન ચેમ્પિયનશિપના વ્યક્તિગત મુકાબલામાં બ્રોન્ઝ મેડલ જીતીને પોતાનું અભિયાન પૂર્ણ કર્યું હતું.

આ સ્પર્ધામાં ભારતની બે ખેલાડીઓને વ્યક્તિગત ઈવેન્ટમાં મેડલ મળ્યો હોય તેવું પથમ વખત બન્યું છે. વેન્નાલા કાલાગોટ્લાનો ચીનની લિપૂ સી બાની સામે ભારે સંઘર્ષ બાદ અંતમાં ૩૭ મિનિટ સુધી રમાયેલી મેચમાં ૧૫-૨૧, ૧૮-૨૧ના સ્કોરથી પરાજયનો સામનો કરવો પડયો હતો. ભારતીય ખેલાડીએ બીજી ગેમમાં ૧૫-૨૦ના સ્કોરે ત્રણ પોઈન્ટ જીતીને મેચ નિર્ણાયક ગેમ સુધી પહોંચશે તેવી ખાતરી કરાવી દીધી હતી પરંતુ તેની નજીવી ભૂલ આખરે તેને ભારે પડી હતી.

દરમિયાન બીજી ક્રમાંકિત તન્વીનો ચીનની આઠમી ક્રમાંક્તિ વિન વી કિંગ સામે ૩૫ મિનિટ સુધી ચાલેલા મુકાબલામાં ૧૩-૨૧, ૧૪-૨૧થી પરાજય થયો હતો. તન્વીએ પ્રથમ ગેમ હાર્યા બાદ બીજી ગેમમાં વળતો પ્રહાર કરીને ૯-૧ની સરસાઈ હાંસલ કરી હતી. જોકે હરીફ ખેલાડીએ ૮-૮થી સરભર કર્યો હતો અને ધીમે ધીમે પોતાનું વર્ચસ્વ વધારીને ગેમ અને મેચ બંને પોતાના નામે કરી લીધી હતી. તન્વી ગયા મહિને યુએસ ઓપન સુપર બેડમિન્ટનમાં રનર્સ અપ રહી હતી.

# વિમેન્સ ફૂટબોલમાં ઈંગ્લેન્ડ યુરો કપ ચેમ્પિયન

ઈંગ્લેન્ડની ફૂટબોલ ટીમે વિમેન્સ યુરો કપની ફૂટબોલની ફાઈનલમાં સ્પેનને પેનલ્ટી શૂટઆઉટમાં ૩-૧થી હરાવીને પોતાનું ટાઈટલ જાળવી રાખ્યું હતું. ફાઈનલમાં એક્સ્ટ્રા ટાઈમ સુધી મેચ ૧-૧ની બરાબરીએ રહી હતી. મેચ દરમિયાન સ્પેન તરફથી મારિયોના કાલર્દેતેએ પ્રથમ ગોલ કરી ટીમને સરસાઈ અપાવી હતી, જ્યારે ઈંગ્લેન્ડ માટે એલેસિયા રુસો એ બીજા હાફમાં બરાબરીનો ગોલ કર્યો હતો. શૂટઆઉટમાં ઈંગ્લેન્ડની ક્લો કેલીએ નિર્ણાયક પેનલ્ટી ગોલ કર્યો હતો. વર્લ્ડ ચેમ્પિયન સ્પેનની ત્રણ ખેલાડી પેનલ્ટીને ગોલમાં પરિવર્તિત કરી શકી ન હતી. જ્યારે બીજી તરફ વિજેતા ઈંગ્લેન્ડને બાવન કરોડ રૂપિયાની ઈનામી રકમ મળી હતી.



આ ફાઈનલમાં જીતની સાથે ઈંગ્લેન્ડે ૨૦૨૩ના વર્લ્ડ કપની ફાઈનલમાં સ્પેને આપેલા પરાજયનો હિસાબ પણ સરભર કરી દીધો હતો. સ્પેન ટાઈટલની હેટ્રિક નોંધાવવાથી વંચિત રહ્યું હતું. સ્પેને વર્લ્ડ કપ ઉપરાંત ૨૦૨૪માં યુઈએફએ નેશન્સ લીગ ટ્રોકી પણ જીતી હતી. સ્પેનની મારિયાના કાલ્ડેન્તેએ ૨૫મી મિનિટે હેડર દ્વારા ગોલ કરીને ટીમને ૧-૦થી આગળ કરી દીધી હતી. ઈંગ્લેન્ડ તરફથી એલેસિયાએ ૫૭મી મિનિટે ગોલ કરીને સ્કોર ૧-૧થી સરભર કર્યો હતો. એક્સ્ટ્રા ટાઈમ બાદ પણ સ્કોર ૧-૧થી સરભર રહ્યા બાદ વિજેતા ટીમનો નિર્ણય લાવવા માટે પેનલ્ટી શૂટઆઉટનો સહારો લેવાયો હતો.

# ઓનલાઈન ખરીદેલુ ડ્રોન ગ્રાહકને પસંદ ન આવે તો પરત લેવુ પડે: ગ્રાહક કોર્ટ

## ડ્રોન પરત લેવા અને રકમ, વ્યાજ અને દંડ ભરવા હુકમ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૯
એમેઝોન એપમાંથી ખરીદેલુ ડ્રોન ગ્રાહકને પસંદ ન આવે તો, પરત લેવુ પડે તેવું જણાવી ગ્રાહક કોર્ટે ફરિયાદીને ડ્રોન ઓનલાઈન સેલરને પરત લેવા અને તેની રકમ વ્યાજ અને દંડ સહીત પરત કરવા હુકમ કર્યો છે.

સુરત શહેરમાં રહેતા યોગીતા રાજેશભાઈ નેમાડેએ એમેઝોન રીટેઈલ ઈન્ડીયા પ્રા.લી. પાસેથી તા.૦૭/૧૧/૨૦૨૨ના રોજ ઓનલાઈન ડ્રોન ખરીદ કર્યું હતું. જે પસંદ નહી આવતા, તા.૧૦/૧૧/૨૦૨૨ ના રોજ ડ્રોન રીટર્ન કરવા માટે રીકવેસ્ટ મોકલી હતી, પરંતુ આ કંપની દ્વારા પરત લેવામાં આવ્યું ન હતું, પોલીસમાં ફરિયાદ કરવા છતા કોઈ નીવેડો નહીં આવતા, એમેઝોન તથા તેઓના સેલર વિરૂધ્ધ ફરીયાદી યોગીતા રાજેશભાઈ નેમાડેએ એડવોકેટ નરેશ એચ.નાવડીયા, અને જીગ્નેશ એ. હરીયાણી મારફતે સુરતના ગ્રાહક કમિશનમાં ફરીયાદ દાખલ કરાવી હતી. જે ફરીયાદ ચાલી જતાં ફરિયાદીન એડવોકેટ નરેશ એચ.નાવડીયા, તથા જીગ્નેશ એ. હરીયાણીએ એવી દલીલો કરી હતી કે ફરિયાદીએ કંપનીની શરતો મુજબ જ વસ્તુ નિયત સમય મર્યાદામાં પરત કરી છે, તેથી ફરિયાદ ખર્ચ સહીત મંજુર કરવા જણાવ્યું હતું. સુનાવણી દરમિયાન એમેઝોન કંપની તથા તેઓની સેલર કંપની તરફથી કોઈ હાજર રહ્યું ન હતું. ગ્રાહક કોર્ટે ફરિયાદીને ડ્રોનની રકમ રૂા. ૧,૩૯,૦૦૦ ફરીયાદની તારીખથી ૯% વ્યાજ સહિત ચુકવવા, સેલર કંપનીએ ફરીયાદીને ચુકવી આપવા, તથા માનસીક ત્રાસના રૂા.૫,૦૦૦ અને અરજી ખર્ચના નાણાં ચુકવવા હુકમ કર્યો હતો.

# છેડતીના કેસમાં આરોપીને નિર્દોષ ઠેરાવતી સેસન્શ કોર્ટ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૯
કતારગામ ખાતે શક્તિ જ્વેલર્સના નામે દુકાન ચલાવતા સાળા-બનેવીએ જુના સોનાના દાગીના ઉપરથી નવા સોનાના દાગીના મજુરી લીધા વગર બનાવવાની લાલચ આપી બિલ્ડર સહિત અનેક લોકો સાથે રૂ.૪૪.૩૫ લાખની ઠગાઈ આચરી હતી.

કતારગામ, રાશી સર્કલ પાસે શ્રીજી પાર્ક સોસા.માં રહેતા સંજય જીવરાજ કાકડીયા બાંધકામના વ્યવસાય સાથે સંકળાયેલા છે. પાલ મધુવન સર્કલ ગ્રીન આર્કેટમાં રહેતા અમિત દિલિપ સોની અને તેના સાળા તુષાર દિપક રાણિગાં (રહે-સી/૨૦૪, ગ્રીન આર્કેટ) વિરૂદ્ધ કતારગામ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યું હતુ કે અમિત અને તુષાર કતારગામ ખાતે શક્તિ જ્વેલર્સના નામે ભાગીદારીમાં ધંધો કરતા હતા. સંજય કાકડીયા સાળા-બનેવીની દુકાને આવ્યા હતા. જ્યાં સાળા બનેવીએ જુના સોનાના દાગીના ઉપરથી નવા સોનાના દાગીના મજુરી લીધા વગર બનાવવાની લાલચ આપી હતી. જેથી સંજય કાકડીયા સહિતના લોકોએ સાળા બનેવીને જુનુ સોનું અને સોનાના દાગીના બનાવવા માટે રૂ.૪૪.૩૫ લાખ ચુકવ્યા હતા. જોકે ચીટર સાળા બનેવીએ અગાઉથી રૂપિયા લીધા છતાં દાગીના બનાવી ન આપી જુનુ સોનું તથા રોકડા રૂપિયા મળી કુલ કિ.રૂ.૪૪,૩૫,૯૩૦ પરત નહી કરી છેતરપીડી કરી હતી. આ અંગે કતારગામ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી હતી.



સુરત શહેરના ચોકબજાર બડેખા ચકલા સ્થિત આવેલી સરકારે સુરત હઝરત જમાલુદ્દીન ઉર્ફ હઝરત ખ્વાજા દાના (ર.અ.)ના સંદલ ઉર્સની આજથી ઉજવણી શરૂ થવા પામી છે. જ્યારે આજે મંગળવારે હઝરત (ર.અ.)ને સંદલ શરીફ પેશ કરવામાં આવશે અને આવતીકાલે એટલે કે બુધવારે હઝરત (ર.અ.)નો ઉર્સ મનાવવામાં આવશે.

## કતારગામની ટ્યુશન શિક્ષિકા આપઘાત કેસમાં

# સગીર વિરૂદ્ધ જુવેનાઇલ એક્ટ મુજબ કાર્યવાહીની પોલીસ અરજી નામંજૂર

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૯
કતારગામની ટ્યુશન ટીચર આપઘાત કેસમ સંડોવાયેલા સગીર વિરૂદ્ધમાં જુવેનાઈલ જસ્ટીસ એક્ટની કલમ-૧૫ મુજબની કાર્યવાહી કરવા સિંગણપોર પોલીસે કરેલી અરજી કોર્ટે નામંજુર કરી હતી.

કતારગામ સ્થિત નાનીવેડ અંબાજી મંદિર રોડ વિધી પેલેસમાં રહેતા રજની ગંગાદાસ વાવડીયાની દીકરી નેના વાવડીયા ને આત્મહત્યા કરવા મજબુર કરવાના આરોપસર સગીરની અટકાયત કરવામાં આવી હતી. આ કેસમાં તપાસ અધિકારી પીઆઈ વાય. બી.ગોહિલે સુરત જુવેનાઈલ જસ્ટીસ બોર્ડ સમક્ષ અરજી કરી જુવેનાઈલ જસ્ટીસ એક્ટની કલમ-૧૫ મુજબ સગીરને એડલ્ટ જાહેર કરવાની અને તેની ટ્રાયલ ચિલ્ડ્રન કોર્ટમાં ચલાવવા મા કરી હતી. તદુપરાંત મુળ ફરિયાદી તરફે સગીર વિરૂદ્ધ સોગંદનામુ રજૂ કરી આ ગુનો હીનીયસ ક્રાઈમમાં ગણીને જુવેનાઈલ જસ્ટી એક્ટ-૧૫ મુજબની કાર્યવાહી કરવા માગ કરી હતી. પોલીસે કરેલી આ અરજીના વિરોધમાં ફરીથી બચાવ પક્ષ તરફે સિનિયર વકીલ કલ્પેશ દેસાઈ અને રાકેશ મૈસુરિયાએ દલીલો રજૂ કરી હતી. જેમાં તેઓએ જણાવ્યું હતુ કે, આક્ષેપિત ફરિયાદીના ફરિયાદના કથનો અને કલમો જોતાં હાલનો ગુનો અધમ ગુનાહીત કૃત્ય(હિનીયસ ક્રાઈમ)માં આવતો નથી. તપાસ અધિકારીએ કરેલી અરજી જુવેનાઈલ જસ્ટીસની જોગવાઈઓને ધ્યાને લીધા વિના અને જુવેનાઈલ જસ્ટીસ એક્ટનો જે હાર્દ છે, તેને નજર અંદાજ કરીને આપવામાં આવી છે. જેથી પોલીસે કાયદાની જોગવાઈઓનો ભંગ કરીને દબાણમાં અરજી આપી છે. જેથી આ ગુનો હીનીયસ ક્રાઈમની વ્યાખ્યામાં આવતો ન હોવાથી પોલીસની અરજી રદ કરવા માગ કરી હતી. કોર્ટે બચાવ પક્ષની તર્કબદ્ધ દલીલો ધ્યાને લઈ અરજી રદ કરતો હુકમ ફરમાવ્યો હતો.

# પશ્ચિમ રેલ્વે દ્વારા બાંદ્રા સ્ટેશન મહોત્સવ ઉજવાયો

## બાંદ્રા સ્ટેશનના સમૃદ્ધ વારસા અને સાંસ્કૃતિક ઓળખની ઉજવણી

સુરત, તા.૨૯
પશ્ચિમ રેલ્વેના અધિક જનરલ મેનેજર શ્રી પ્રદીપ કુમાર, મુંબઈ સેન્ટ્રલ ડિવિઝન, પશ્ચિમ રેલ્વેના ડિવિઝનલ રેલવે મેનેજર શ્રી પંકજ સિંહ, મુંબઈ સેન્ટ્રલ ડિવિઝન, પશ્ચિમ રેલ્વેના ડિરેકટર પોસ્ટલ સર્વિસીસ, મુંબઈ રિજન શ્રીમતી કૈયા અરોરા ખાસ સ્મારક કવરનું અનાવરણ કરી રહ્યા છે. (બીજી પંક્તિ) "કલા અને હસ્તકલા" અને "વ્લોગ મેકિંગ" સ્પર્ધાઓના વિજેતાઓ સાથે મહાનુભાવો.

પશ્ચિમ રેલ્વેએ બાંદ્રા સ્ટેશનના સમૃદ્ધ વારસા અને સાંસ્કૃતિક ઓળખનું સન્માન કરતા "બાંદ્રા સ્ટેશન મહોત્સવ" એક જીવંત કાર્યક્રમની ઉજવણી કરી. ૨૬ જુલાઈ, ૨૦૨૫ ના રોજ યોજાયેલા ભવ્ય સમારોહની શરૂઆત પશ્ચિમ રેલવેના એડિશનલ જનરલ મેનેજર શ્રી પ્રદીપ કુમાર, પશ્ચિમ રેલવેના મુંબઈ સેન્ટ્રલ ડિવિઝનના ડિવિઝનલ રેલવે મેનેજર શ્રી પંકજ સિંહ, મુંબઈ રિજનના પોસ્ટલ સર્વિસીસના ડિરેક્ટર શ્રીમતી કૈયા અરોરા અને અન્ય મહાનુભાવો દ્વારા ખાસ સ્મારક કવરના અનાવરણ સાથે થઈ. ખાસ કવરનું અનાવરણ એક હૃદયસ્પર્શી ક્ષણ હતી, જે આ પ્રતિષ્ઠિત સ્ટેશનના ઐતિહાસિક વારસાને સાચી શ્રદ્ધાંજલિ હતી. બાંદ્રા મહોત્સવમાં મંત્રમુગ્ધ કરનારા નૃત્ય પ્રદર્શન અને ઉર્જાવાન કરાઓકે પ્રદર્શન સહિત સાંસ્કૃતિક કાર્યક્રમોનો એક શાનદાર સંગ્રહ પણ જોવા મળ્યો, જેણે ઉત્સવના વાતાવરણમાં વધારો કર્યો. દિવસનું મુખ્ય આકર્ષણ "આર્ટ એન્ડ ક્રાફ્ટ" અને "વ્લોગ મેકિંગ" સ્પર્ધાઓ માટે આતુરતાથી રાહ જોવાતો ઈનામ વિતરણ સમારોહ હતો. પ્રતિભાશાળી સહભાગીઓને તેમના કલાત્મક અને નવીન કૌશલ્યો તેમજ રસપ્રદ વાર્તા કહેવાની કુશળતા માટે મહાનુભાવો દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સર્જનાત્મક રચનાઓએ બાંદ્રા સ્ટેશનની ભાવના અને જીવંત ઉત્સાહને સુંદર રીતે કબજે કર્યો હતો. બાંદ્રા સ્ટેશન ફેસ્ટિવલમાં વારસાગત ઉજવણીને સમુદાયની ભાગીદારી સાથે મિશ્રિત કરવામાં આવી હતી, જે પ્રસંગની કાયમી યાદો, જૂની યાદો, સર્જનાત્મકતા અને મિત્રતાથી ભરેલી હતી. જૂન ૨૦૨૫ માં શરૂ થયેલ આ ફેસ્ટિવલનો અંત એક આકર્ષક સમાપન સાથે થયો જ્યારે સેંકડો હિલીયમ ફુગ્ગાઓ આકાશમાં ઉડ્યા, જે ઉત્સવની આનંદી ભાવનાને સંપૂર્ણ રીતે પ્રતિબિંબિત કરે છે.

# ઠગાઈ કેસમાં દંપતિ પૈકી આરોપી પતિના આગોતરા જામીન નામંજૂર

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૯
અડાજણ ખાતે એક જ બિલ્ડીગમાં રહેતા વેપારીને સવઈ દંપતિએ ધંધામાં રોકાણ કરવાના નામે રૂ.૨૪ લાખનો ચુનો ચોંપડી દીધો હોવાની ફરિયાદ અઠવા પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી. આ કેસમાં આરોપી પતિ જાવીદ સવઈએ આગોતરા જામીન અરજી કરતા કોર્ટે રદ કરી હતી. બચાવ પક્ષના વકીલ નદીમ ચૌધરીએ દલીલો કરી હતી.

અઠવા પોલીસ સ્ટેશન પાસેથી પ્રાપ્ત માહિતી મુજબ અડાજણ પાટીયા સ્થિત એટલાસ બિલ્ડીગમાં રહેતા અફઝલ હારૂન મફા(ઉ.વ.૪૦) વ્યવસાયે વેપાર કરે છે. અફઝલે તેમની બિલ્ડીગમાં જ રહેતા અને ગાડી લે વેચનો ધંધો કરતા જાવીદ ફારૂક સવઈ અને તેની પત્ની ઝરકા જાવીદ સવઈ સામે અઠવા પોલીસ સ્ટેશનમાં વિશ્વાસઘાતની ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યું હતુ કે, અફઝલ અને સવઈ દંપત િએક જ બિલ્ડીગમાં રહેતા હોવાથી તેઓની વચ્ચે સારી મિત્રતા હતી. જાવીદ સવઈએ મિત્રતાની આડમાં આરિ?થક લાભ માટે અફઝલને છેતરવાનો કારસો રચ્યો હતો. જાવીદે ધંધામાં રોકાણ કરવાથી સારો નફો આપવાનો ભરોષો આપી અફઝલ પાસે નાણા રોકાણ કરાવ્યા હતા જાવીદે પત્ની ઝરકાના બેંક એકાઉન્ટમાં અને પોતાના એકાઉન્ટમાં પૈસા નંખાવ્યા હતા. કુલ રૂ.૨૪ લાખ અફઝલભાઈએ જાવીદ સવઈને ધંધામાં રોકાણ કરવા માટે આપ્યા હતા. પરંતુ કોઈ નફો આપ્યો ન હતો. તદ્દુપરાંત મુડી રકમ પણ પરત નહી કરી છેતરપીડી કરી હતી. આ અંગેની અફઝલની ફરિયાદ લઈ સવઈ દંપતિ વિરૂદ્ધ અઠવા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી હતી.

# સુરત જિલ્લામાં બાળકો અને કિશોરીઓના પોષણ અને આરોગ્યમાં નોંધપાત્ર સુધારો

## જિલ્લા વિકાસ અધિકારી દ્વારા સઘન આરોગ્ય કામગીરીનું સતત મોનિટરીંગ

સુરત, તા.૨૯
સુરત જિલ્લામાં છેલ્લા એક માસથી જિલ્લા વિકાસ અધિકારી શ્રીમતી શિવાની ગોયલના નેતૃત્વ હેઠળ 'પોષણ સંગમ-સુરત' નામની નવી પહેલ શરૂ કરવામાં આવી છે, જેનો મુખ્ય ઉદ્દેશ જિલ્લામાં પોષણ અને આરોગ્યનું સ્તર સુધારવાનો છે. ગામડામાં ગંભીર કુપોષણ (Severe Acute Malnutrition - SAM) ધરાવતા બાળકો, કિશોરીઓની ઓળખ કરી તેમનું નિયંત્રણ, પોષણ સ્તર સુધારવું અને ઓછી ઉંમરની ગર્ભવતી મહિલાઓની વહેલી ઓળખ કરીને યોગ્ય માર્ગદર્શનનો પણ હેતુ છે.

આ અભિયાન હેઠળ બાળકોનું નિયમિત સ્ક્રીનિંગ, હોમ વિઝિટ અને પોષણયુક્ત આહાર સાથે તબીબી સેવાઓ મળવાથી સમયસર નિદાન અને યોગ્ય સારવાર મળી રહી છે. ગંભીર કુપોષિત (SAM) બાળકોનું દર સપ્તાહે આંગણવાડી કેન્દ્રો પર નિયમિત ફોલોઅપ લેવાઈ રહ્યું છે, જેથી સમયસર સારવાર અને પોષણ પૂરૂ પાડી શકાય. ખૂબ ઓછું વજન અને ગંભીર એનિમિયા ધરાવતા બાળકો માટે દર બીજા અઠવાડિયે આશાવર્કરો ડોર ટુ ડોર મુલાકાત લઈ રહ્યા છે, જેમાં પરિવારજનોને પોષણયુક્ત આહાર, યોગ્ય સારવાર અને બાળ વિકાસ વિશે માર્ગદર્શન આપે છે. પરિણામે બાળકો અને કિશોરીઓના પોષણ અને આરોગ્યમાં નોંધપાત્ર તેમજ સ્થિર સુધારો નોંધાયો છે.

પોષણ સંગમ-સુરત અભિયાન અંતર્ગત માંડવી તાલુકાના ડોંગરીપાડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે મેડિકલ ઓફિસર ડૉ. અરુણકુમાર ચૌધરી તથા ડૉ. નિશિતા શાહ દ્વારા એક સગર્ભા મહિલાની તબીબી તપાસ કરવામાં આવી હતી. આ તપાસ દરમિયાન મહિલાની સામાજિક-આર્થિક સ્થિતિની પણ વિગતો લેવામાં આવી. મહિલાની તબીબી તપાસમાં જાણવા મળ્યું કે તેનું હિમોગ્લોબીન સ્તર માત્ર ૮.૫ ગ્રામ/ડીએલ અને વજન ૪૨.૪ કિ.ગ્રા. હતું, જેને ધ્યાને લેતાં તેને મોડરેટ એનિમિયા તરીકે નિદાન કરી તાત્કાલિક અસરકારક પગલાંરૂપે આયર્ન સુક્રોઝ ઈન્જેકશન દ્વારા સારવાર પણ શરૂ કરવામાં આવી અને સાથે સાથે આયર્ન ફોલિક એસિડ (IFA) ગોળીઓ પણ પૂરક સારવાર રૂપે આપવામાં આવી હતી. મેડિકલ ઓફિસર ડૉ. નિશિતા શાહે આ મહિલાનું સપ્તાહમાં એકવાર રૂબરૂ મુલાકાત લઈને નિરીક્ષણ કર્યું. તેના સ્વાસ્થ્યની નોંધ રાખી. સતત દેખરેખ અને સારવારના પરિણામે સારવાર હેઠળની મહિલાઓનું હિમોગ્લોબીન સ્તર ૮.૫ થી વધીને ૧૧.૪ ગ્રામ/ડીએલ થયું અને વજન ૪૨.૪ કિ.ગ્રા.થી વધીને ૪૪ કિ.ગ્રા. થયું છે. ડૉ. નિશિતા શાહ ગ્રામ્ય વિસ્તારોની સગર્ભા મહિલાઓને આયર્નયુક્ત ખોરાક લેવા, ઓછી ઉંમરની સગર્ભાનેઓને બે સગર્ભા અવસ્થા વચ્ચે ૩ વર્ષનું અંતર રાખવા, ફેમિલી પ્લાનિંગ, બાળકોની સારસંભાળની સમજ આપે છે. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.અનિલ પટેલ, જિલ્લા RSHO, ICDS પ્રોગ્રામ ઓફિસર, સંબધિત મેડિકલ ઓફિસર અને ઝહૈં દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવતી સઘન આરોગ્ય કામગીરીનું સતત મોનિટરીંગ કરી અઠવાડિયે જિલ્લા વિકાસ અધિકારી દ્વારા સમીક્ષા કરવામાં આવે છે.

# આર. એમ. પી. એસ. ઇન્ટરનેશનલ સ્કૂલમાં કેરીયર માર્ગદર્શન કાર્યક્રમ



## એલન કેરિયર ઇન્સ્ટિટ્યૂટ સાથે સહયોગમાં ઓરિએન્ટેશન અને પેટીએમ

અંકલેશ્વર, તા.૨૯
આર.એમ.પી.એસ. ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા એલન કેરિયર ઈન્સ્ટિટ્યૂટના સહયોગથી યોજાયેલી ઓરિએન્ટેશન અને પેરેન્ટ-ટીચર મીટિંગ, સહિયારી દ્રષ્ટિ, શૈક્ષણિક વ્યૂહરચના અને સમુદાય જોડાણનો એક નોંધપાત્ર સંગમ હતો. આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓ અને વાલીઓને સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં શ્રેષ્ઠતા તરફ સુવ્યવસ્થિત શૈક્ષણિક રોડમેપ પર માર્ગદર્શન આપવાનો હતો. આ કાર્યક્રમની શરૂઆત દીપપ્રાગટ્ય સમારોહ સાથે થઈ, જેમાં ફળદાયી શૈક્ષણિક યાત્રા માટે દૈવી આશીર્વાદ માંગવામાં આવ્યા. ALLEN કારકિર્દી સંસ્થાના માનનીય મહાનુભાવોનું સ્વાગત કરવા બદલ શાળાને સન્માન મળ્યું. ત્યારબાદ એક ઔપચારિક સન્માન સમારોહ યોજાયો, જ્યાં શાળાના નેતૃત્વ ટીમ દ્વારા તિલક, ગુલદસ્તો, પુસ્તક અને સ્મૃતિચિહ્નથી સ્વાગત કરવામાં આવ્યું, જેમાં ટ્રસ્ટી શ્રી રાકેશ જૈન અને શ્રી મહાવીર જૈન, ડિરેક્ટર અને પ્રિન્સિપાલ શ્રી મેલરોય મેકડોનાલ્ડ, ઓપરેશન્સ હેડ શ્રી દર્શન જૈન અને HOD સાયન્સ શ્રી રાધેશશ્યામ ખત્રીનો સમાવેશ થાય છે. આ કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ ALLEN કારકિર્દી સંસ્થાના PNCF હેડ શ્રી રાકેશ દુબે દ્વારા સંચાલિત ઓરિએન્ટેશન સત્ર હતું. તેમણે NEET અને JEE ની તૈયારી પર માર્ગદર્શન અને સ્પષ્ટતા પ્રદાન કરતી સમજદારીભરી પ્રસ્તુતિ આપી. તેમના ભાષણના મુખ્ય મુદ્દાઓમાં શામેલ હતા.



# અંદાડા પ્રા. શાળાના વિદ્યાર્થીઓએ રાખડી બનાવવાની કળા શીખી

અંકલેશઅવર, તા.૨૯
ભાઈ બહેન ના પવિત્ર પર્વ એવા રક્ષાબંધન પર્વ ના ઉત્સવ ને મજબૂત અને વધારે પ્રેમસભર બને એવાં આશય સાથે સાથી ફાઉન્ડેશન દ્વારા માં સરસ્વતી ના પવિત્ર આંગણ એવા અંદાડા પ્રાથમિક કન્યાશાળા મા યોજાયેલા જેમા વિધાર્થીનીઓ ને ભાઈ ના રક્ષણ માટે જે સુતર ના દોર થી કઈ રીત થી પવિત્ર રાખડી ગુથાઈ એ બનાવતા શિખવાડવા મા આવ્યુ સ્કૂલ ની વિધાર્થીનીઓ તેમજ શિક્ષકો કન્યાશાળા ના આચાર્ય રાજેશ્રી બેન ખૂબ ઉત્સાહ થી ભાગ લીધો સાથી ફાઉન્ડેશન ના ચેરપર્સન ફાલ્ગુની પટેલ ના કહેવા પ્રમાણે સાથી ફાઉન્ડેશન આવા કાર્યક્રમો યોજી ને વિધાર્થીનીઓ મા રહેલ કલા ના વિકાસ માટે મદદ કરી શકે સાથે સાથે સરકાર દ્વારા દર શનિવારે બેગ લેસ ના નો ઉદ્દેશ પણ બાળકો ને ભણતર ના ભાર વગર અઠવાડિક એક દિવસ આપ્યો છે આવા સમયે આવા કાર્ય મા રહેલ કલાત્મકતા ને ઓળખી શકાય એવા ઉદ્દેશ સાથે સાથે આવા ભાઈ બહેન ના પવિત્ર અતૂટ બંધન ના પર્વ રક્ષાબંધન ની ઊજવણી મા વિધાર્થીનીઓ એ ઉત્સાહ ને જિજ્ઞાસા સાથે ભાગ લીધેલ.

**પહેલગામ હુમલાના ૩**
**પહેલા પાનાનું ચાલુ**

પણ આ વાત માન્યા નહીં, અમે ઉતાવળ કરી નહીં. ઘટનાસ્થળેથી મળેલા કારતૂસ, તેનું હ્વજીન્ કરવામાં આવ્યું હતું. ગઈકાલે જ્યારે આતંકવાદીઓને માર્યા ગયા, ત્યારે તેમની પાસેથી એક અમેરિકન અને બે છદ્ધ-૪૭ રાઈફલ મળી આવી હતી. કારતૂસ પણ મળી આવ્યા હતા. આને ચંદીગઢ મોકલવામાં આવ્યા હતા. મેચિંગ પછી, પુષ્ટિ થઈ કે પહેલગામ હુમલો આ રાઈફલોથી કરવામાં આવ્યો હતો.

**મહિલા દર્દીને**
**પહેલા પાનાનું ચાલુ**

વોર્ડમાંથી બહાર મોકલી દીધાં હતાં. જ્યારે મહિલાએ ભાનમાં આવ્યા બાદ વિરોધ કર્યો ત્યારે તે ગભરાઈને હોસ્પિટલમાંથી ભાગી ગયો હતો.

**અમેરિકામાં**
**પહેલા પાનાનું ચાલુ**

ગોળીબારને પગલે નાસભાગ મચી હતી. જીવ બચાવવા લોકોએ ઓફીસમાં દરવાજા બંધ કરી દીધા હતા. બનાવની જાણ થતા જ સુરક્ષા કાફલો ધસી ગયો હતો.

મેનહટનમાં ગોળીબાર કરનાર યુવકની ઓળખ શેન તમુરા તરીકે થઈ છે. તેનો કોઈ ગુન્હાહીત ભુતકાળ માલુમ પડયો નથી. ખાનગી ઈન્વેસ્ટીગેટર તરીકેનું લાયસન્સ ધરાવતો હતો અને ફૂટબોલનો ખેલાડી હતો.

**લંડનના**
**પહેલા પાનાનું ચાલુ**

પર હતા અને લંડન પહોંચતા પહેલા તેમણે ટ્વિટર પર ખાન પર નિશાન સાધ્યું હતું.

ટ્રમ્પે અગાઉ ખાનને IQ ટેસ્ટ માટે પડકાર ફેંક્યો છે અને ૨૦૧૭ના લંડન બ્રિજ હુમલા અંગેના તેમના પ્રતિભાવની ટીકા કરી છે. ટ્રમ્પે ખાન પર તેમના પાછલા કાર્યકાળ દરમિયાન આતંકવાદનો સામનો કરવામાં નિષ્ફળ રહેવાનો આરોપ લગાવ્યો હતો અને તેમને ખૂબ જ મૂર્ખ અને મૂર્ખ કહ્યા હતા.

૧૯૭૦માં જન્મેલા સાદિક ખાન લંડનના પહેલા મુસ્લિમ મેયર છે. તેઓ મૂળ પાકિસ્તાનના છે. તેમના પિતા પાકિસ્તાનમાં ડ્રાઈવર તરીકે કામ કરતા હતા. થોડા સમય પછી તેઓ ઈંગ્લેન્ડ આવ્યા. ૨૪ વર્ષની ઉંમર સુધી તેઓ ખૂબ જ ગરીબ જીવન જીવતા હતા. તેમના પિતા રેડ બસ ચલાવતા હતા. પરંતુ તેમને શરૂઆતથી જ રાજકારણમાં રસ હતો.

તેઓ ૧૫ વર્ષની ઉંમરે લેબર પાર્ટીમાં જોડાયા હતા. તેમણે માનવ અધિકાર કાર્યકર્તા તરીકે પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી. ૨૦૦૫માં તેઓ પહેલી વાર લેબર પાર્ટીમાંથી સાંસદ બન્યા હતા. ૨૦૧૬માં તેમણે પહેલી વાર લંડનના મેયર પદ માટે ચૂંટણી લડી હતી અને મોટા માર્જિનથી જીત મેળવી હતી.

**ઝારખંડ**
**પહેલા પાનાનું ચાલુ**

હતી. બધા ઘાયલોને દેવધરની વિભિન્ન હોસ્પિટલોમાં અને સ્વાસ્થ્ય કેન્દ્રોમાં દાખલ કરાયા હતા. જિલ્લા પ્રશાસન દ્વારા રાહત અને બચાવકાર્ય શરુ કરી દેવામાં આવ્યું હતું.આ દુર્ઘટના ત્યારે સર્જાઈ હતી, જયારે શ્રદ્ધાળુઓ દેવધરમાં જલ ચડાવવા જઈ રહ્યા હતા. આ ભીષણ અકસ્માતથી વિસ્તારમાં શોકની લહેર ફેલાઈ ગઈ છે. પોલીસે ઘટનાની તપાસ હાથ ધરી છે.

**રાજકોટ**
**પહેલા પાનાનું ચાલુ**

કામ ચાલી રહ્યા છે.હવે, છેલ્લા બે વિભાગોમાં, ફક્ત કેટલાક મુખ્ય કાર્યો બાકી છે. સાયલાથી બામણબોર (૩૭.૬૨ કિમી) સુધી, લગભગ ૩૭ કિમી પૂર્ણ થઈ ગયું છે, જ્યારે બે નાના પુલનું કામ હજુ પણ ચાલુ છે.દરમિયાન, રાજકોટથી બામણબોર સેક્શન (૩૦.૫૮ કિમી) માં, આશરે ૨૮.૩૮ કિમી પૂર્ણ થઈ ગયું છે, જેમાં હડારિયો મેજર બ્રિજ, કુવાડવા ફ્લાયઓવર અને ટોલ પ્લાઝાનું કામ હજુ પણ ચાલુ છે.આ પ્રોજેક્ટ, જેની સંયુક્ત કરાર કિંમત રૂા.૨,૧૦૦ કરોડથી વધુ છે, તેનો ઉદ્દેશ્ય અમદાવાદ અને રાજકોટ વચ્ચે કનેક્ટિવિટીમાં નોંધપાત્ર સુધારો કરવાનો, મુસાફરીનો સમય ઘટાડવાનો અને ગુજરાતના મુખ્ય આર્થિક કોરિડોર પૈકીના એક પર ટ્રાફિક ભીડ ઘટાડવાનો છે.

અધિકારીઓના જણાવ્યા અનુસાર, બાકીના માળખા અને સર્વિસ રોડ પૂર્ણ થયા પછી, સમગ્ર પટ્ટો સંપૂર્ણપણે કાર્યરત થઈ જશે, જે મુસાફરો અને માલસામાન બંને માટે સરળ અને સુરક્ષિત મુસાફરી પ્રદાન કરશે.

**આંદામાન**
**પહેલા પાનાનું ચાલુ**

ક્ષેત્ર (NCR)માં ૨૯ જુલાઈથી ૧ ઓગસ્ટ દરમિયાન મોટા પાયે આપત્તિ વ્યવસ્થાપન તૈયારી કવાયત યોજવાનું નક્કી કર્યું છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, ભૂકંપ અને ઔદ્યોગિક રાસાયણિક જોખમો જેવી મોટી આપત્તિઓ માટે સંકલન અને પ્રતિભાવ પદ્ધતિઓને મજબૂત બનાવવા માટે આ કવાયત હાથ ધરવામાં આવશે. આ કવાયત પૂર્વે જ આંદામાન-નિકોબાર ટાપુઓમાં ૬.૨ની તીવ્રતાનો જોરદાર ભૂકંપ આવતા આપત્તિ વ્યવસ્થાપન તંત્ર કામે લાગી ગયું છે.

**શ્રી કુરુક્ષેત્ર**
**પેજ-૨ પાનાનું ચાલુ**

મહેશભાઈ જગજીવનભાઈ પટેલે રજુ કરી જેને સુખદેવભાઈ મગનભાઈ પટેલે ટેકો આપ્યો હતો,ટ્રસ્ટના સને ૨૦૨૫-૨૬ના હિસાબ તપાસનાર ઓડીટરની નિમણુંકની દરખાસ્ત પ્રકાશભાઈ મણીલાલ પટેલ એ રજુ કરી હતી જેને નરેન્દ્ર વનમાળીભાઈ પટેલે ટેકો આપ્યો હતો સભામાં એજન્ડાનાં કામો સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યા હતા.

**મનપાની કાયદા**
**પેજ-૨ પાનાનું ચાલુ**

અધિકારીઓ પાસે કોઈ જવાબ હતો નહિ . વરાછા ઝોન - એ માં આવેલ સરદાર પટેલ સ્પોર્ટસ કૉમ્પ્લેક્સનો ઈજારદાર સુરત મહાનગરપાલિકાને રૂપિયા એક કરોડ કરતા વધારે નો ચુનો લગાવીને ભાગી ગયો હોય તેના વિરુદ્ધ પણ હજુ સુધી કેમ કોઈ કાર્યવાહી થઈ નથી તે બાબતે પણ રજુઆત કરવામાં આવી હતી. આમ આ મિટિંગમાં માત્ર વિપક્ષ આમ આદમી પાર્ટીના એકમાત્ર જાગૃત કોર્પોરેટર વિપુલ સુહાગીયાએ પ્રશ્નોનો મારો ચલાવ્યો હતો, બાકી બધા કોર્પોરેટરો ફક્ત હાજરી પુરાવવા આવ્યા હોય એમા ચા નાસ્તો કરીને મિટિંગ પુર્ણ કરી દીધી હતી.

**અંકલેશ્વર ખાતે**
**પેજ-૨ પાનાનું ચાલુ**

પૂર્ણ થઈ ગયો છે. અને કાર્ગો એરક્રાફ્ટ ટૂંક સમયમાં કાર્યરત થવાની અપેક્ષા છે. એકવાર છ્ઝ ટાવર તૈયાર થઈ જાય, પછી બોઈંગ કાર્ગો એરક્રાફ્ટ સાથે લેન્ડિંગ અને ટેક-ઓફ પરીક્ષણો કરવાની યોજના છે. આસપાસમાં ઊંચી ઈમારતોનો અભાવ સુરક્ષિત અને સરળ વિમાનોની અવરજવર સુનિશ્ચિત કરશે.

સરકારે વર્ષ ૧૯૯૩-૯૪માં ભરૂચ જિલ્લામાં હવાઈ પટ્ટી બનાવવાની યોજના જાહેર કર્યાના દાયકાઓ પછી, અનેક રજૂઆતોના અંતે ૨૦૨૨ માં વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા આ પ્રોજેક્ટનો શિલાન્યાસ કર્યા પછી આખરે પ્રથમ તબક્કો સાકાર થયો છે. સ્થાનિક પ્રતિનિધિઓએ પણ વિનંતી કરી છે કે, હવાઈ પટ્ટી ફક્ત કાર્ગો ફ્લાઈટ્સ જ નહીં પરંતુ મુસાફરોની સેવાઓને પણ સુવિધા આપવા વિકસાવવામાં આવે.

**ઓલપાડ કોલેજમાં**
**પેજ-૨ પાનાનું ચાલુ**

ભ્રમણાઓ અને સર્પદંશથી બચવાના પ્રાથમિક ઉપાયો જણાવ્યા હતા.આગ લાગવાથી ઊભી થતી પરિસ્થિતિ સમય લોકોને કેવી રીતે બચાવી શકાય તે માટે ફાયર અંગેનું નિદર્શન બતાવ્યું હતું. કોલેજના સ્નાતક અને અનુસ્નાતક ૩૦૦જેટલા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.NCC કેડેટ્સ અને NSS ના સ્વયંસેવકો ઉપસ્થિત રહી કાર્યક્રમને ઉપયોગી વ્યવસ્થામાં જોડાયા હતા.કાર્યક્રમનું આયોજન અને સંચાલન ઉપાચાર્ય રોહિતભાઈ ઢીમર, NSS પ્રોગ્રામ ઓફિસર ડો.રમેશભાઈ માછી, ડો.દિવ્યાની પટેલ, ડો.રચના.પટેલ,ડો.રીટાબેન પટેલ,ડો.પ્રવિણકુમાર.વી.ચૌધરી, ડો.અમિત પટેલ તેમજ પ્રોફેસર જયેન્દ્રભાઈ રાણા,સેવક વિપુલ તેમજ હર્ષ,સફાઈ કામદાર નવીનભાઈ વગેરે જહેમત ઉઠાવી હતી.આ પ્રસંગે કોલેજ પરિવારના તમામ સભ્યો તેમજ વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

**એપરલ બિઝનેસ**
**પેજ-૨ પાનાનું ચાલુ**

જણાવ્યું હતું કે, ઉદ્યોગ સાહસિકોએ જો ટેક્ષ્ટાઈલ ઉદ્યોગમાં પ્રગતિ કરવી હશે તો ટેક્ષ્ટાઈલ ઈન્ડસ્ટ્રીની સમગ્ર વેલ્યુ ચેઈનને સમજવી પડશે અને તેનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરવો પડશે. ચેમ્બર સુરતમાં કોમન ફેસિલિટી સેન્ટર શરૂ કરવાની દિશામાં પ્રયાસ કરી રહયું છે. આને ઈનોવેશન સેન્ટર પણ કહી શકાય છે, જેમાં સ્ટુડીયો હશે અને સેમ્પલીંગ કરવા માટેના સાધનો હશે. તેમણે કહયું કે, તિરૂપુરે ટેક્ષ્ટાઈલમાં એક્ષ્પોર્ટ વધાર્યુ છે તેની પાછળનું કારણ છે કે તેઓએ રિસર્ચ કર્યું અને એક્ષ્પોર્ટ માર્કેટને સમજ્યું છે. તિરૂપુરે કલસ્ટર બનાવ્યું છે, પાંચ – સાત ઉદ્યોગકારોએ ભેગા થઈને ઉત્પાદન કર્યું અને ઓર્ડર પ્રમાણે એક્ષ્પોર્ટ કરે છે, આથી સુરતના ઉદ્યોગકારોએ પણ તિરૂપુરની મુલાકાત લેવી જોઈએ તેવી સલાહ તેમણે આપી હતી.

ગારમેન્ટ બિઝનેસ પ્રોફેશનલ શ્રી વિશાલ ત્રિવેદીએ જણાવ્યું હતું કે, ઉદ્યોગ સાહસિકોએ રિસર્ચ કર્યા બાદ જ ગારમેન્ટના ઉદ્યોગમાં આવવું જોઈએ. એપેરલ બિઝનેસમાં કેપેસિટી વધારવી પડશે. જે ઉદ્યોગ સાહસિકો એક્ષ્પોર્ટ કરતા હોય તેઓએ સમયસર ડિલીવરી કરવી પડશે અને સમય પહેલા પણ ડિલીવરીની તૈયારી રાખવી પડશે. ગેપને ઓળખી બજારને લીડ કરે એવી પ્રોડકટ આપવી પડશે. એના માટે સ્પેશ્યલાઈઝ પ્રોડકટ હોવી જોઈએ. વિશ્વમાં ગારમેન્ટ બિઝનેસ માટે ઘણી તકો ઉપલબ્ધ છે. એના માટે ઉદ્યોગ સાહસિકોને ગારમેન્ટ બિઝનેસ માટે ડિસ્ટ્રીબ્યુશન, હોલસેલ, એજન્સી નેટવર્ક અને ડાયરેકટ સેલીંગનું નોલેજ હોવું જોઈએ.

**વરિયાવ**
**પેજ-૨ પાનાનું ચાલુ**

તેમ હોય, જે જાણમાં લેવા જોગ છે. સદર કામગીરી પૂર્ણ થયેથી આ વિસ્તારમાં તા.૦૯/૦૮/૨૦૨૫ થી રેગ્યુલર સપ્લાય મળી શકે તેમ છે. જાહેર જનતાએ તેની નોંધ લેવા તથા ઉપરના અસરકર્તા દિવસો પહેલા પુરતા જથ્થામાં જરૂરીયાત મુજબના પાણીના જથ્થાનો સંગ્રહ કરી લેવા તેમજ કરકસર પૂર્વક વપરાશ કરવા વિનંતી છે.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

મંગળવાર, તા.૨૯ જુલાઈ ૨૦૨૫ | E-mail : pratap_darpan@yahoo.co.in | મોબાઈલ : ૯૮૨૫૫ ૩૨૫૦૫

## 'સુપર સ્વચ્છ શહેર'નું બિરૂદ મેળવનાર સુરત મનપાના જાહેર શૌચાલયો ગંદકીથી ખદબદે છે



### સ્થાનિક ઝોન કચેરી જે તે સંસ્થા સાથે કોન્ટ્રાક્ટ કર્યા બાદ જાહેર શૌચાલયોને સ્વચ્છ રખાવવામાં નિષ્ફળ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૯**

સુરત સ્વચ્છ શહેરનું બિરૂદ મેળવનારા સુરત મહાનગરપાલિકાના પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોકો ગંદકીથી ખદબદી રહ્યાં છે. પે એન્ડ યુઝનો જે તે સંસ્થા સાથે કોન્ટ્રાક્ટ કરતી ઝોન કચેરીઓ આ પે એન્ડ યુઝનો એગ્રીમેન્ટ કર્યા બાદ આ જાહેર શૌચાલયોને સ્વચ્છ રખાવવામાં સ્થાનિક ઝોન કચેરી ભૂલી ગઈ છે.

સુરત મહાનગરપાલિકાએ શહેરના તમામ ઝોનમાં સ્વચ્છતા સુધારવાના વ્યાપક પ્રયાસોના ભાગરૂપે પે એન્ડ યુઝ ટોયલેટ અને બાથરૂમ યોજના મૂકી છે.આ યોજનામાં સુરત શહેરના વિવિધ વિસ્તારોમાં જાહેર શૌચાલયના બ્લોક્સનું નિર્માણ અને જાળવણી કરવામાં આવે છે. આ જાહેર શૌચાલયનું સંચાલન કરવા માટે જે તે સંસ્થાને સ્થાનિક ઝોન કચેરી દ્વારા કોન્ટ્રાક્ટ આપવામાં આવે છે. જેમાં સુરત મનપાએ નિર્ધારીત કરેલી ફી વસુલી જે તે સંસ્થાએ જાહેર શૌચાલયોનો રખરખાય કરવાનો હોય છે. પરંતુ સુરત શહેરના લગભગ તમામ જાહેર શૌચાલયો ગંદકીથી ખદબદતાં હોય છે. પ્રેરિત પોર્ટથી માંડીને ટોયલેટ બ્લોક પૂરી ગયા છે. આ સાથે મોટાભાગના જાહેર શૌચાલયનો કોન્ટ્રાક્ટ ધરાવતી સંસ્થા કે વ્યક્તિ શૌચાલયની સફાઈ સુદ્ધાં કરતા ન હોય એમની ખરાબ હાલતમાં જાહેર શૌચાલયોની છે. સુરત મનપાના આરોગ્ય વિભાગ દ્વારા સમાંતરે આવા જાહેર શૌચાલયો સ્વચ્છતા અંગેનું ચેકિંગ કરીને સાફ સફાઈ માટે કડક સૂચનાઓ આપતાં હોય છે. પરંતુ જાહેર શૌચાલયોની સ્વચ્છતા જાળવણી જ નથી. સ્થાનિક ઝોન કચેરી માત્ર કોન્ટ્રાક્ટ કચેરીને પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોકને ભૂલી ગઈ છે. ત્યારે સ્થાનિક ઝોન કચેરી દ્વારા શહેરના તમામ જાહેર શૌચાલયોનું નિરીક્ષણ કરી જે તે કોન્ટ્રાક્ટરને સાફ સફાઈ રખાવવા માટેની પણ જવાબદારી નીભાવે એ જરૂરી છે.

## ફરાળી વાનગી વેચનાર પર તવાઈ

શ્રાવણ માસના પવિત્ર તહેવારમાં શહેરમાં વેચાતી ફરાળી વાનગી પાલિકાના આરોગ્ય વિભાગેદરોડા પાડી ફરાળી વાનગીના નમુના લેબ પરિક્ષણ માટે સીલ કરી રહ્યાનું જાણવા મળ્યું છે. પ્રાપ્ત માહિતી મુજબ સુરતમાં શહેર ઠેર ઠેર ફરાળી વાનગીઓનું વેચાણ થાય છે. આ વાનગીઓ આરોગ્યપ્રદ છે કે કેમ એ અંગેની તપાસ આરોગ્ય વિભાગ દ્વારા શરૂ કરવામાં આવી છે.

## ભીમપોરના ગુમ આધેડની લાશ મળી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૯**

ભીમપોર ખાતે આવેલ સબરીધામ સોસાયટીમાં રહેતા ૬૦ વર્ષીય ધનસુખભાઈ કાનજીભાઈ પટેલ પુત્ર સાથે રહીને નિવૃત જીવન જીવી રહ્યા હતા. તેઓ ઘણા સમયથી કોઈક ડિપ્રેશન માં રહેતા હતા. દરમિયાન ૨૫ જુલાઈ ના રોજ ધનસુખભાઈ કોઈને કહ્યા વગર ઘરેથી નીકળી ગયા હતા. અને રાત સુધી તેઓ પરત ઘરે નહી આવતા પરિવારજનોએ શોધખોળ હાથ ધરી હતી. ત્યારે સોમવારે બપોરે અંબિકાનીતેક્ત મંદિર પાર્લે પોઈન્ટ પાછળ આવેલ તાપી નદીમાંથી મૃતદેહ મળી આવ્યો હતો. આ અંગે વધુ તપાસ ઉમરા પોલીસ કરી રહી છે.

## સુરત શહેર અને જિલ્લામા શ્રાવણિયા ઝાપટાં યથાવત

### ઝરમર-ઝરમર વરસાદથી આહ્લાદક વાતાવરણ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૯**

રાજસ્થાનમાં સાયક્લોનિક સર્ક્યુલેશન અને મધ્યપ્રદેશમાં ઉદભવેલા લો પ્રેશરને કારણે ગુજરાતમાં પણ વરસાદ વરસી રહ્યો છે ત્યારે વિતેલા ત્રણ દિવસથી વાતાવરણમાં પલ્ટા સાથે સુરત શહેરમાં વહેલી સવારે અને મોડી રાત્રે વરસાદે વરસવાનું શરૂ રાખ્યું છે. દરમિયાન આજે વહેલી સવારે ૬ વાગ્યા દરમિયાન સમગ્ર શહેરમાં જોરદાર વરસાદી ઝાંપટા પડ્યા હતા.

સુરત મનપા ફ્લડ કંટ્રોલ પાસેથી મળતી વિગત પ્રમાણે ગઈકાલ રાત્રિથી આજે વહેલી સવાર સુધી વરસાદે વિરામ લીધો હતો. વાદળોની જમાવટ વચ્ચે આજે સવારે ૬ વાગ્યે વરસાદે વરસવાનું શરૂ કર્યું હતું. જેમાં સેન્ટ્રલ ઝોનમાં ૧૩ મીમી, રાંદેરમાં ૧૩ મીમી, કતારગામ ઝોનમાં ૧૩ મીમી, વરાછા એ ઝોનમા૧૦ મીમી, વરાછા બી ઝોનમાં ૧૫ મીમી, લિંબાયત ઝોનમાં ૮ મીમી, ઉધના ઝોનમાં ૧ મીમી વરસાદ પડ્યો હતો. જિલ્લામાં પણ સર્વત્ર મેઘમહેર જોવા મળી છે ત્યારે ઓલપાડ તાલુકામાં ગઈકાલે સવારે ૬ વાગ્યાથી આજે સવારે ૬ વાગ્યા સુધીમાં પુરા થતાં ૨૪ કલાકમાં ઓલપાડ તાલુકામાં છુટો છવાયો વરસાદ પડ્યો હતો. જ્યારે આજે સવારે ૬ થી ૧૦ વાગ્યા દરમિયાન માંગરોળમાં ૧૦, માંડવીમાં ૬ મીમી, જ્યારે કામરેજમાં ૬, ચોર્યાસીમાં ૮ , પલસાણામાં ૨ અને બારડોલીમાં ૩ મીમી વરસાદ પડ્યો હતો. મહુવા, ઉમરપાડા અને ચોર્યાસીમાં ઉઘાડ નિકળ્યો હતો.

ઉકાઈ ડેમના ઉપરવાસમાં પણ વરસાદ વરસવાનું શરૂ થયું છે ત્યારે આજે સવારે ૧૦ કલાકે ઉકાઈ ડેમની સપાટી ૩૨૮.૦૮ ફુટ નોંધાઈ છે. ડેમમાં ૫૩ હજાર ક્યુસેક પાણી આવી રહ્યું છે જેની સામે ૮૦૦ ક્યુસેકનો આઉટ ફ્લો રાખવામાં આવ્યો છે. ઉપરથી આવતા પાણીને કારણે સુરતમાંથી પસાર થતી તાપી નદીનું સિંગણપોર કોઝવે ખાતે આજે સવારે ૧૦ વાગ્યે જળ સ્તર ૬.૭૧ મીટર નોંધાયું છે. કોઝવે ઓવર ફ્લો થઇ રહ્યો હોય કોઝવે પરથી ૪૭ હજાર ક્યુસેક પાણી અરબી સમુદ્રમાં વહી રહ્યું છે.

### સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી

શહેરમાં વહેલી સવારે ૬ વાગ્યાથી ૮ વાગ્યા સુધી વરસાદી ઝાંપટા બાદ ૧૨ વાગ્યા સુધી વરસાદે વિરામ લીધા બાદ ફરીથી વરસાદ વરસવાનું શરૂ થયું હતું. હવામાન વિભાગ દ્વારા આગામી સપ્તાહમાં હળવાથી મધ્યમ વરસાદની સુરત, ભરૂચ, નવસારી અને વલસાડ ઉપરાંત આહવા ડાંગમાં આગામી ૨૪ કલાકમાં ભારે વરસાદની આગાહી છે ત્યારે સુરત શહેરમાં વહેલી સવારે વરસાદ વરસ્યા બાદ બે કલાક વિરામ લીધો હતો અને ફરીથી બપોર બાદ છુટો છવાયા વરસાદી ઝાંપટા પડ્યા હતા.



સુરત શહેરમાં દુકાનો અને સ્ટોલો સહિત ફૂટપાથ પર વેચાતી ફરાળી વાનગીવાળાને ત્યાં સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા દરોડા પાડી તપાસ કરવામાં આવી રહી છે. (તસવીરઃહનીફ મલેક)

## જમવા બાબતે ઝઘડો થતા પતિએ આપઘાત કરી લીધો

### સાયણ નટરાજ રેસીડેન્સીની ઘટના

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૯**

ઓલપાડ તાલુકામાં આવતા સાયણ ગામમાં રહેતા ૪૭ વર્ષિય આધેડે પત્નીએ જમવા બાબતે ઝઘડો કરતા માઠુ લાગી આવતા એસીડ ગટગટાવી મોત વ્હાલું કરી લીધું હતું.

ઓલપાડ પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર મુળ ઉત્તર પ્રદેશના ગોરખપુર જિલ્લાના વતની અને હાલ સાયણ ગામ નટરાજ રેસીડેન્સીમાં રહેતા રાજેશ બુધ્ધુ ગુપ્તા ઉ.વ.૪૭નો ગઇ તા.૧૫ જુલાઇના રોજ તેની પત્ની સાથે જમવા બાબતે ઝઘડો થયો હતો. જેથી માઠુ લાગી આવતા રાજેશ ગુપ્તાએ એસીડ ગટગટાવી લીધું હતું. તેને પ્રથમ સારવાર માટે સાયણની જનરલ હોસ્પિટલમાં અને ત્યારબાદ નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો જ્યાં ગઇકાલે મોડી સાંજે તેનું સારવાર દરમિયાન મોત થયું હતું. આપઘાતના આ બનાવ અંગે ઓલપાડ પોલીસે નોંધ લઇ જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.

## સગરામપુરા શ્રીનાથજી ફ્લેટનો વિવાદ, 30 લાખ લઈ દસ્તાવેજ બનાવી દીધો નહીં

### બેંકે ફ્લેટને સીલ માર્યુ, ઠગાઈનો ભોગ બનનાર હેતલબેને ફરિયાદ કરી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૯**

સગરામપુરાની દેસાઇ શેરીમાં સને ૨૦૨૦માં બાંધવામાં આવેલી શ્રીનાથજી પેલેસના બીજા માળનો એક ફ્લેટનો રૂ.૩૦ લાખમાં સોદો નક્કી થયા બાદ રૂપીયા મેળવી લઇ ફ્લેટનો દસ્તાવેજ નહીં આપી ફ્લેટ ઉપર લોન લઇ તેનું પેમેન્ટ ચુકવવામાં આવ્યું ન હોય ફ્લેટને સીલ કરી દેવાયું હતું. બેંક દ્વારા ફ્લેટને સીલ કરી દેવાતા આ મામલે ઠગાઈનો ભોગ બનેલી મહિલાએ ત્રણ જણા સામે અઠવાલાઇન્સ પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી હતી.

અઠવાલાઇન્સ પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર સગરામપુરા હનુમાન શેરી પાસે પોપટ શેરીમાં રહેતી હેતલ નરેશકુમાર ચૌહાણ ઉ.વ.૩૯એ અઠવા પોલીસ સ્ટેશનમાં કિરણકુમાર હસમુખલાલ મારવાલા ઉ.વ.૫૩ તથા ધર્મેશ દિનેશચંદ્ર જરીવાલા અને પીંકેશ દિનેશચંદ્ર જરીવાલા (રહે. સિદ્ધી શેરી, સલાબતપુરા) સામે ઠગાઇની ફરીયાદ નોંધાવી છે.

ફરીયાદમાં જણાવ્યા અનુસાર સને ૨૦૨૦માં ઉપરોક્ત ત્રણેય આરોપીઓએ સગરામપુરા દેસાઇ શેરીમાં શ્રીનાથજી પેલેસના નામે બિલ્ડીંગ બાંધવાનું શરૂ કર્યું હતું. જેમાં બીજા માળે ફ્લેટ નં.૨૦૨ના સોદા પેટે હેતલબેન ચૌહાણ પાસેથી રૂ.૩૦ લાખ મેળવી લીધા હતા. જોકે માત્ર સાટા ખત બનાવી આપી મિલ્કતનો કબ્જો આપ્યો ન હતો તેમજ વેચાણ દસ્તાવેજ રજીસ્ટર નહીં કરી જરીવાલા બંધુઓએ વધુ ૫ લાખ હેતલ ચૌહાણ પાસેથી મેળવી લીધા હતા. આ ઉપરાંત કિરણકુમાર મારવાલાએ ચોલામંડલ ઈન્વેસ્ટમેન્ટ ફાયનાન્સ કંપનીમાંથી ફ્લેટ ઉપર લોન લઇ લીધી હતી. જેમાં હપ્તા નહીં ભરતા ફ્લેટને બેંકે સીલ કરી દીધું હતું.

## કતારગામ શક્તિ જ્વેલર્સએ લાખો રૂપિયાનું ફુલેકુ ફેરવ્યું

### જૂના દાગીનામાંથી નવા દાગીના બનાવવાના નામે રૂા.૪૪.૩૫ લાખ પડાવી લીધા

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૯**

કતારગામ ખાતે શક્તિ જ્વેલર્સના નામે દુકાન ચલાવતા સાળા-બનેવીએ જુના સોનાના દાગીના ઉપરથી નવા સોનાના દાગીના મજુરી લીધા વગર બનાવવાની લાલચ આપી બિલ્ડર સહિત અનેક લોકો સાથે રૂ.૪૪.૩૫ લાખની ઠગાઈ આચરી હતી.

કતારગામ, રાશી સર્કલ પાસે શ્રીજી પાર્ક સોસા.માં રહેતા સંજય જીવરાજ કાકડીયા બાંધકામના વ્યવસાય સાથે સંકળાયેલા છે. પાલ મધુવન સર્કલ ગ્રીન આર્કેટમાં રહેતા અમિત દિલિપ સોની અને તેના સાળા તુષાર દિપક રાણિગાં (રહે-સી/૨૦૪, ગ્રીન આર્કેટ) વિરૂદ્ધ કતારગામ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યું હતુ કે અમિત અને તુષાર કતારગામ ખાતે શક્તિ જ્વેલર્સના નામે ભાગીદારીમાં ધંધો કરતા હતા. સંજય કાકડીયા સાળા-બનેવીની દુકાને આવ્યા હતા. જ્યાં સાળા બનેવીએ જુના સોનાના દાગીના ઉપરથી નવા સોનાના દાગીના મજુરી લીધા વગર બનાવવાની લાલચ આપી હતી. જેથી સંજય કાકડીયા સહિતના લોકોએ સાળા બનેવીને જુનુ સોનું અને સોનાના દાગીના બનાવવા માટે રૂ.૪૪.૩૫લાખ ચુકવ્યા હતા. જોકે ચીટર સાળા બનેવીએ અગાઉથી રૂપિયા લીધા છતાં દાગીના બનાવી ન આપી જુનુ સોનું તથા રોકડા રૂપિયા મળી કુલ કિ.રૂ.૪૪,૩૫,૯૩૦ પરત નહી કરી છેતરપીંડી કરી હતી.આ અંગે કતારગામ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી હતી.



આજે નાગ પંચમી : શ્રાવણ મહિનાની પાંચમી તિથિએ નાગ દેવતા અને ભગવાન શિવની પૂજા કરતા મહિલા ભક્તો તસ્વીરમાં નજરે પડે છે. (તસવીર : હનીફ મલેક)

## બારડોલી આશિયાના નગરમાં અગાશી પર કતલખાનુ બનાવ્યું

### બેગમાં પેક ગૌમાંસનો જથ્થો જપ્ત કરતી પોલીસ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૯**

બારડોલી ટાઉન પોલીસે બારડોલી આશિયાના નગરના એક મકાનના ટેરેસ ઉફર જ ગૌ વંશની કતલ કરી માંસને થેલીઓમાં પેક કરી ગેરકાયદેસર રીતે વેચાણ કરવામાં આવતું હોય રેડ કરીને એક મહિલા સહિત ત્રણ જણા સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

બારડોલી પોલીસ સ્ટેશનના એએસઆઇ મહેન્દ્ર શનાભાઈ સહિતના પોલીસ સ્ટાફે બારડોલી ટાઉન આશિયાના નગરના એક રહેણાંક મકાનમાં ટેરેસ ઉપરથી ગોવંશની કતલ કરી તેનું વેચાણ કરનાર ઈમરાન હુસેન સૈયદ, રહીમ કરીમ શેખ અને નિલોફર ઈમરાન હુસેન સૈયદ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

આરોપીઓ રહેણાંક મકાનના ટેરેસ ઉપર ગેરકાયદેસર ગૌમાંસ લાવી તેનું કટીંગ કરી તેને બેગમાં પેક કરી વેચતા હતા. પોલીસે રોકડા રૂપીયા સહિત કુલ રૂ.૧.૭૧ લાખની મત્તા કબ્જે કરી હતી.

## નવા કમેલા પાસે થયેલી હત્યાના ચાર આરોપીનો છૂટકારો થયો

### ફરિયાદ પક્ષ પર્યાપ્ત પુરાવા રજૂ કરવામાં નિષ્ફળ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૯**

વર્ષ ૨૦૧૯માં પુણા નવા કમેલા નજીક નાણાની લેતી-દેતીમાં થયેલી હત્યા પ્રકરણમાં ફરિયાદ પક્ષ ગુના સાથે સાંકળી શકાય તેટલો પર્યાપ્ત પુરાવો રેકર્ડ ઉપર રજૂ કરવામાં નિષ્ફળ જતાં ૪ આરોપીને કોર્ટે શંકાનો લાભ આપી છોડી મુક્યા હતા.

આ કેસની વિગત એવી છે કે, પુણા સ્થિત નવા કમેલા સંજયનગર ઝુંપડપટ્ટીમાં રહેતા ફારૂક નાસીર સૈયદનો આરોપીઓ ઈકબાલ ઉર્ફે પાપડી ઉર્ફે યાસીન, ઈરફાન ઉર્ફે એલ.ડી. અને સદ્દામ અલી સાથે પૈસાની લેતી-દેતીમાં ઝગડો ચાલતો હતો. ગત.તા.૯-૭-૨૦૧૯ના રોજ રાત્રિએ આરોપીઓ અને ફારૂક આનંદનગર ઝુપડપટ્ટી સંતોષ ગુપ્તાના મકાન પાસે હતા. ત્યારે આરોપીઓ અને ફારૂક વચ્ચે નાણાની લેતી-દેતી બાબતે ફરીથી ઝગડો થયો હતો.જેમાં સદ્દામે અને ઈરફાને લાકડાના ફટકાથી ફારૂક ઉપર હુમલો કરતા જીવ બચાવી ફારૂક રેલવે લાઈન તરફ દોડ્યો હતો, ત્રણેય આરોપીઓ પણ તેની પાછળ દોડ્યા હતા. જ્યારે ઈકબાલે તેની પાસેના છરાથી ફારૂક ઉપર હુમલો કરી દીધો હતો. ત્યારબાદ ફારૂકની હત્યા કરી તેની લાશને રેલવે લાઈન ઉપર નાખી દીધી હતી. લાશ રેલવે લાઈન ઉપર નાંખવા સુનીલ નામના આરોપીએ પણ મદદ કરી હતી. આ અંગે પુણા પોલીસે હત્યા સહિતનો ગુનો નોંધી આરોપીઓની ધરપકડ કરી હતી. આ કેસની ઈન્સાફી કાર્યવાહી સુરત કોર્ટમાં ચાલી હતી. બચાવ પક્ષ તરફે સિનિયર વકીલ કિરીટ પાનવાલા, વકીલ ઝફર બેલાવાલા, વકીલ રોહન કે.પાનવાલા અને વકીલ સમીરા મલેકે હાજર રહી દલીલો કરી હતી. બચાવ પક્ષની દલીલો રહી હતી કે, આ ગુનામા તમામ પંચો હોસ્ટાઈલ છે અને તપાસ કરનાર અધિકારીનો પંચનામાની હકીકતો સંબંધેનો પુરાવો નથી, તે સંજોગોમાં પંચનામાઓનો પુરાવો ફરિયાદ પક્ષના કેસને મદદરૂપ નથી તેમજ આરોપીઓને માત્ર સાયન્ટીફીક પુરાવાના આધારે ગુના સાથે સાંકળી તક્ષીરવાન ઠરાવી શકાય તેટલો પર્યાપ્ત પુરાવો રેકર્ડ પર આવેલ નથી. આરોપીઓની ઓળખ સંબંધે વિસંગતતા રેકર્ડ પર આવેલ છે. કોર્ટે બચાવ પક્ષની દલીલો ગ્રાહ્ય રાખી હતી.

## પાંડેસરામાં મનપાની દબાણ ટીમ પર દબાણ કરનારાનો હુમલો

### રોડ દબાણ કરનારાનો સરસામાન સાથેની લારી-કેબિનો ઉઠાવવા જતા દબાણકર્તાઓ અને દબાણ વિભાગની ટીમ વચ્ચે ઘર્ષણ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૯**

પાંડેસરા ડી-માર્ટની સામે દબાણ દૂર કરવા ગયેલી પાલિકાની ટીમ અને લારીવાળાઓ વચ્ચે ઘર્ષણ સર્જાયુ હોવાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો.

પાંડેસરા વિસ્તારમાં આજે સુરત મહાનગર પાલિકાની દબાણ ખાતાની ટીમ દબાણો દૂર કરવા ગઈ હતી. ત્યારે પાલિકાના કર્મચારીઓ લારીઓ કબજે કરવાની કામગીરી કરી રહ્યા હતા. ત્યારે લારીના માલિકોએ લારીઓ લઈ જવા દેવા અટકાવતાં કર્મચારીઓ અને લારીના માલિકો વચ્ચે ભારે ઘર્ષણ સર્જાયું હતું. જ્યારે લારી ચલાવતી એક મહિલાએ લારી નહી લઈ જવા માટે આજીજી કરી હતી.

દરમિયાન પાલિકાના કર્મચારીઓ અને લારીવાળાઓ વચ્ચે મામલો ગરમાયો હતો. જેને પગલે મોટી સંખ્યામાં સ્થાનિકો પણ ભેગા થઈ ગયા હતા. સ્થાનિક પોલીસને જાણ કરાતા પોલીસ પણ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. પોલીસે વચ્ચે પડી મામલો શાંત પાડ્યો હતો. આ ઘટનાનો કોઈક વ્યક્તિએ પોતાના મોબાઈલમાં વીડિયો ઉતારી વાયરલ કરી દીધો હતો.

નોંધનીય છે કે, અગાઉ પણ જ્યારે સુરત મહાનગરપાલિકાના દબાણ ખાતાની ટીમ અવરોધરૂપ દબાણો દૂર કરવા જાય છે ત્યારે અવાર નવાર પાલિકાના કર્મચારીઓ અને લારી-ગલ્લા વાળાઓ વચ્ચે ઘર્ષણના બનાવો બનતા હોય છે. તદઉપરાંત ઢોર ડબ્બા વિભાગ પણ આવા બનાવોનો ભોગ બને છે. આવી ઘટનાઓમાં સ્થાનિક કોર્પોરેટરો વિવાદમાં આવે એ માટે દૂર રહેતા હોય છે.